॥હરિઃૐ॥

# શ્રીમોટાના સથવારે

## સદ્ગત રમેશ ભટ્ટ રચિત કાવ્યસંગ્રહ

: સંકલન :

બીના હિરેન ભટ્ટ

**હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત**

- પ્રકાશક : ટ્રસ્ટીમંડળ,

  હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬

  કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,

  જહાંગીરપુરા, રાંદેર, સુરત - ૩૯૫ ૦૦૫.

  મોબાઈલ : ૯૭૨૭૭ ૩૩૪૦૦

  Email : hariommota1@gmail.com
  Website: www.hariommota.org

- **આવૃત્તિ વર્ષ પ્રત**

  પ્રથમ ૨૦૨૨ ૨૫૦

- **પૃષ્ઠ :** ૧૬૦
- **કિંમત :** રૂ. ૨૫/-
- **મુદ્રણશુદ્ધિ :** શ્રી જયંતીભાઈ જાની (મો.) ૯૪૦૯૨ ૦૩૦૫૩
- **ડિઝાઈનર :** શ્રી મહેન્દ્રભાઈ મિસ્ત્રી (મો.) ૯૯૭૯૯ ૬૧૧૪૧
- **પ્રાપ્તિસ્થાન :**

  (૧) હરિઃૐ આશ્રમ, જહાંગીરપુરા, સુરત-૩૯૫ ૦૦૫

  (૨) હરિઃૐ આશ્રમ, પો.બો.નં. ૭૪, નડિયાદ-૩૮૭ ૦૦૧

- ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર**

  ૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,

  ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪. મો. : ૯૩૨૭૦ ૩૬૪૧૪


- **મુદ્રક :**

  **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**

  સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ,

  અમદાવાદ - ૩૮૦ ૦૨૨, ફોન : (૦૭૯) ૨૫૪૬ ૯૧૦૧


॥ હરિઃૐ ॥



જે કાજે ઊતર્યા નીચે, તે હેતુને ફળાવવા
પ્રભુ જગાડતો રે'જે, હૈયે તને ઉગાડવા

તા. ૬-૧૧-૧૯૬૮ -મોટા

॥ હરિઃૐ ॥



સહેજ વિખૂટો ના પડું પ્રભુ એવું દો વરદાન,
ભલે તરંગે દોડું તોપણ વાળી લેજો નાથ !

- રમેશ ભટ્ટ

### શ્રી રમેશ ભટ્ટ વિશે

## પરમ ચેતનાનો સ્પર્શ

જીવનવિકાસના માર્ગે પા પા પગલી કરનારા મિત્રોની સાથે જે પત્રવ્યવહાર થયો ને તે શ્રીપ્રભુકૃપાથી તેવું તેવું નિમિત્ત જાગતાં, તે બધું પ્રકાશન પામ્યું. આમ, તે પ્રવૃત્તિ સાકારદર્શન પામી.

મારા શરીરનાં સિત્તેર વર્ષ પૂરાં થતાં, એક સ્મૃતિગ્રંથની યોજના વિચારાઈ. આ નિમિત્ત પ્રસંગે ભાઈશ્રી રમેશ ભટ્ટની મને શ્રીપ્રભુની કૃપાપ્રસાદી મળી. એ ભેટ એ તો મારા જીવનનો એક શણગાર બની. મારા જીવનનાં હાર્દ ને ભાવના, જીવનનો હેતુ ને જે ચેતન જીવનમાં તાણાવાણાની પેઠે એકધારું જીવંત વણાયેલું ને સંકળાયેલું છે, તેની લીલાકળા, જે મારા પત્રનાં લખાણમાં છે, તે બધું ભાઈશ્રી રમેશ ભટ્ટના હૃદયમાં તે જ પરમ ચેતનાએ સ્ફોટ કર્યું. મારા પત્રસાહિત્યમાં જે સ્પષ્ટ રીતે સ્ફોટ થયેલું ન હતું, તે પત્રસાહિત્યના મર્મ, અર્થ ને એનાં યોગ્ય મૂલ્યાંકનને તેમણે એવી ભાવનાથી પ્રગટ કર્યાં છે.

કળાનું હાર્દ તેમ જ તે સાથે સાથે તેનો હેતુ - એ બન્ને સાથોસાથ કળવાં એક મુશ્કેલ કર્મ છે. તેમ છતાં ભાઈશ્રી રમેશ ભટ્ટે મારા જીવનસાહિત્યના તત્ત્વભાવાર્થને જે રીતે વ્યક્ત કર્યો છે, તે વાંચી હું તો મારા ભગવાન પર વારી વારી ગયો. શ્રીહરિકૃપાથી કોઈક તો આ જીવને યોગ્ય રીતે સમજનાર મળી શક્યું, તેથી જે કૃતાર્થતાનો ભાવ જાગ્યો, તે ભાવને પ્રાર્થનાભાવે ઉપયોગની રીતે વાપરતાં હૃદયમાં હૃદયથી એ પ્રાર્થના ઉદ્‌ગાર પ્રગટે છે કે,

'હે પ્રભો ! જેઓ તને તારી લીલાકળાને ને તારી ભાવનાને હૃદયમાં હૃદયથી સક્રિય ભાવે સમજવા માગે છે તેમના તેમનામાં તું વ્યક્ત થતો રહેજે.'

તા. ૧૭-૮-૧૯૬૮ **-મોટા**

'મળાયું પણ ભળાયું નહિ', પૃ. ૨૧૭

## શ્રી રમેશ ભટ્ટ વિશે

# ભૂમિકા જીવતી થવા કાજેની ખેતી

મારા છપાયેલા સાહિત્યના બધાં પુસ્તકો ભાઈશ્રી રમેશ ભટ્ટ વાંચી ગયા ને તે પુસ્તકોનું દોહન કરીને તેનું હાર્દ ને બધું યોગ્ય ભાવે તારવીને મારા લખેલા સાહિત્યનો મર્મ એમણે નવા સ્વરૂપે પ્રકાશિત કર્યો છે.

પ્રકાશિત કે પ્રગટ થયેલા સાહિત્યનાં હાર્દ અને મર્મ સમજવાં એટલું પૂરતું નથી હોતું, તે ઉપરાંત જ્યારે જે કોઈ એવા સાહિત્યના આત્માને - એવા સાહિત્ય જેથી જેથી પ્રગટ થાય છે તેના અનુભવના સારને - જે પામી શકે, તેવા જ માત્ર અધિકારી આવા આધ્યાત્મિક સાહિત્યની સમગ્રતાને લેખમાં ઉતારી શકે.

આ ઉપરથી શ્રીપ્રભુકૃપાથી બેધડકપણે હું કહી શકું છું કે ભાઈશ્રી રમેશ ભટ્ટ જીવનવિકાસના પંથના શ્રેયાર્થી ભૂમિકાવાળા છે, ને શ્રીપ્રભુકૃપાથી તે પાવનકારી પંથ પરત્વે પ્રયાણ કરી જ શકશે; - ભલે તે પછી आज के काल.

મારાથી હરિઃૐ આશ્રમ દ્વારા થતાં રહેતાં દાનનાં હાર્દ અને મર્મ ભાઈશ્રી રમેશ ભટ્ટે જે ભાવે ને જે રીતે તારવ્યાં છે ને જે રીતે તેમણે લેખ દ્વારા વ્યક્ત કર્યા છે, તે જ સૂચવે છે કે વસ્તુનો ઇંગિત અકાળ સૂક્ષ્મભાવ તેમણે કેવો પકડી પાડ્યો છે ! તેવી તેની હકીકતનું મૂલ્ય મારા દિલથી અનેકગણું છે.

મારા માટે તેમણે જે તપ કર્યું છે, તે તો તેમની ભૂમિકાને પકવવા ને જીવતી થવા કાજેની ખેતી છે, ને તેમ હોવાથી તેમનો આભાર કેમ માનું ?

તા. ૨૪-૮-૧૯૬૮ **-મોટા**

## પ્રાધ્યાપક શ્રી રમેશ ભટ્ટ
## (મણિનગર, અમદાવાદ)ને
## સપ્રેમ સમર્પણાંજલિ

રમાના ઈશનો કેવો ભેટો થયેલ જીવને !
સોંપાયેલાં બધાં કર્મ પ્રેમથી સૌ કરેલ છે.

સંસારમાં તિતિક્ષા શી ! વ્યવહારે શી દક્ષતા !
છતાં નિપુણતામાં ના યોગ્ય છે પરિપક્વતા !

મૂર્ખામી બહુ ઊંચામાં, ઉક્તિ શી ખોટી પાડી તે
કળા યુક્તિપ્રયુક્તિની યોગ્ય પ્રકારની શી છે !

'કળા, કુનેહ, કૌશલ્ય વર્તન વ્યવહારમાં
'દીપી ઊઠે પૂરેપૂરા' ગમે તે અમને સદા.

જીવનમાં તરી આવે એવી સરળતા ખરી,
બોલવે ચાલવે યોગ્ય કેવી ચાતુરી આગવી !

વિનોદવૃત્તિનું કેવું પ્રાબલ્ય જીવને છતાં
જ્યાં ત્યાં એનો ન દેખાડો, તમે ના કરતા રહ્યા.

જ્યાં હો દાખવવો યોગ્ય વિવેક શો ખરેખરો,
દાખવી યોગ્યતાથી, છે એવું દાક્ષિણ્ય સાબદું.

બોલી નાખવું જે તે કૈં મોઢે આવેલ જે બધું
તોછડાપણું એવું ના, ઠાવકાપણું ખાસ શું !

મને તો ખપના પૂરા, આપી આપી શું આપું હું
હૈયાના ભાવથી હું આ સમર્પણાંજલિ ધરું.

તા. ૨૪-૧-૧૯૭૪ **-મોટા**

'જીવનપગદંડી', પ્રથમ આવૃત્તિ

# શ્રી રમેશ ભટ્ટનો પરિચય

| | | |
|---|---|---|
| જન્મ તારીખ | : | ૧૩-૦૬-૧૯૩૫, અમદાવાદ |
| અવસાન તારીખ | : | ૧૫-૦૮-૨૦૦૩ |
| વ્યવસાય | : | ૧૯૫૮-૫૯ પત્રકાર<br>૧૯૫૯-૬૦ શાળામાં શિક્ષક<br>૧૯૬૧ થી ૧૯૯૧ શ્રી હ.કા. આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીનું અધ્યાપન કાર્ય.<br>૧૯૯૧ થી સ્વૈચ્છિક નિવૃત્તિ |
| લેખન પ્રકાર | : | વર્તમાનપત્રોમાં હાસ્ય, કટાક્ષ, કટાર લેખન<br>(૧૯૬૦ થી ૧૯૭૬) નવગુજરાત, ગુજરાત સમાચાર, લોકનાદ, જનસત્તા<br>મુખ્યત્વે આધ્યાત્મિક સાહિત્યનું સંપાદન, વિવરણ, સમીક્ષા, અવલોકન, સંશોધન, ચરિત્ર, હળવા અને ચિંતનાત્મક નિબંધો |

॥ હરિઃૐ ॥

# નિવેદન (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના શબ્દનો મર્મ અને ગૂઢાર્થને સમજીને તેને સુસંપાદિત કરનાર સદ્‌ગત શ્રી રમેશભાઈ ભટ્ટના નામથી સ્વજનોનો વિશાળ વર્ગ વાકેફ છે. પૂજ્ય શ્રીમોટાનું સાહિત્ય સરળ ભાષામાં જ છે, પરંતુ અનુભવી પુરુષની આધ્યાત્મિક વાતો અને લખાણોની પાછળ 'નિમિત્ત'ને અનુરૂપ ભૂમિકા રહેલી હોય છે.

શ્રી રમેશભાઈએ પૂજ્યશ્રીની વાણી અને સાહિત્યને લોકમાનસમાં ઉતાર્યું અને સરળ ભાષામાં લોકભોગ્ય બનાવ્યું. પોતે મૌનઅનુષ્ઠાન થકી અને પૂજ્યશ્રીના સાહિત્યના સતત દોહન થકી આ જીવતરમાં યોગ્ય ભૂમિકા કેળવી શક્યા. અને તેથી જ પૂજ્યશ્રીનું અપ્રગટ સાહિત્ય, વાણીની કેસેટો, સ્વજનો સાથેનો પત્રવ્યવહાર અને અન્ય જીવન ઉપયોગી ગદ્ય અને પદ્ય પ્રકાશનના ભગીરથ કાર્યમાં તેઓશ્રી નિમિત્ત બન્યા. પૂજ્યશ્રીના બન્ને આશ્રમો નડિયાદ અને સુરતે આ સાહિત્ય પ્રગટ કર્યું. આ ઉપરાંત, તેમણે પૂજ્ય શ્રીમોટાની વાણી અને સાહિત્યને સમજાવવા માટે અનેક પ્રવચનો કર્યાં. અને પૂજ્ય શ્રીમોટાએ ચીંધેલ જીવનવિકાસના માર્ગની કેડીએ લોકોને વાળ્યા. પૂજ્યશ્રીનો કૃપાપાત્ર **જીવ** હોય તે જ આ કર્મ માટે નિમિત્ત બની શકે.

પૂજ્ય શ્રીમોટા તેમ જ અન્ય સંત પુરુષો સાથેના તેમના અનુભવોનાં બે પુસ્તકો **'મળાયું પણ ભળાયું નહિ'** અને **'મળ્યા ફળ્યાની કેડીએ'**ની આવૃત્તિઓનું પ્રકાશન આશ્રમ તરફથી થયેલ છે અને ઉપલબ્ધ છે. આ ઉપરાંત, તેમના ચુનંદાં પ્રવચનોનો સંગ્રહ **'પરમનો પોકાર'** આશ્રમની પેન ડ્રાઈવમાં ઉપલબ્ધ છે. તેઓશ્રીએ **'શ્રીમોટાના સથવારે'** શીર્ષક હેઠળ, પૂજ્ય શ્રીમોટાને સંબોધીને પ્રાર્થના-ભજનો સ્વરૂપે પદ્ય રચનાઓ કરેલ. આ પદ્ય રચનાઓનું પ્રકાશન આશ્રમ તરફથી કરવા અંગે તેમના પરિવાર

તરફથી દરખાસ્ત થયેલ. શ્રી રમેશભાઈએ પૂજ્ય શ્રીમોટાના સાહિત્યના પ્રકાશનમાં જે ફાળો આપ્યો છે, તેનું મૂલ્ય ઘણું ઘણું છે, તેને અવગણી શકાય એમ નથી. તેથી, માત્ર અપવાદરૂપે શ્રી રમેશભાઈના ભક્તિપદો આશ્રમ તરફથી પ્રકાશન કરી રહ્યા છીએ. આશા છે કે જિજ્ઞાસુ અને ભક્તિ રસિક જીવોને જીવનવિકાસના આધ્યાત્મિક માર્ગે આ પ્રકાશન સૌને ઉપયોગી થશે.

આ પુસ્તકની કામગીરી દરમિયાન શ્રી રમેશભાઈ ભટ્ટના શુભેચ્છક શ્રી અખિલેશભાઈ હજરનીશ તરફથી ઉપયોગી સહાય પરિવારને પ્રાપ્ત થઈ હતી, તે ઉલ્લેખનીય છે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કરી આપ્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલય (પ્રા.) લિ. અમદાવાદના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી હંમેશની માફક આ પુસ્તકનું પણ વિનામૂલ્યે મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ.

શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

તા. ૧૫-૦૮-૨૦૨૨
ભારતની આઝાદીનું અમૃત પર્વ
શ્રી રમેશભાઈ ભટ્ટની ૧૯મી પુણ્યતિથિ

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત

# અનુક્રમણિકા

નોંધ : રમેશભાઈએ જે ક્રમાંકમાં કવિતાઓ લખી છે તે જ ક્રમાંકમાં પુસ્તકની અનુક્રમણિકા બનાવવામાં આવી છે.


૧. તું રાખે તેમ રહીએ .... ૧૩
૨. પ્રભુ જ તેં દઈ બાથ લીધો .... ૧૪
૩. ચિતારો ............... ૧૬
૪. મોટા તારી ગાથા ગાવી રે . ૧૭
૫. સમર્પણ .............. ૧૮
૬. જાગૃતિની સમતા ...... ૧૯
૭. હરિ તું ૐકારે, ઘટ ઘટ વસો ................. ૨૦
૮. મૌનમાં પ્રગટતી નવલી જ વાણી .............. ૨૧
૯. જીવન પ્રભુ પ્રેમપેઢી બનાવો ............... ૨૨
૧૦. મૌનમંદિરમાં પ્રભુરૂપ .. ૨૪
૧૧. પ્રભુના સેનાની ........ ૨૫
૧૨. મૌન - ગૂઢવાણી ........ ૨૬
૧૩. અવનવી વાણી ........ ૨૭
૧૪. મોટાની પરમ કરણી ... ૨૮
૧૫. ગુરુસ્તુતિ ............. ૨૯
૧૬. શમાવ્યા વિષાદો મુજ કરણના .............. ૩૧
૧૭. સમજણતણો રોફ ...... ૩૨
૧૮. મુજ હૃદયને યોગ્ય કરવા .. ૩૩
૧૯. હેતુની સભાનતા ...... ૩૪
૨૦. જીવને પ્રગટો મારા ..... ૩૫
૨૧. સ્મરણ-પ્રાર્થના ........ ૩૭
૨૨. તું જ ગુરુરૂપ પ્રભુ ...... ૩૮
૨૩. તારી રીતો કાંઈ ન સમજું .. ૩૯
૨૪. અર્પણ ............... ૪૦
૨૫. તારી કૃપા વરસતી હું અનુભવું છું............ ૪૧
૨૬. હૈયે ઊગે પ્રિય પ્રભુ, તુજ ભાવનાઓ ....... ૪૨
૨૭. અંતરમાં પ્રભુ ......... ૪૪
૨૮. મને આપવું ના મણા કૈં . ૪૫
૨૯. નામસ્મરણ ............ ૪૬
૩૦. મુજમાં તુજ નામ ...... ૪૭
૩૧. પ્રતીતિ ............... ૪૮
૩૨. યાચના................ ૪૯
૩૩. તારા પ્રતિ પ્રભુ જ હે ઉર પ્રીત જાગે ............. ૫૦
૩૪. હરિઃૐ રટણા ........ ૫૧
૩૫. હરિઃૐ નાદ ......... ૫૨
૩૬. દિવ્ય વિવેક ........... ૫૩
૩૭. હરિશરણની તમન્ના ... ૫૪
૩૮. માલિકીની ઝાંખરી .... ૫૫
૩૯. દિલની વાત ...........૫૬
૪૦. ચિનગારી ............ ૫૭
૪૧. મોટા ! મારા હૃદય રસિલા રાજ રે ................ ૬૦
૪૨. લોલુપતાનું ભાન ....... ૬૨
૪૩. શરણચરણ............. ૬૩
૪૪. સદા સંભારતો રે'જે ..... ૬૪
૪૫. સ્મરણશક્તિ ........... ૬૫
૪૬. મોટા મારા હૃદે જાગો .... ૬૭
૪૭. પ્રાર્થનાઓ ............. ૬૮
૪૮. પ્રાર્થનાઓ ............. ૬૯

૪૯.મોટા તમે 'મારા' બની રહો ................. ૭૦
૫૦.જીવનકળા ............ ૭૧
૫૧.મોટાને વાત .......... ૭૪
૫૨.તુજ ધામ ............. ૭૫
૫૩.અહંકારની અસર .......૭૬
૫૪.નિવેદન શક્તિ ........ ૭૯
૫૫.હૈયે તુજરૂપ પ્રભુ ના નિહાળ્યું .............. ૮૦
૫૬.અભ્યાસ વીસરાયો છે .. ૮૧
૫૭.મને સહાય અહર્નિશ કરજે રે, એટલું માગું .........૮૬
૫૮.લખાણની નિષ્ઠા ....... ૮૯
૫૯.મોટા મારા ........... ૯૧
૬૦.ભેખ ................. ૯૨
૬૧.સગપણની ભ્રાંતિ ...... ૯૩
૬૨.દૃષ્ટિ, વૃત્તિ ને વલણ મારાં આપનાં ચરણે હજો .....૯૬
૬૩.આપે હાથ ગ્રહ્યો હરિ ... ૯૭
૬૪.પ્રાર્થનાઓ ............ ૯૮
૬૫.મોટા, મારા હૃદય રસિલા રાજ રે - ............. ૯૯
૬૬.સર્વ સંબંધમાં પ્રભુનો ભાવ ................ ૧૦૧
૬૭.પ્રકૃતિનાં ફેલાં ........ ૧૦૩
૬૮.મોટાને ધરવા હૃદે ..... ૧૦૪
૬૯.મોટા-મહાદેવજી ...... ૧૦૬
૭૦.મોટા સાથે લગ્ન ...... ૧૦૮
૭૧.હરિ, તારી યાદ ધરાજો હૃદયે ................ ૧૧૪
૭૨.હરિવંદના ........... ૧૧૫
૭૩.મોટા, પ્રેમી મસ્તાન ... ૧૨૦
૭૪.થઈ જ વલે .......... ૧૨૫
૭૫.ગુરુવંદના ............ ૧૨૮
૭૬.હૃદય જ તારું ધામ ..... ૧૩૧
૭૭.દિલોજાન દોસ્ત ...... ૧૩૩
૭૮.'મારા' ઓથી મરાયો નાથ ................ ૧૩૪
૭૯.સમય હવે છે થોડો .... ૧૪૦
૮૦.હળવે હળવે હળવે હરજી મારે હૈયે આવ્યા રે .... ૧૪૧
૮૧.પ્રભુ ચરણમાં ઠારજો .. ૧૪૨
૮૨.ક્ષણનો સાક્ષાત્કાર .... ૧૪૩
૮૩.પ્રભુનો સાદ ......... ૧૪૪
૮૪.ગુરુજીના વહાલ ...... ૧૪૫
૮૫.સદ્ગુરુના શા ગાઉં ઉપકાર .............. ૧૪૬
૮૬.ફૂંક ................. ૧૪૭
૮૭.સ્મરણથી શાંતિ ....... ૧૪૮
૮૮.આ જાગ્યો મારો આતમરામ .......... ૧૪૯
૮૯.આ ભવ ભેટ્યા સદ્ગુરુ ... ૧૫૦
૯૦.સમર્પણ ............. ૧૫૧
૯૧.પડશે એવા દેવાશે..... ૧૫૨
૯૨.અનંતમાંથી ઊતરી 'આજ' .............. ૧૫૩
૯૩.અખંડ દીવો .......... ૧૫૪
૯૪.હરિ છૂપા છે હૈયામાંય .. ૧૫૫
૯૫.સંતકૃપા ............. ૧૫૬

હરિ:ૐ

# ૧. તું રાખે તેમ રહીએ

‘તું રાખે તેમ રહીએ’, એવું ખોટેખોટું અમે લવીએ.
પ્રભુજી ‘તું રાખે તેમ રહીએ’
અમે અમારા સ્વારથમાં ડૂબી
આમ તેમ અડવડી રહીએ.
મનના માનેલાને, અમે પ્રભુજી,
પોતીકાં - પાસે લઈ ફરીએ.
તું તો રાખી રહે અમને પ્રભુ, તોય મોઢાં ઊલટાં કરી દઈએ,
પ્રભુજી ‘તું રાખે તેમ રહીએ’
જ્યાં તો વસે વહાલા, એવા રે દિલમાં રાગના જાળા બાંધી દઈએ.
તારા ઉજાસ જો સહેજે કળાય ત્યારે
મુઝારો દિલમાં - જાણે મરીએ.
તારે તો તારી રીતે દેવો છે પ્રેમ અમને, ‘છૂપા કારજ તું કહી દે’
પ્રભુજી ‘તું રાખે તેમ રહીએ.’

❑

# ૨. પ્રભુ જ તેં દઈ બાથ લીધો

(વસંતતિલકા)

રોગે ભર્યા મન અને દિલમાં જ મારે
કૈં રાગ તો વસી રહ્યા : બસ માર્ગ ચીંધો
હું છું ગયો અડવડી પ્રભુ, ત્યાં વચાડે
એવા મને પ્રભુ જ તેં દઈ બાથ લીધો. ( ૧ )

મેં શું કીધું ખબર ના કંઈ પુણ્ય મારાં
ના મેં સ્મર્યા પ્રિય પ્રભુ, નવ ગીત તારાં
હું તો મચી બસ રહ્યો નિજ સ્વાર્થ ડૂબ્યો
એવા મને પ્રભુ જ તેં દઈ બાથ લીધો. (૨)

ના પ્રેમનો ઉમળકો લગી રે જણાય,
છું સાવ શુષ્ક પ્રભુ હું કંઈ ના કળાય
કિંતુ પ્રભુ મુજ દિલે જ મલિન ભાવો
એવા મને પ્રભુ જ તેં દઈ બાથ લીધો. (૩)

કીધા પ્રભુ, કંઈ કંઈ અપરાધ તારા,
ના હું છૂટ્યો તદપિ તેં અણસાર કીધા,
હું તો પુનઃ પુનઃ અરે જઈ પંક ખૂપ્યો
એવા મને પ્રભુ જ તેં દઈ બાથ લીધો. (૪)

માગું ક્ષમા કઈ રીતે નવ કાંઈ જાણું
આ જીવને પ્રભુ હવે કંઈ રીત નાણું ?
કોઈ રીતે નથી પ્રભુ હું સહેજ સીધો
એવા મને પ્રભુ જ તેં દઈ બાથ લીધો. ( ૫ )

કેવી રીતે પ્રભુ તને રીઝવી શકું હું ?
આ અંતરે ઘડી ઘડી થઈ તો જતું શું ?
પોકાર હું કરી રહ્યો : પ્રભુ માર્ગ ચીંધો
એવા મને પ્રભુ જ તેં દઈ બાથ લીધો. ( ૬ )

જો આ રહ્યો પ્રભુ જ હું - સહી શું શકીશ ?
શંકા ભરી ઘણી અરે, પછી શું કરીશ ?
મેં દિલ ખોલી પ્રભુ ત્યાં, વહાવી નીકા
એવા મને પ્રભુ જ તેં દઈ બાથ લીધો. ( ૭ )

મારું બધું કંઈ કહું સઘળું જ તારું
માનું અને ધરી રહું - દિલ ભાવ આપો
ભૂલો કરી કદી પ્રભુ, જરી જો હું હારું
એવા મને પ્રભુ જ તેં દઈ બાથ લીધો. (૮)

❑

હરિ:ૐ

# ૩. ચિતારો

(ઢાળ : તરણાઓથે ડુંગરનો)

તનમાં થાતું મુજને રે, મળશે મુજને એ કે શું ?

મનમાં મારા ઘણું બધું ને અમથો બોલ્યો - 'ખાલી'
એથી ભીડાણ મેં જાણ્યું - ત્યાં સીધી સોગઠી વાગી
તારી કરણી કેવી રે, બોલ્યો હું તો - આ છે શું ?

કરી કલ્પના મનથી મેં તો, બન્યો ચિતારો 'હું' થી
એક સપાટે 'મારું' 'તે' તેં તરત જ નાખ્યું ભૂંસી
કોરું કરવા કાજે રે... કેવી રીતે આવે તું.

બન તું ચિતારો હવે પ્રભુજી, હું બનું તારી પીંછી
રંગ તારો કેવો દીપે, તે ના શકું હું - પ્રીછી
કરવાં કારજ તારાં રે... દિલમાં મારે ઊગે શું ?

❑

# ૪. મોટા તારી ગાથા ગાવી રે

(ઢાળ : મુખડાની માયા લાગી...)

મોટા ! તારી ગાથા ગાવી રે
મારે ઓ વહાલા ! (૨)

અડફેટે આવી ચડ્યો,
તારે ચરણે સીધો પડ્યો
જોવી'તી એ અકળ ચાવી રે,
મારે ઓ વહાલા ! મોટા...

વહાલા ! તેં મુને નવાજ્યો,
લગીરે હું ના અવાજ્યો,
કે'વી હતી દિલની વાતો રે,
મારે ઓ વહાલા ! મોટા...

'દેહ એ ના તું' ભલે હો,
સમજાવા કરજે પહેલો,
પામવી એ ગૂઢ વાણી રે,
મારે ઓ વહાલા ! મોટા...

મારે કાજે તું આકૃતિ,
છતાં એ ના - કેવી કૃતિ !
માણવી છે આવી વૃત્તિ રે
મારે ઓ વહાલા ! મોટા...

❏

# ૫. સમર્પણ

'અણધાર્યું હ્રદે ઊગે, તે તો ભેટ પ્રભુતણી' - શ્રીમોટા
નવા વર્ષે કહ્યું વહાલા, તેં તો કેવી લીલા કરી...(૧)

'માર્ચ'ના મધ્ય ભળો હું, વસ્યો તારે ગૃહે પ્રભુ,
આરંભે તપ તેં આપ્યું, તપી ભૂમિ જ ના હજુ...(૨)

તપાવી તેં પછી કીધી, વર્ષા તો તેં કૃપાતણી,
અણધાર્યું ઉગાડ્યું કૈં, - ભેટ પ્રીછી પ્રભુતણી...(૩)

હ્રદેથી હું સમર્પું છું, આજ તો જ કંઈ ઊગ્યું,
વર્ષોથી જે મથેલો હું, તોય આવું જ ના સૂઝ્યું...(૪)

❏

# ૬. જાગૃતિની સમતા

આવ તું, જાગ તું વહાલા, હ્દે મારા હું વીનવું,
કરું જે કૈં - સ્મરી તુંને, બની રહો હવાં નવું...(૧)

જાગતું આવતું કૈં કૈં - કિંતુ ના ઊતરી શકે,
દૂર દૂર સરી જાતું, પકડ્યું ના એ રૈ' શકે...(૨)

ભલે તો એ કૃપા માનું તારી એવી કળા હશે,
પ્રાર્થના હું કરું એથી, જેથી રૂડું હ્દે વસે !...(૩)

❑

# ૭. હરિ તું ૐકારે, ઘટ ઘટ વસો

(શિખરિણી)

જગાવું શી રીતે, હરિસ્મરણની ધૂન જબરી,
કયા સંસ્કારોએ, વળી પળી જતી આ જીભલડી.
ન જાણ્યું શી રીતે, થઈ જતું પ્રભુ, નામસ્મરણ
ધીમી રીતે બંધ, શિથિલ કરી દે - સર્વકરણ...૧

કદા લાગે ધૂની, મચી રહું પ્રભુ, જોશ ધરીને
અને બૂમો પાડી, ગજવી મૂકું હું તાલ દઈને,
ઊડે ત્યાં ભૂતો સૌ, વળી પડી રહ્યાં, માંહી મનના
થઉં એથી વ્યગ્ર, દિલમહીં વળી ચિંતિત થતાં...૨

પ્રભુ મેં ચાહેલાં સહુ સ્વજનને, દિલ દઈને,
હતાં જે ના ક્યારે, તદપિ મળિયાં ભાગ્ય બળથી,
હું માનું 'મારાં છે' દિલ જરી ન માને 'અકળથી'
બનાવી દે તારાં, પ્રભુ જ સઘળાં સ્નેહ દઈને...૩

પ્રસાદી એ તારી - મન ન મનવે, કિંતુ રમણા
મચી રહે એ સૌમાં, દિલ વલણને, સાથ નમણાં,
ન હું ભાગું કોદી, પ્રભુ, હું સમજી હોય સમણાં
મને તું આપી દે, તુજ રૂપ વડે સહાય હમણાં...૪

પ્રભુ મારાથી ના કદી બની શકે, મારગ લીધો
હવે તું દોરી જા, અબુધ વળી હું, 'આમ' સરીખો !
પ્રભુ તારા નામે, બસ મચી રહો, આત્મ-સઘળું
હરિ તું ૐકારે, ઘટ ઘટ વસો, હું નવ વળું...૫

❑

# ૮. મૌનમાં પ્રગટતી નવલી જ વાણી

(વસંતતિલકા)

ખોલી દીધાં જ પ્રભુ તેં અવ દ્વાર મારાં
કેવાં કીધાં કરમ મેં નવ કંઈ જાણું,
ભાવેભર્યું હૃદય તેં પ્રભુ, આજ મારું
અર્પું તને હૃદયથી ચરણે જ તારાં...૧

ઊગ્યું ઘણું નવું પ્રભુ, મુજ ચિત્રમાં જ્યાં
જાગ્યો દિલે અવનવો પ્રભુ ભાવ ત્યારે,
તેં તો કીધું પ્રભુ બધું અતિ સ્પષ્ટ જ્યારે
મારા દિલે ઉમળકો નવલો જ જાગે...૨

આ શું થયું ! વળી થશે નવલું ઘણેરું
શ્રદ્ધા દૃઢી, બની વળી કરવા અનેરું,
આ કર્મના પણ પ્રભુ કરણી જ તારી
શું મૌનમાં પ્રગટતી નવલી જ વાણી !...૩

❏

# ૯. જીવન પ્રભુ પ્રેમપેઢી બનાવો

(મંદાક્રાંતા)

વહાલા તું તો કદી નવ જડે ક્યાંય રે કેમ શોધ્યો ?
ના બહારે તું - ભીતર ક્યંહી તું ? ના કળાયે તું
તો ક્યાં પામું, પ્રિય અવ તને, આમ તું રાખશે શું ?
હુંને શાને તુજ લગનની સાન આપી શું બોધ્યો.

ના લાગી છે હજુ પ્રભુ મને તીવ્રતા પામવાની
છે શું ત્યારે મુજ દિલ પ્રભુ, ટેવ શું જાણવાની ?
હું શું જાણું કંઈ ન સમજું તોય ડંફાસ મારી
જાણે તુંને મુજ દિલમહીં જાણી લીધો તપાસી

ના તું એ છે, વળી ખબર તેં આપી દીધી અનેરી,
એ તો મારી સમજણ જૂઠી, કલ્પનાઓ ઘણેરી
તો હું શાને 'પ્રિય' કહું તને કૈં ન જાણું જ તારી
ન્યારી રીતો પ્રગટરૂપની સંગ રાખે તમારી ?

ભાવે તું જો પ્રગટરૂપ છે તો પ્રભુ હું જ માણું
એ ભાવો તો હરિસ્મરણમાં ના કદી હું ઘટાવું,
એ જાણે કે મુજ જીવનની સાથે સૌ કામનાઓ
માણી એને કરી મૂકી વૃથા મૂર્ખ મેં ભાવનાઓ

માગું વહાલા, સુણ તું મુજની આવે આ પ્રાર્થનાને
તું જો ભાવે દિલ પ્રગટ હો - ના બને વ્યર્થ ક્યારે,
એ તો તારી પરમ મૂડી છે એહવું ભાન જાગો
કર્મધારી સકળરૂપ એ અર્ચવા કાજ વ્યાપો.

કિંતુ તું છે અતીત પ્રભુજી, ગુણને ભાવનાથી
આ તો તારાં પ્રકટરૂપનાં અંતરે, જાગવાથી,
પામું સ્હેજે દરશન પ્રભુ, હો કૃપા જો તમારી
એ સ્હેજે જો વળી ચરણમાં રહે - બને તો કમાણી.

તારું દીધું, જીવન પ્રભુ આ પ્રેમપેઢી બનાવો
રાખ્યાં મારાં મન મલિનનાં જૂઠ નાણાં ફગાવો,
કૈં હિસાબો હજી ચઢી રહ્યા, કર્મનાં કૈંક દેવાં
તારે મારે દિલ પ્રગટીને પાઈએ પાઈ દેવાં.

'મારું' ના કૈં સઘળું પ્રભુ આ તાહરું માની ચાલું
ના તેથી તો કદીક કદી મેં ભેળવ્યું છે જ તાળું,
ચાવી તેની ગઈ પડી પ્રભુ, ક્યાંયે તે ના હું જાણું
એ દુકાને પ્રિય પ્રભુ હવે નામ લાગો તમારું !

❑

હરિ:ૐ

# ૧૦. મૌનમંદિરમાં પ્રભુરૂપ

(મંદાક્રાંતા)

જેવો આવ્યો અહીં પ્રભુ તદા એમ માન્યું હતું કે -
મારા જેવો નથી ધરી રહ્યો અહીં બીજો જ કોઈ,
મૌની-ધ્યાની જપન કરતો - ના શકે ક્યાંય હોઈ
એવા ગર્વે કરી પ્રભુ જ મેં લીધસિદ્ધિ જરૂખે !

તો આ શું છે - છબી પ્રભુ અહીં, હીંચકો પાટલો ને
ગાદી, પ્યાલા, ખુરશી, વળી છે પુસ્તકો વાંચવાને,
તો ત્યાં ક્યાં છે કરત ધ્વનિ જે હોય શાંતિ પછીની
જો આ ધારા જલની કરતી કૈં ધ્વનિ છે ઘડીની !

કો'દી સાથે ગ્રહણ કરવા ઉદ્યમી કીડીઓ સૌ
થાળી પાસે વીંટી વળી અને વસ્ત્રમાં જઈ છુપાઈ,
તો રાત્રિએ ગુનગુન કરી મચ્છરો શી સગાઈ
ૐકારે શું ધુનિ મચવતા જાગતા સંયમી સૌ

આવી આવી અવનવું કંઈ ઊતર્યું અહીં મૌને,
હું ના ક્યાંયે પ્રભુરૂપ ધરી લાગતું અહીં સૌ છે.

❑

હરિઃૐ

# ૧૧. પ્રભુના સેનાની

(શિખરિણી) સોનેટ - રામનવમીના સંદર્ભે

તમે જન્મે જન્મે કર ધરી પ્રભો આ અવની પે,
અહો, કેવાં શસ્ત્રો, અવતરી પ્રભો ધન્ય કરિયાં
પ્રમાદે પોઢેલાં અમ જીવનનાં મેલ હણિયા !
હવે આવ્યા યુદ્ધે, પ્રભુ જગવવા આ 'સ્વજનને'.

તમારાં નેત્રે શી, પ્રભુ ચમકતી કૈં અવનવી
અહો કેવી જ્યોતિ ! નિત છલકતા ને ગરજતા,
દિલે વ્યાપ્યા સિંધુ અલખ જગવે - પ્રેમ કરતા
અમોને તો મુગ્ધ કરી પછી પ્રભો, શું જગવતા !

તમારા સેનાની બનવું પ્રભુ એ કર્મ અઘરું,
સદા જાગી રે'વું લડત લડતાં તોય હસવું.
તમારે તો રાજા લડત કરવી ઘોર જબરી,
'છુપેલા મોટાને પ્રગટ કરશે એ જ વિજયી.'

તમારા આ જન્મે, 'જયતુ જયતુ' ત્યાં ગરજ શું
વસ્યા છો વિસ્તારે પણ નજરથી તો હરખશું.

❑

હરિ:ૐ

# ૧૨. મૌન - ગૂઢવાણી

(વસંતતિલકા)

ના મૌન આ પ્રિય પ્રભુ, તવ ગૂઢવાણી
ના એ સુણાય તદપિ કરણી તમારી
તો શું હશે અહીં પ્રભુ નવલું અનેરું-
જેથી ચહી રહી જતા કંઈએ ન સહેલું.

ત્યાં તો મઘમઘી પ્રભુ કાંઈ રાગદ્વેષ
જાગી જતા ભીતરથી નવ હોય ક્લેશ,
એ કૈં બધાં જનમના મળિયા જ બાપુ,
પ્રેમે પ્રભુચરણમાં ગળવા જ આપું.

તો ક્યાં સુધી ઊમટતા પૂર તો દ્વિધાના
હુંકારના ગરજતા કંઈ સિંધુ મારા,
તું હાથ દે પ્રિય પ્રભુ, પછી તો પિછાનું
ક્યારે થશે શરણ એ - મુજ હોય વહાણું ?

ટાણું છતાં, પ્રભુ તમે અહીં મૌન આવી
સીધા કરો સ્વરૂપને ઠીક તો તપાસી.

❑

હરિ:ૐ

# ૧૩. અવનવી વાણી

(શાર્દૂલવિક્રીડિત)

આવે અંતરમાં પ્રભુ કંઈ મને ભાવો અનેરા બને,
મારે હોય કદી પ્રભુ વિચરવું, એ કાલ કેવી હશે ?
પાછો હું જઈ દોડતો અતીતમાં ના કંઈ લહું સાથમાં
પાછો તો પળી ને વળી ઢળી જતો તારી પ્રભુ બાથમાં.

છે આ મંદિર મૌનનું પ્રિય પ્રભુ, શી હોય ત્યાં ભાવના
કિંતુ તો મહીંથી વદે અવનવી વાણી કદી હોય ના.
એ શું ? વિસ્મય થાય છે મુજ દિલે કેવી કૃપા હોય છે
કિંતુ યત્ન વિના નહિ મળી શકે - ના સુતરી હોય તો.

તો એ યત્ન પ્રભુ તમે કરવતા - છૂપી રીતે આવતા
ને થૈ જાય બધું પછી સમજવું - શી રીતની સાધના ?
ખોયું મેં કંઈ રીતથી અવનવું તોયે પ્રભુ શોચ ના
કે ના એમ પ્રભુ કંઈ દઈ શકે, પાક્યા વિના ભોંય આ.

ગુંજે તો પ્રભુ આ ધ્વનિ શ્રુતિમહીં કેવો અનેરો બને,
ના હું કૈ વદતો છતાં - ગણ ગણે એ નામ તારું હશે ?

❑

હરિ:ૐ

# ૧૪. મોટાની પરમ કરણી

પ્રભુ, તારે દ્વારે વીતી ગઈ અહો તેર રજની
દિનો એ કેવા તો કદી નહિ બને દૂર, સ્મૃતિથી,
હવે કાલે મારે નીકળવું પ્રભુ સાથ લઈને
ભલે થૈ ત્યાં રૈ'ઓ પણ સ્મરણમાં સાથ લઈએ.

અહીં મારે કેવા કંઈ જનમનાં કામ ઊકલ્યાં
અને સૌ શોધમાં, હરિસ્મરણથી સાથ સઘળાં,
નહિ ક્યાંયે મારે, મન દિલ પરે ભાર અહીંયાં જરીના
બન્યાં જાણે ઢીલાં કરણ સઘળાં સ્હોય મહિમા !

અહો કેવું ટાણું મન હૃદયને સાફ કરવું
અહીં આ મૌને તો અવનવી રીતે થાય સરખું,
જરા કૈં ના બાકી રહી નવ જતું થાય હળવું
ખરે, એ મોટાની પરમ કરણી ચેતન બધું.

સદા સાથે રહેજો સ્મરણ સઘળું ભીતર ભરું,
કદી કો કાળે હું ફરી વળું અહીં નીડર રહું !

❑

# ૧૫. ગુરુસ્તુતિ

(મૌનદરમ્યાન)

ગુરો - પ્રભુ હે પ્રણમું તમોને,
છો વ્યાપી તોયે હૃદયે વસો હે !
વહાલા ગુરુ હે સ્તવું રીતથી શી
બુદ્ધિ જ મારી કળતી ન કાંઈ... ૧

વસ્ત્રો દિશાના સજીને ગુરુ હે !
વાયુ વિશે ગંધ પ્રસારી રે'તા.
પ્રેરો પ્રભુ, અંતરમાં પ્રવેશી,
તમો ગુરુ છો વળી બહુ જ વેશી... ૨

ગુરો, પ્રસંગે પ્રવેશીને હે !
ચેતાવતા રીત રૂડી ધરીને,
જગાડવાના કંઈ કીમિયા હે,
યોજો ગુરુ, હે પ્રણમું તમોને !... ૩

વિચાર ને વૃત્તિ વિશે જગાડી
વાળી શકો હે, ગુરુજી તમારી,
લીલા-કળા એ ન સમજી શકાય
જાગી ગયા જો દિલ ધન્ય થાય... ૪

તમે ગુરુ હે જીવનપ્રદાતા
આ જિંદગીના ઘડનાર વહાલા,
અર્પો તમે ઘાટ રૂડી રીતે હે
જે યોગ્ય હોવે ગુરુ આપ કાજે... ૫

તમે ગુરુ છો નહિ કાંઈ નામી
વંદી શકું હે ગુરુ પ્રેમ નામી,
રહો સાથ તોયે ગુરુજી તમારા
કૃપા કરો તો કરું દર્શન વહાલા !... ૬

ગુરો ! અમે રાગ વિશે ડૂબેલા
ને કામ ક્રોધે વળી દ્વેષ સાથે
ગુરો ! ઉગારો દઈ સાથ પ્રેમે
વંદું તમોને હૃદયે છૂપેલા !... ૭

❑

હરિ:ૐ

# ૧૬. શમાવ્યા વિષાદો મુજ કરણના

(શિખરિણી)

પ્રભુ મારે કેવાં વિધ વિધ રૂપે મોહ ધરતાં
વિષાદો આવીને, ક્ષુભિત કરતાં ને રગડતાં,
તદા તારી પાસે, મુજ હૃદયમાં તો થઈ જતું
સીધો દોડી આવું, મુજ જિગરને હે - શમવતું.

પ્રભુ, મારા ઊંડા, મન-વલણના રાગ સઘળાં,
સૂતેલાં તે સૌ તો, પણ ન શમતા - કેમ કરતાં,
ધરું તારી યારી, તરત જ બને - સ્વસ્થ મન તો
વળી જ્યાં છુટાતું, ચર ચર બની કહી રહ્યો.

વળી પાછું જાગે - મન મુજ પ્રભુ, કૈં શું કલપને
કરે જુદા જુદા અલપ ઝલપે હીન સમણે,
ડુબાડે પાછો ને - ઘડી ભર કરે ખિન્ન મુજને
થયું એવું વહાલા ! કરન કંઈ તું एक રટને.

થવા તારા-મારે કંઈક હજી તો છે સમજવું
થશે કેવી રીતે સહન પ્રભુ એ તો ક્યમ કહું ?
યદિ જો તું પાસે પરિચય દઈ - જો જગવશે-
તદા મારાથી કૈં - ઘટિત તુજનું કારજ થશે.

❑

હરિઃૐ

# ૧૭. સમજણતણો રોફ

અહો વહાલા મોટા - પ્રિય પ્રભુ તમો તો સકલમાં
રહેલા છો વ્યાપ્યા પણ ન સમજું છો અકળ હા !
તમે મારી સુણી - હૃદય ગતની આર્દ રટણા
શમાવ્યા વિષાદો મુજ કરણના સહેજ કરતા.

ભણાવ્યા છે પાઠો પ્રિય પ્રભુ તમે કૈંક રીતથી
ન જાણ્યું એ ટાણે મુજ ભીતરની કૈંક જીદથી,
થયું પૂરું જ્યારે સમજણ પડી કે તુજ રૂડી
કૃપા આવી છે ત્યાં મુજ કરણની શોધન ઘડી.

પરંતુ એ આવી ગઈ કંઈ ન જાણ્યું તવ ક્ષણે
અબુધો ત્યાં કેવો સમજણતણો રોફ ધરતો,
ગુમાવ્યું મેં તેથી પ્રિય પ્રભુતણું પ્રેમ શરણે
રહેવાનું ત્યારે વળી શકું હવે કાર્ય કરતો.

❑

# ૧૮. મુજ હૃદયને યોગ્ય કરવા

(શિખરિણી)

તમારી પાસે હું કંઈ કંઈ નવું હું અનુભવું,
જતું વ્યાપી મારા હૃદય કમળે શાંત ઝરણું.
અને ઊંડી શાંતિ ધરી રહું પ્રભુ, મુજ ઉરમાં,
તમે સામે આવો, સ્થૂળરૂપ પ્રભુ, આમ કરવા.

પરંતુ મારે તો સતત ધરવા, ભીતર તમે
ચીંધેલા હેતુના, 'મરમ' નવલા હાર્દ તુજના-
પુરુષાર્થે વહાલા, ક્યમ બની શકે - એ ન કંઈ હું
હવે તો શું જાણું, કરમ મુજના હોય અવ શું ?

મથાવો છો જ્યારે પ્રિય પ્રભુ, તમે કૈંક રીતથી
સ્મરાવો છો ત્યારે, મધુર-નમણું નામ ઉરથી,
પરંતુ હું જાડ્યે - જઈ પડી જતો ખાઈમહીં તો
ત્યારે ઉઠાવી પ્રભુ ચલવવો માર્ગ અઘરો.

ન હું શક્તિશાળી લગીર પ્રભુ માર્ગ લઈને
જવા ચાલ્યો આગે પણ ન સમજ્યો 'હાર્દ લહીએ !'
પ્રભુ તેં તો લીધો, તદપિ મુજને અંતર ધરી,
જગાડ્યો ચેતવ્યો પણ ન ઊઠિયો ખાંખત ધરી !

પ્રભુ જેવો તેવો પણ હું ધરતો નામ મીઠડું,
હરિઃૐ કારે તું રૂપ પ્રગટ હે ભીતર પ્રભુ !
બધા આધારોને તુજ ચરણમાં, હે પ્રગટવા
બનાવો શોધાવી મુજ હૃદયને યોગ્ય કરવા.

❑

હરિ:ૐ

# ૧૯. હેતુની સભાનતા

(અનુષ્ટુપ)

‘જે કાજે ઊતર્યા નીચે, તે હેતુને ફળાવવા,
પ્રભુ જગાડતો રે’જે હૈયે તને ઉગાડવા’...૧

વહાલા મોટા તમે આપી, છબિ રૂડી મુને પ્રભુ,
દસ્ખતે સાથ આપેલી, પ્રાર્થના હે તમે પ્રભુ...૨

ઊર્ધ્વમાં સ્થાન પામીને, તમે આવ્યા પ્રભુ અહીં,
હેતુ આ જીવને પ્રેર્યો, મર્મ પ્રેર્યો હસી હસી...૩

આત્મનિષ્ઠ અને વ્યાપ્ત, આપ ઊંડા અનુભવી,
પ્રેમની દોરથી બાંધી, સાથે રાખો ઘડી ઘડી...૪

હે પ્રભુ, જગવો જ્યારે, અંતરે મહારા તમે,
કાર્ય ઊંડાં તમારાં હે, મનબુદ્ધિ ન એ કળે...૫

મોહથી વ્યાપ્ત એ વ્હાલા, લેશ ના સમજી શકે,
હેતુ એથી પ્રભુ મોટા અંતરે સ્થિર ના ટકે...૬

‘હેતુની સ્પષ્ટતા રાખો’ એમ તો દિલમાં થતું,
તોય એ ભાન તો જાતું વારંવાર પ્રભુ હજુ...૭

આપનું આવવા ટાણું, મોહે ના હું ભજી શકું,
બુદ્ધિથી જાણવા નાણું, એથી એ છટકી જતું...૮

પ્રભુ પ્રાર્થું હવે આજે, ઊગી છે આ જ પ્રાર્થના,
દૃષ્ટિ સામે છબિ ધારી, રહું જો થાય સાર્થ ના...૯

જે કાજે ઊતર્યા નીચે, તે હેતુને ફળાવવા,
પ્રભુ જગાડતો રે’જે હૈયે મને ઉગાડવા...૧૦

❑

# ૨૦. જીવને પ્રગટો મારા

(અનુષ્ટુપ)

જાગ જાગ હે વહાલા, વસો છો ઉરમાં સદા,
જીવને પ્રગટો મારા, પ્રાર્થું શી રીતથી તદા.

વર્ષો ના મેં વીતાવ્યાં છે, વેડફ્યાં કૈંક તો પ્રભુ,
કૃપા તેં જ્યાં કરી ત્યારે ઊઘડ્યાં નેત્ર જો સજું.

સજીને શું કરું હે જો - ભીતરે કૈં ઊમટ્યાં,
કીટકો જંતુઓ ઝેરી, ખિન્ન મુને કરી રહ્યા.

એ બધાં લાગતાં સ્પષ્ટ, હવે તો મુજને પ્રભુ,
કેમ હું એ કરું પાછો, કાર્યે તારાં સદા પ્રભુ.

હું ના કૈંયે કશું માગું, ધન કે ધાન્ય પુત્ર કે,
માત્ર કીર્તિ ન હું યાચું, માત્ર યાચું કુત્ર હે !

બધાં બોલેઃ હૃદે વાસ તારો છે હે હંમેશનો,
કિંતુ એવું અનુભાવું - લાગે જાણે રમેશનો.

આ કાજે તું અભીપ્સાની તીવ્ર જ્યોત જગાવજે,
જે કદી ના બને ધીમી, શાંત કે અસ્ત ના બને.

નામ તો હું રટું તારું રૂપ તો કેમ પામવું
વ્યાપ હે તું બધે વ્હાલા, અંતરે એ શેં જાણવું ?

કૃપાને યોગ્ય થવાને, ધ્યાનમાં ડૂબવું પડે,
એ પ્હેલાં સ્મરણે તારા, એકાગ્ર થૈં જવું પડે.

આધારે મનબુદ્ધિના શુદ્ધ તો કરવાં પડે,
અનુગ્રહ વિના તારા, એય તો શક્ય ના બને.

હે પ્રભુ, જાગતું વ્હાલા, અંતરે આજ માહરા,
થવા એવું પ્રભુ દે જે, અંતરે રહે આર્દતા.

❑

હરિઃૐ

## ૨૧. સ્મરણ-પ્રાર્થના

જાગો પ્રભુ મુજ દિલે - અવ બૂમ પાડું.
આવો હવે પ્રિય પ્રભુ - મુજ અંતરે શું !
રાખો સદા-સતત પ્રિય પ્રભુ તવ ચેતનાને
સંગે પ્રભુ મુજ રહો - તુજ ભાવને હે
પ્રાર્થું તને દિલ દઈ - અવ બૂમ પાડું
લીધો પ્રભુ જ રસ્તો - બસ ના હું ભાગું.

❑

## ૨૨. તું જ ગુરુરૂપ પ્રભુ

જાગે પ્રભુ અવનવા કંઈ દર્પ-ગર્વ
જે કાંઈ કરું-કર્યું બધું કરતો જ સર્વ
હું તો ઘણું કરી શકું મનમાં ફુલાતો
સારું અને બુદ્ધુ વળી મનમાં જ ગાતો !

આવી પાસે પ્રિય પ્રભુ, કૃપા કરી તેં
આવી સ્મૃતિ મુજ ઉરે કઈ રીતથી હે !
હું શું કરું - થઈ શકે મુજથી લગીરે
તો શેં ફુલાઉં મનમાં - બની મૂર્ખ હું રે.

નમું લળી લળી પ્રભુ, તુજ પાદપથે,
સ્વીકારજે હૃદયની મુજ પ્રાર્થનાને.
તેં તો કરી પ્રભુ દીધો, મુજને જ ધન્ય,
માગું કશું અવર ના જો હોય અન્ય !

તું જ ગુરુરૂપ પ્રભુ - સ્થૂળ ના શરીર,
નહોતી કશી ખબર કે - સમજુ લગીર.
તું ભાવને સમજરૂપ જાગી-જગાડી,
કરતો સદા સતત હે મુજને અગાડી.

❑

હરિઃૐ

## ૨૩. તારી રીતે કાંઈ ન સમજું

(મંદાક્રાંતા)

તારી રીતો કાંઈ ન સમજું કૈં કેવી કળાયે,
તું તો જાણે સહજ રીતથી, યોગ્ય હોય એ જ લાવે.
ના આગ્રહ છે કશી ચીજતણો તોય સંભાળી રાખું,
મારું ધાર્યું - સમજણભર્યું ઠીક કરવા વિચારું.

કિંતુ જે છે મુજ જીવનમાં યોગ્ય આપી જ તારે
મુને લેવો નિજ સમીપમાં, ઠીક રીતે જ તારે,
દોડી આવે અકળ રીતથી વેદનામાં સહારે,
ચિંતા જાણે તુજ ઉર વસે, જો કદી જીવ હારે.

તોય હું તો મુજ ગરવમાં પ્રેમરૂપો ન નાળ્યું
તું દુઃખોથી ઘણું કરી રહે એ જરીયે ન જાણું,
તારે દ્વારે જઈ પ્રભુ કંઈ આવતા લૈ નિરાશા
ભારે થૈને વ્યથિત બનતા - શા બધા છે તમાશા !

હું જાણું છું મુજ દિલમહીં, આ જ તારી કળા છે
તોયે આ સૌ પડી રહી જતા શી રીતે એ સમારો,
તારી પાસે સતત વળગી જો જવાયે પ્રભુજી,
તો ના કંઈ લગીર દુઃખ છે - એ ન જાણે હજુ જી.

❑

હરિઃૐ

## ૨૪. અર્પણ

(વસંતતિલકા)

અર્પું તને પ્રભુ બધું મુજ કર્મ આજે,
એનું મમત્વ અવ ભસ્મ થવા જ કાજે,
શબ્દો બનો પ્રિય પ્રભુ મુજ અર્ચના હે,
આંસુ સર્યાં સમરતાં મુજ પુષ્પ છે એ.

(અનુષ્ટુપ)

સારુંખોટું તને અર્પું, પ્રભુ પ્રેમે સ્વીકારજો,
નિદ્રામાં જાગૃતિ અર્પી, આપ સંગે રખાવજો.

❑

# ૨૫. તારી કૃપા વરસતી હું અનુભવું છું

(વસંતતિલકા)

તારી કૃપા વરસતી હું અનુભવું છું,
હેતુ પ્રભુ, જીવનનો થઈ સ્પષ્ટ રહેતો,
પ્રત્યેક પળ-કર્મમહીં શું હું જાગું
એવું બની જતું હવે પણ શાંત રહેતો.

મારા દિલે પ્રગટતી સુણું પ્રાર્થના તું
વ્યાપી રહેલ પ્રભુ તું બની કેંદ્ર-જાણું,
મારીમહીં પ્રગટ તું અણસાણ પામું
તોયે પ્રભુ જીવનને હંમેશ નાણું.

કાર્યો કરું કઈ રીતે નવ હોઉં શાણો
સહેજે ભળી જતો પ્રભુ, મુજ તાપ ટાળો,
એ તાપ પણ પ્રભુ, પળ એ જ જાગો
માની રહું બધું બને - તપ એ જ છે જો !

એવી કળા જગવજે મુજ અંતર કે
સંસારી કર્મ કરતાં નવ હું ડૂબું હે !
તારું સ્મરણ હો - પ્રભુ અંતરે જો
ના કંઈ પ્રવેશે પ્રભુ જ ભીતરે હો.

❑

# ૨૬. હૈયે ઊગે પ્રિય પ્રભુ તુજ ભાવનાઓ

(વસંતતિલકા)

હૈયે ઊગે પ્રિય પ્રભુ, તુજ ભાવનાઓ
આદેશ દઈ જ સ્પષ્ટ, પ્રભુ હે બતાવો,
શું હું કરું ? પ્રભુ આ મુજ પ્રાપ્ત કર્મ ?
ના છે પ્રલોભન પ્રભુ, નહિ હોય ધર્મ.

શું મોહ એ પ્રભુ ઊભો યશ પ્રાપ્ત હોદ્દો
વ્યાપે વળી તલસતી ઉર લાલસાનો,
કેવી રીતે બની શકું પ્રભુ આજ યોદ્ધો
પ્રેર્યો પ્રભુ ખરી પળે, મુજને જગાડ્યો.

જે પ્રાપ્ત અર્થ વળી જે મળતાં જ કીર્તિ
તારા દીધા અરપું હું પ્રભુ એ અર્ચી,
મૂડી દીધી જીવનની સૂધબૂધ અર્પી
વહાલા પ્રભુ અવગણું અવશે હું ખર્ચી.

દે જે કળા પ્રિય પ્રભુ, ઉપયોગ સાધું
જે કૈં મળે મુજ પ્રભુ તુજ કાજ રાખું,
ના હો અહમ્ ઉપર એ રીતથી જગાડો
દેખાવ ના કરું કદી તુજ સાથ રાખો.

રહેજો સદા સતત હે તુજ ભાવનાઓ
સંગે રહો સતત હે પ્રભુ સાથ રાખો,
તારી કૃપા થકી રહું, મુજને નવાજો
હંમેશ હું શરણમાં રહું - એમ રાખો.

આજે પ્રભુ કહી શકું કંઈ ના જ હોય
તોયે પ્રભુ સમીપ તું મુજ ચક્ષુ સામે,
જે કંઈ કરું તુજ બને, ધરી એમ રાચું
ભાવે સમર્પણ કરું - બસ એ જ યાચું.

❑

હરિ:ૐ

# ૨૭. અંતરમાં પ્રભુ

(અનુષ્ટુપ)

તમારાં ચરણે સ્પર્શ, કર્યો મેં જ્યાં પ્રભુ તમે,
જાગ્યો જાણે નવી રીતે, ના હું ઊંઘું પ્રભુ હવે.

સંસ્કારો છે પ્રમાદીના, એથી ઝોકું ખવાય છે,
સદા-હંમેશ હે વહાલા, પ્રેમમાં ના નવાય છે.

સંકલ્પો ને વિકલ્પો છે - આવતા ઊભરી હજું-
વિકલ્પો ના જીતે તોયે, સંકલ્પોમાં ન હો ગજું.

ધાર એ સંકલ્પોની, કાઢવાની ઘણી ઘણી,
હેતુને લક્ષમાં રાખી, મથવાનું વળી વળી.

લળી લળી તને લાગું - પાયે તોયે પ્રભુ મને,
નવાજ્યો રીતે ન્યારી, સાથ રાખો પ્રભુ મને.

પોઢેલા આપના રૂપે, અંગૂઠે સ્પર્શ મેં કર્યો,
અંતરે મહારા ત્યારે, કૈંક અંશે પ્રભુ કર્યો.

❑

# ૨૮. મને આપવું ના મણા કૈં

હજી ના હું, પ્રિય પ્રભુ તને, કાંઈ આપી શક્યો છું,
મારે દિલે કંઈક વસતા, રાગ મોહે ડૂબ્યો છું.
જે કૈં આપું ધરી મનમહીં કૈંક હિસાબ ધારું,
ક્યાંથી વહાલા, તુજ અમીતણું એક બિંદુય પાખું ?

તારે તો હે પ્રિય પ્રભુ મને આપવું ના મણા કૈં,
સહેજે લાગે, ઉદય મનમાં, સ્થૂળના તો ઘણા કૈં.
તો હું દોડું મનમહીં ઘડી કૈંક તો યોજનાઓ,
એમાં ભાળું તુજ રૂપ પ્રભુ, ને વળી તો કૃપા જો.

જોકે તારા અનુગ્રહ વિના કૈંક ના પણ થવાતું,
ના કૈં મારે અહીં તહીં પ્રભુ લેશનાયે જવાતું !
ના છે એનું સ્મરણ સહેજે - આવતું જો સદાનું,
તેનું ભારે દિલમહીં થતું દુઃખ રે - ભોગવાનું.

આજે તારાં ચરણ પર હે જો મૂકી શીશ રાખ્યું,
આ છે આજે મુજ વલણને આપવાનું જ રાખ્યું.
લે જે વહાલા, મુજ કરણના ઊભરા આ અનેરા,
આવા કરવા સબળ પ્રભુ હે માર્ગ મારે ઘણેરા.

❏

## ૨૯. નામસ્મરણ

રાખું પ્રભુસ્મરણ હે, તુજ નામનું જ્યાં,
આવી ચડે, ધૂણી ઘણી વિચારકેરી.
ના હું વહુ, પ્રભુ કૃપા થકી એ અનેરી,
તારી કળા પ્રિય પ્રભુ અજવાળતી ત્યાં.

'ૐ' કાર સાથ 'હરિ' રટું પ્રભુ રાખી અગ્ર,
ને ભાગતા મનતણાં કરનાર વ્યગ્ર.
જો હું વીસારું કદી હે તું જગાડી દેતો,
તારી કૃપા વિણ પ્રભુ, અવ શૈહું રે'તો.

હે નાથ તું ખરો સમજાઈ રહેતું,
તું નાથવાનું કરી હે છુપાઈ રહે શું !
ને વ્યાપી વળી તું ન શકાય જાણી,
માણે અનુભવી તને - પ્રભુ, રીત ન્યારી.

આ સાગરે મૂકી પ્રભુ મુજને નવાજ્યો,
ના હું પ્રભુ બની શક્યો જંબૂરો જ તારો.
દીધાં અનેક સાધન પ્રભુ કરવા જ તારો,
હું સાધને લીન રહ્યો, કશું ના અવાજ્યો.

તારી કૃપા થકી પ્રભુ શિખવાડી દે જે,
રીતો અનેક ધરી હું, તરતો જ રાખું.
મુને અને બસ સ્મરું ધરું ધ્યાન તારું,
રાખી મુને પ્રગટ હે મુજ સંગ રે'જે.

❑

# ૩૦. મુજમાં તુજ નામ

તમારા સાંનિધ્યે પ્રભુ બને ઊંડું કૈંક ગૂઢ હા ?
અનેરા સંકેતો પ્રગટ બનતાં ચેતનતણા.
પ્રભુ આ જન્મે તો કરણ કરવા શુદ્ધ મુજના
અને આ પ્રાગટ્ય સ્થિર બનતું જો હોય જ કૃપા...૧

તમે બોલો વાતો સહજ રૂપમાં તોય અધૂરી,
ન રાખો કહેવાનું અવનવી રીતે લેશ તદપિ.
તમે જાણો વહાલા, મુજ ઉરમહીં જે બની રહ્યું,
જગાવો અગ્નિ ત્યાં પ્રકટ કરવા રૂપ ગરવાં...૨

પ્રભો પાળો એવું સહજ રીતથી આપ જ કહ્યું-
થવા મારે વહાલા સકળ કરણે ખૂબ નરવા !
કઈ રીતે જાગે ઉર છૂપી રહી હોય રટણા,
કૃપા તારી આવે તદપિ જગવે એ જ ઘટના...૩

તમારામાં રહેવા બસ મથી રહે અંતર વળી,
થવા કાજે એવું કર બસ પ્રભુ, હું શકું કળી !
પ્રભો યાચું જે કૈં મળી જતું સદા એ અકળથી,
અહો આ સંસારે સ્વજન સુખને ધાન્ય તમથી...૪

પ્રભો ના રહે છૂપો, દઈ જ મુજને માત્ર તુજનાં-
ઘડેલાં રૂપો આ ધન-યશ વળી પાત્ર મુજમાં.
વસેલો જેમાં તું પ્રગટ બન હે, વ્યાપક પ્રભુ,
હંમેશાં એ પ્રાર્થું - જગવ મુજમાં 'નામ' શું કહું ?...૫

❑

હરિઃૐ

## ૩૧. પ્રતીતિ

આવ્યા સમીપ તુજની પ્રભુ હે તમારા,
નામી-પ્રણામી કરવા મનના બખાળા.
તેં સૂક્ષ્મ રીત થકી હે મુજમાં પ્રવેશી,
કેવી લીલા કરી પ્રભુ - નવલા હે વેશી...૧

વંદું હ્રદે પ્રભુ તને બસ યાચવાને,
મારું બધું લઈ પ્રભુ બળ આપજે હે !
કાર્યે રહ્યું તદપિ ના વીસારું કદાપિ,
એવી હ્રદે દઢવજો પ્રિય હે પ્રતીતિ...૨

❏

## ૩૨. યાચના

(શાર્દૂલવિક્રીડિત)

'મારું' શું પ્રભુ હું ગણું અહીં અરે એવી સ્થિતિ મહારી,
કે તારું પણ ના પ્રભુ સમજું હું - આ શી લીલા તાહરી.
મારું શું અર્પણ તને બની રહે, શું દઈ શકું ધીરથી,
મુંઝાતો મનથી અને સમસમું - ના હોય કૈં હીર જી.

ઊંડા રાગ છૂપ્યા પ્રભુ 'મુજ' બની વિદ્વેષ ને કામના,
જામેલા થર તો કંઈ અવનવા એની મને જાણ ના.
માયા ને વળી મોહના પ્રભુ અરે છૂપા અરિ એ રહ્યા,
વાળ્યા તોય નહિ પ્રભુ, વળી શક્યા એને ઉરે જો સહ્યા.

ના એ તો બની હે પ્રભુ જિગરની ઊંડી તિતિક્ષા અહો !
એથી હું અહીં તો બનું વિવશ હા ! હું શું કરું તે કહો !
અર્પું હું પ્રભુ રીત શી ક્યમ જ તે ઘેરી રહે કલ્પના-
એથી આ કરવી પડી તુજ કને મારે કૂડી જલ્પના.

તો લે આ ધરી હું રહ્યો મુજ ઉરે વ્યાપી રહેલી વ્યથા,
એ તું તો પ્રભુ જાણતો અકળથી એની કહું શી કથા.
તારાં તે જ બની રહે અવનવી રીતે જ સ્વીકારજો,
અર્પું આ પ્રભુ હું બની ગળગળો - આ જીવને જાળવો.

❑

# ૩૩. તારા પ્રતિ પ્રભુ જ હે ઉર પ્રીત જાગે

આ સાધનાય પ્રભુ હે, તુજ તો કરાવે,
ના કૈં ગજું મુજ હજુ-મન તો ન ચાલે.
તારી કૃપાથી બસ એક જ ઝંખના કે-
તારા પ્રતિ પ્રભુ જ હે ઉર પ્રીત જાગે.

હું જે જપું સતત હે તુજ નામ વહાલા !
ને હું સ્મરું વળી વળી તુજ રૂપ વહાલા !
દૃષ્ટિ સમીપ ધરવા તુજ મૂર્તિ ધારું,
હું તો વળી વળી પ્રભુ તુજને જ યાચું.

આ મંદિરે પ્રભુ જ હે નવલી જ ગાથા,
ઉરે પ્રભુ ઊભરતી સઘળી જ મારા.
કે ભાવના સ્મરણની તુજ નામકેરી,
નિત્યે વસો ઉરમહીં પ્રાર્થું હું અહીં.

મોટા ! સમીપ નજરે મુજની જ રે'જો,
મારા વિચાર સઘળા તુજમાં જ હોજો.
ને જોશ વૃત્તિ ઊઠતાં મુજને જગાડો,
ને નામમાં સતત હે સઘળું વળાવો.

હું સહેજમાં ફૂલી જઈ ઉર ગર્વ ધારું,
પાછો વળી મનમહીં મદિલો બનું છું.
આવી ટપારી મુજને કરવા જ સીધો,
મોટા ! તમે 'મૂરખ'ને ઉર સાથ રાખો.

❑

# ૩૪. હરિઃૐ રટણા

આ છે પ્રતાપ તુજની કૃપાતણો હે !
મોટા, તમે જ કરતા મુજ અંતરે હે !
છે નામ તારું પ્રભુ હે, રટવું જ મારે,
એ છે જ કર્મ અહીંનું સમજાવિયું તે.

દીધું મુકાવી સઘળું મુજ કર્મ જે કૈં,
સીધો કરી જ મુજને પ્રભુ દીધો આવરી.
ને અંતરે સૂઝ વળી કૈં કૈં ઉગાડી,
એકાગ્ર બનવા મન જાગ્યું નાચી.

ત્યાં તો પ્રવાહ નીકળ્યા કૈં સામ સામા,
આ હું કરું જ કરું કે વળી પેલું ના ના.
ઊગી ઊઠ્યા મુજ કૈં ઉર લોભ ઝાઝા,
ને મોહ, વૃત્તિતણીની નવ હોવા માઝા ?

એ તો બધા નજરની સમીપે ઊભીને,
નાચી કૂદી જ મુજને મથવી રહ્યા તે.
તેવી પળે પ્રભુ હું તો તુજ નામ જાપું,
ના કૈં અવર સાધન હાથ રાખું.

તેવી પળે જ પ્રભુ, તું કરીને કૃપા તો,
આવી રહે ઉરમહીં પડકાર લે તો.
ને વાળી લે જ સઘળી મન-વૃત્તિકેરી,
જે શક્તિ, પ્રભુ 'હરિઃૐ' રટણાની માંહી.

❑

# ૩૫. હરિઃૐ નાદ

આ મૌને મોટા ! કેવો જાગ્યો,
'હરિઃૐ' નાદ તો રે લોલ.
તારી ચેતનાએ મને જગાડ્યો,
ને દીધો મને સાથ તો રે લોલ.
તારા કીમિયાની શી કરવી વાતો,
વાણી ના કરી શકતી રે લોલ.
તારા વહાલપની રીત વહાલા ! ન્યારી
ના ઊકલે મનથી રે લોલ.
તેં તો ડાયરા હતા પૂરા જમાવ્યા,
ને ન્યાલ કીધા લોકને રે લોલ.
આવે જે બેસે ને પીએ,
કસુંબા તારા નામના રે લોલ.
એની મસ્તીનો જોગ તું કરાવે,
બઢાવે કરમ પાંસરા રે લોલ.
મારા ઉરના હિંડોળે તું હીંચે,
જો નિત; મારું ભાગ્ય એ રે લોલ.
નિત ગુંજે જો રોમ રોમ વહાલા,
'હરિઃૐ' તારશે રે લોલ.
દઢી શ્રદ્ધા ને ભાવના વધારી,
કીધી તેં રૂડી કરવા રે લોલ.

❑

હરિ:ૐ

# ૩૬. દિવ્ય વિવેક

હરિ મોટા, વહાલા લખી હૃદયમાં વાત હું જે કરું છું.
સુણી છે જે આપે અને વળી પછી ત્યાં આવતું બધું જે
પ્રણમ્યું છે એ તો નકી બની શક્યું જે કૃપા છે તમારી
તમારો તો મોટા અધિક અદકો જે સહારો રહ્યો છે
અને એથી તું તો નમી નમી હૃદયમાં જે કહું તે સુણજો.

ઘણાં વર્ષો વીત્યાં બડબડ કરી કંઈક કે'વું,
નથી જાણ્યું સહેજે તોય તો મેં જ ધાર્યું.
વળી જે કંઈ મારી પ્રિય, બહુ જ જે બડાશો,
બધું જાણું તોયે નીકળી શકવું ના જ શક્તિ.

પૂછ્યા વિના ક્યાંયે મુજથી કદીયે ક્યાંય માથું મરાવા,
ઉછાળો ના આવો, પ્રભુ, વીનવું હું અંતરે તુજને તો.
વળી જો આવે તો, જગવી જગવી ચેતવી તું જ દેજે,
નહિ તો આ તો ક્યાં જઈ જઈ ખૂબ અથડાઈ જાશે.

થશે જેનું જે તે ગતિ કરમની છે ઘણી ગૂઢ જાણું,
જવાશે જાગી તો વળી બધું જશે જે રૂડું કૈં હશે તો
પ્રભુ મારે તો મુજ જીવન આ શેષ છે જે રહેલું,
બનાવી કેવું તુજ રૂપ ધરું એ જ ઝંખું હૃદે હું.

ન હો મારી ક્યાંયે કદીક ઝંપી વાંઝણી કે લૂલી કૈં,
સદા તું હૈયે હે, જગવી જગવી માર્ગ દેખાડી કે જે.
થયું પૂરું ને કેવું-બધુંયે ચોખ્ખું સ્પષ્ટ દેખાડી દેવા,
મતિ મારી પ્રજ્ઞા કરી પ્રભુ મને દિવ્ય વિવેક દે જે.

❑

# ૩૭. હરિશરણની તમન્ના

હરિ તમારું રૂપ-અરૂપ તે પ્રમાણવાને મુજને,
માત્ર રહ્યો અંતરમાં મારે કરવો અનુભવ જ્યારે.
અંતરાય હરિ, અનંત જન્મનાં, કર્મો કેવાં આવે,
ઉદય થઈને મુજને તુજથી ક્યાંય દૂર લઈ ફેંકે.

રાગ હૃદયના શુદ્ધ રૂપને આવરી આવરી લે તો,
મોટાજી ! આપે કૃપાથી ઓળખાવી દૈ દીધો.
વિચાર વિશે નહિ વિકૃતિ-સ્મરણ થતાં શી દોડે,
પ્રાણ વિશે ના સ્પર્શ કરે ને કૃપા થકી તે તારે.
તોયે મન આ કેવું પાછું કરલમહીં જઈ ખૂંપે,
ચરણ પ્રભુજી ધારું હૈયે ત્યાં ફટાક કરતું વાળે.

ચેતાવીને વહાલાજી, નહિ આપ કૃપા શી કરતાં,
નહિતર કીડો ત્યાં જ પડીને ખૂંપી જ જાત દિનરાત.
આવો આવો જાગો જાગો ચેતાવો અંતરમાં,
એક જ તારા રસમાં ડૂબું એવું દાન પ્રભુ આપી દો.

સંસાર રસમાં મેં તો પ્રભુ, અનેક જન્મો ગાળ્યા,
એનો એ સંસ્કાર ઉદય થઈ ખેંચે પાછો મુજને ત્યાં.
હરિ હાવાં શરણે જવાને ઉર તમન્ના જાગો,
અવર બીજું જે બની રહે તે ઉદય થયો તે જાણો.

❑

# ૩૮. માલિકીની ઝાંખરી

મોટા ! મારા સુણજો દિલની વાતડી,
માલિકીની કેવી લાગી ઝાંખરી !

સલામતીના ખ્યાલે હું ડૂબ્યો ઘણો,
ફફડું પાછો કલ્પનાથી કેવો હ્દે.

પ્રપંચ ને યુક્તિના કેવા આ પટા,
આવી આવી ગૂંચવે મુજને વહાલમાં.

પ્રગટ પ્રભુ તમે, હૈયે મારે છો વસ્યા,
રહ્યા છૂપા એ પ્રભુને પૂર્ણ પ્રગટાવવા.

મારે હૈયે ચેતનતણખો તો રહ્યો,
કિંતુ હજી રહ્યો છે લીલો દુકાળ જો.

એક જ હરિ તમારામાં રહું એ ઘડી,
આ જીવનમાં પામી ધન્ય થવું પ્રભુ.

સાધન વિશે ખૂબ જ કાચો હું હરિ,
પ્રમાદમાંથી ઊગરું એ જ કૃપા કરો.

'સતત ઉદ્યમ વિશે મુજને પ્રભુ તું પ્રેરતો રે'જે
ભૂલેચૂકે કદીયે તો પ્રમાદ સહેજ ના થાજો'...મોટા

❏

# ૩૯. દિલની વાત

અંતરયામી મારા સુણજો મારી વાત,
નજર સમીપે ધારી તુજને કહું હું દિલની વાત

આપ જ મારા પ્રગટ પ્રભુ પરમાત્મા
પ્રગટો મારે હૈયે વીનવું વહાલમા.

હાથ હરિ તમે ગ્રહ્યો કૃપાથી વહાલમાં,
પાર ઉતારો પ્રભુ પતિતને વહાલમાં.

એક જ પળ આપ્યું આપે જે પ્રભુ,
જે મુજથી તપથી કૈં ના મળે.

નહોતું ધાર્યું એવું એવું થૈ રહ્યું,
છેક ઊંડે ખૂંપેલાને સહાય લઈ.

પ્રભુકૃપાથી ઊંચે આણ્યો અંતરે,
નહિ તો આ જો વાત સરળ ના થાય તે.

મોટાજી ! ના રૂપ તમારું આ બધું,
ચક્ષુથી ના પૂરતું એનું પ્રમાણ-એ

હૈયે જે બેસે પ્રતીતિ એ મહીં,
ઝાંખી પ્રભુજી તુજ રૂપ મેં તો કીધી.

તોય મૂર્ત રૂપે આધાર છે,
એને ધારી ધારી મારે મહાલવું.

ભેદીને હૈયામાં લક્ષ કરી હાવાં,
હજી પૂરું ના પાક્યું એક જ ખોટ છે.

થોડીક ક્ષણ મળતાં તો જાણે ન્યાલ છું,
એવા ફાંકમાં ફટકીને હું રહું.

મોટા ચેતનરૂપ તમારું ધારવા,
નિત્ય, ઘડીપળ સ્મરણ ચહું તારું પ્રભુ.

❑

હરિઃૐ

# ૪૦. ચિનગારી

(અનુષ્ટુપ)

તાત્પર્યો ને રહસ્યો જે છુપેલા શબ્દને વિશે,
કેવાં સ્પષ્ટ થતાં મારી મતિ વિશે કૃપાથી જે.

સ્મરણ એ તો જીવનકેરી થવા ઉન્નત મળી સીડી,
હૃદયમાં એ જડી દઈને સદા ઉપર જવું ત્યાંથી.

હરિ શાને અહીં આવ્યા, અહીં શું છે જ કરવાનું,
સતત એ પ્રશ્નથી ચિંતન થતાં રહેતાં સ્મરણ થાતું.

બહુ જન્મોમહીં કેવા અહંકારે રહેલા ને,
બધું અજ્ઞાનનું એ ફળ ગયું પાકી બન્યું આવું.

હવે ના કંઈ જ ઉપાય, રહ્યું એથી જ ભોગવવું,
પરંતુ ભોગ વિશે તે સદા જાગીને રહેવાનું.

હવે આવ્યું જ છે કેવું પરિણામ જ કર્મોનું,
નવું જે બીજ મુકાતાં પ્રભુ જગવી મને દેજે.

નથી ત્યાં ક્યાંય પણ ગમતું નથી બીજું જ અણગમતું,
કદીયે રાગ ના થાય કે ન દ્વેષ ત્યાં થાય.

તિરસ્કાર વિશે કેવો રહ્યો ઊંડો વળી ઊંડો,
બધું તે પામવાકેરો ઊંડો જે મોહ તે સાચો.

થતી જે ચીડ મનમાં તે રહ્યું છે મૂળ તેનું તો,
પૂરા આગ્રહ વિશે કેવું - વળી તે માલિકીકેરું.

ચડે જ્યાં ચીડ કે આવે તિરસ્કાર જરી દિલમાં,
જગાડીને કૃપાથી તું હૃદયમાં ભાવ તું પ્રેરી.

મને ઉઠાડીને ચાંપી પૂરી ચિનગારી હૈયામાં,
થૈ બધું વશ પ્રકૃતિમાં જતું તે જોઈ રહેવાનું.

❑

# ૪૧. મોટા ! મારા હૃદય રસિલા રાજ રે

મોટા ! મારા હૃદય રસિલા રાજ રે,
મારે હૈયે જાગો વીનવું વહાલમાં.

આપ જ મારા પ્રગટ પ્રભુ પરમાત્મા,
હાથ ગ્રહ્યો તો પાર ઉતારો બાપલા.

ખૂબ અટવાયો જનમ જનમનો હું ભજ્યો,
હવે નથી અથડાવું એવું ભાન તો.

મારે અંતર જાગ્યું વહેણ હરિ હાવાં,
સંસ્કારોનો નિકાલ કરવો વહાલમાં.

હે મોટા ! આપે કરી કૃપા તો છે ઘણી,
કિંતુ મૂરખે વેડફી મારી એ બધી.

ભાન વિનાનો હું ભૂલેલો આંધળો,
જ્યાં ન રહેવું, ત્યાં ડૂબેલો તો ઊંડો.

નજર સમીપે ધારું રૂપ તમારું હે,
પામું સહેજ હરિ અંતર આધારે.

ચેતનરૂપે હૃદય વસ્યા છો વહાલમાં,
લક્ષ હૃદયમાં રાખું એ વરદાન દો.

સૂઝ પડે ના કર્મ વિશે ધરવું કયું,
લક્ષ નથી ત્યાં રે’તું વહાલા આપ તું.

તદાકાર જો કર્મ વિશે થતાં હરિ,
કર્તાપદનું અહમ્ ચડીને વાગતું.

જેનું તેનું ભાન હરિ ! પાછળ થતું,
એ તો સંસ્કારોને પાછા પાડતું.

હરિ ઉગારો જગવી જગવી અંતરે,
વીનવું તુજને મોટા ! મારા વહાલમાં.

મોટા મારા ! હૃદય રસિલા રાજ રે, મારે હૈયે જાગો વીનવું વહાલમાં,
મુજના દોષે હું દંડાયો વહાલમાં, એ ભેદી દેખાડ્યું આપે વહાલમાં.

હરિ તમે રૂપ પ્રગટમહીં શા આવિયા, આપી પ્રતીતિ અંતરમાં હે વહાલમાં,
કેવી કેવી ભેટ કરાવી હે હરિ ! જેથી ભાન હરિ મુજને આવિયું !

❑

# ૪૨. લોલુપતાનું ભાન

હરિ ! લોલુપતા કેવી અંતરે વધતી રહે,
એનું કૃપા કરી આપે કરાવ્યું સ્પષ્ટ ભાન તે.
કિંતુ એમાંથી ઉગારો કેવી રીતે કરી શકું,
મને ના ભાન એનું કૈં એથી મુઝાઈ હું રહું.
'મોટા' પ્રાર્થું હ્દે તુંને જગાડી મુજને હ્દે,
એમાં ના ફસાવાયે એવો સંકલ્પ પ્રેરજે.

એકલું પ્રેરાવાથી ના આચર્યાથી જ અંતરે,
વધે છે શક્તિ આત્માની, પ્રમાણ્યું મેં પૂરેપૂરું.

લોલુપતાનાં સ્વરૂપો છે અનેક શાં નવાં નવાં
જિહ્વાને વૃત્તિના કેવાં ભોગવાવા મને ઊંડે
ઊંડે લઈ જઈ પાછાં પછાડેથી ઊંચેથી એ
જ્યાં ત્યાં બોલી નાખું તો એવી વૃત્તિ થતી જહીં,
કૃપાથી આપને સ્મરતાં હૈયે પાછો ઠરી રહું.

ચૂપ રહેવામાં તો તો પૂરેપૂરી જ સ્વસ્થતા,
રાખવાની રહે ઊંડી હેતુની ત્યાં સભાનતા.
નહિ તો રીસ ને ચીડ ઘમંડ વધતો રહે,
એમ પાછું જણાવે છે - ઊંચોનીચો કરે મને.

❑

# ૪૩. શરણચરણ

(અનુષ્ટુપ)

પ્રેરી છે જાગૃતિ જેવી તેમાં દૃઢ પૂરેપૂરા,
રહી શકાય એ કાજે હૈયામાં શક્તિ પ્રેરજો.
મોટા ! આપે હૃદે મારા, સ્પર્શ શો આપિયો હરિ,
તેનું ભાન પૂરું ના રહે એ જ ખોટ મને પડી.
કૃપા શી આપની વહાલા, જાગી જાગી તને સ્મરું,
વાત હૈયાતણી તારાં ચરણે હું ધરી રહું.

સ્ફોટ તો આપથી કેવા મારા અંતરમાં થતા,
શરણ થવાનું તો કેવું દોહ્યલું સમજાય છે.
અહં ભાગ્યા-ગળ્યા વિના શરણું તો ગ્રહાય ના,
મારા અહમ્‌તણાં ફાંટા અનંત હોય એમ લાગતાં.
શરણે આવતાં જ્યારે પૂરેપૂરી રીતે બને,
ત્યારે જ ચરણે તારાં પૂરેપૂરા રહી શકાય.
'શરણચરણ' એ તો ઘણી મોટી સ્થિતિ પ્રભુ !
લવારા આજ સુધી તો કર્યા મેં તો કર્યા ઘણા ઘણા.

સમજી સમજી ઊંડું આગ્રહો-સમજણ બધું,
ત્યાગવાનું બને ત્યારે જગાજો અંતરે પ્રભુ.
કૃપા-આશિષ યાચું છું, શક્તિ તો પ્રેરજો હરિ,
નહિ તો નાવડી મારી અથડાઈ જશે પૂરી.

આયુષ્ય રહ્યું શેષ એમાં પૂરેપૂરું હૃદે,
વળીને જીવવું-રે'વું ભાગ્ય એવું અપાવજો.

❑

# ૪૪. સદા સંભારતો રે'જે

સ્મરણ જેનું થતું એમાં રહ્યો છે રાગ તે જાણું,
સ્મરણ તે જીવનું થાતાં રહ્યો તું ત્યાં જ તે ધારું !
સંબંધો છે જીવનમાં  તે પૂરો ઉપયોગ કરવાને,
પ્રભુ ચેતાવી ચેતાવી જીવનને દિવ્ય તું કરજે.
ખરું મુજ છે 'સ્વરૂપ' તેમાં રહ્યા વિના પૂરેપૂરું,
કશુંએ ક્યાંય પણ મુજને નથી લેશ જ દેખાશે.

રહ્યો છે રાગ ધન વિશે, વળી સંબંધ વિશે તો,
વળી જે કાંઈ વિચારો તે સલામત રાખવા.
નિજને-રહ્યા આવી સતત કેવા
થતું જે ભાન હૈયામાં
ઊંડો ઊંડો જ મન વિશે મને ઉઠાડીને ઘેરે કેવો
પ્રપંચ-યુક્તિનો કેવો લઈ લઈને સહારો જે
પરંતુ હે પ્રભુ તારી કૃપા જ્યાં પામતો દિલમાં,
તરત વળતો જ રસ્તેથી હ્દે શાતા થઈ ત્યારે.

હરિ કેવી વધે છે જે પ્રલોભનની જે તાણો,
પ્રલોભન પામવા તુજને હ્દય વિશે રહી બેસી.
કરું છું પ્રભુ તુજને વિનંતી કે સદા સંભારતો રે'જે,
કરી એકરૂપ હૈયે - જીવનને ધન્ય કરવાનો,
દિવસ તું આપજે વહાલા લખી હું યાચતો તુજને.

❏

હરિ:ૐ

## ૪૫. સ્મરણશક્તિ

'હું નહિ કર્તા'- એવું ભાન થતાં જ પ્રકાશ પ્રભુજી કેવો વરતાય !
અન્ય જીવોનેય સ્પર્શે એ તો ચેતના આપની એ !

થવાનું હોય તેનુંયે કદીયે ધ્યાન ન થાજો,
કરેલું હોય તેનું પણ કહો ના કૈં પ્રદર્શન હો.
બધું જે તે થયા કરતું પ્રભુ ત્યાં હાથ તારો દૈને,
મને તું સહાય દૈ દૈને, સદા તું પ્રેરતો રહે જે.

મળે છે કર્મ કેવાં જે અચાનક નહિ જ કલ્પેલાં,
પરંતુ હેતુકેરી જ્યાં પૂરી જાગે જ સભાનતા.
પ્રભુ, જ્યાંથી ત્યાંથી જો પ્રકૃતિ પૂરેપૂરી એ,
નથી છેતરતી મુજને કે એવું ધ્યાન દેવાજો.

ચિત્ત પાછું કેવું છે ? વળીને મિલકતે રાખે,
સલામતી વિશે વિચારો, જે ગુંચાયે છે.
નથી પળની ખબર જ્યારે કરે વર્ષોની ગોઠવણી,
મૂરખને ભાન ક્યાં છે અથડાઈ મરાશે ત્યાં.

સદા સદ્‌ભાવ જગવીને રહેવું છે જગતમાંહે,
જીવનને બહાર બનાવીને પ્રભુચરણે જ દેવું છે.
નિશ્ચય વિશે હરિ મુજને ટકી રહેવા પૂરેપૂરા,
હૃદયમાં શક્તિ મુજ પ્રેરી, મને પાર કરી દેજે.

અહીં શું પામવાનું છે, થયું દર્શન પૂરેપૂરું,
ખરું નિજરૂપ પામીને બહારેમસ્ત રે'વું છે.

હજીયે કલ્પના શક્તિ ઉડાડે છે ઊંચે ઊંચે,
પરંતુ ના કશી એમાં રહેલી વાસ્તવિકતા છે.
અનુભવવું હૃદય વિશે રહેલું છે જ એ નિશ્ચિત,
એથી જ તો મારે સકળ શક્તિ ભરી તારી,
ચોંટી રહીને ટકવું હરિ એ તો નિરંતરે છે.

❑

# ૪૬. મોટા મારા હૃદે જાગો

મોટા મારા હૃદે જાગો, ચેતવી ચેતવી મને,
ગ્રહી હાથ આ મારો ઉગારો આંહીય મુજને.
મળેલાં વર્ષમાં મારે, અવરમાં ના જવાનું કૈં,
ઘણા જન્મો ગુમાવ્યા મેં અજ્ઞાને અથડાઈને.
આ જન્મેય હરિ મેં તો વિષયમાં ખૂબ રાચીને,
ગુમાવ્યા શ્વાસ કેવા તે હવે તો જણાયે છે.
કૃપાથી આપના સ્પર્શે હૃદયમાં જાગૃતિ આવી,
કરી વૃત્તિ હરિ મોળી, વિષયની તે બની કેવી.
હવે તલ્લીન થવા માટે મને ઉપયોગ એનો શો,
બતાવી તુજરૂપ થાવા મને તું પ્રેરતો રે'જે.
હવે નિશ્ચિત જીવવાનું - થવું તુજરૂપ માટે છે,
વળી તુજરૂપ થઈને પણ - પ્રગટ ત્યાં તો બની રહેવું.
થયા વિણ એ જ રૂપે છે બધું બાકી હરિ મારું,
મનન-ચિંતન થતાં તારું બને છે એ જ માળા તે.
હરિ, જે કાંઈ કૃપાનો છે, પ્રસાદ જે હૃદય વિશે,
પૂરી સભાનતા એની હૃદે મારે ટકાવી રાખજો.
મન-મતિ જે રહ્યા ફાંકા, હરિ ઉપયોગ એનો શો,
ઉઘાડી આપી અંતરને સદા તું રક્ષતો રે'જે.
બબડવું એકલું માત્ર પ્રભુ તુજ પાસ બીજે ક્યાં ?
બીજે ના ક્યાંય કૈં કહેવું, ટકાવી ટકાવી શક્તિ તું પ્રેરજે.

❑

# ૪૭. પ્રાર્થનાઓ

આત્મરૂપે રહું સંગે, આપ તો વ્યક્ત રૂપ છો,
તે છતાં પ્રગટી સ્વરૂપે પ્રેરજો મુજ આત્મને.
રહેવું આત્મમાં નિત્યે, એવા નિશ્ચયમાં હજો,
મને સાથ પ્રભુ તારો વીનવું વારંવાર તો.

★ ★ ★

જાતને મોખરે રાખી અહંકાર વધારવા,
વૃત્તિ કેવી ઊઠે જાગી તેનું ભાન કૃપા થકી.
કરાવીને ઉગાર્યો છે, પ્રભુ એ ઉપકારનો,
ભાવ ધારી હૃદે ઊંડે સ્મરું ઊંડે ઊંડે હરિ !

❑

# ૪૮. પ્રાર્થનાઓ

ન હું જાણું કંઈ પૂરું છતાં જે અંશ આવતો,
પ્રજ્ઞા પ્રકાશ તો વહાલા, આપનું વ્યક્ત રૂપ તે.
'મારું' ના કંઈ એમાં છે, મોટા પ્રેરેલ આપથી,
કેવળ માત્ર કહેવાથી - કૃપાથી આ જણાય છે.
'હે મોટા' સંગમાં ધારું, માત્ર પૂછ્યે જણાવવું,
એ વિના અંતરે ઊંડા ઊતરીને સ્તવી રહું.

★ ★ ★

હે પ્રભુ, હે હરિ મોટા ! પ્રગટાવી સમીપ હું,
વંદીને વીનવું વહાલા - જગાડીને જિવાડજો.

★ ★ ★

લક્ષણો લોભનાં કેવાં પૂરેપૂરાં થઈ છતાં,
મોહને ઓળખવાને દૃષ્ટિ પૂરી ખૂલી ન છે.
ભાવ ભેળવું સંગે મળેલા સંગ હોય જે,
વિસ્મરાયે જુદાપાનાં મોહ તેમાં નથી થયો.
કિંતુ જે યાદ આવે છે, વળી એમાં રહી રહી,
માણવાનું બને છે તે મોહનું વ્યક્ત લક્ષણ.

❑

## ૪૯. મોટા તમે 'મારા' બની રહો

વ્યવસ્થિતિ જીવન વિશે નથી સહેજે હજી આવી,
ઘણાં કામો લઈ માથે નથી નિકાલ તે કરતો.
વળી નિજને વિશે કેવી બડાશો આવતી રહે છે,
કરું વ્યક્ત એ પાછી ધરીને ડોળ નમનતાનો.

પૂરો દંભી અને પાછો વળી શો ડોળઘાલું છું,
ઉગારો ત્યાંથી તો મુજને પૂરો સ્વચ્છ બનાવી દો.
બધા આ જે રહ્યા ઊંડા પડેલા સંસ્કારો છે,
છૂટા પડવાતણી શક્તિ કૃપાથી પ્રેરતા રે'જો.

હરિ, મોટા તમે 'મારા' બની રહો એ જીવનલક્ષ્ય,
સદા ધરી અંતરે મારે પ્રગટવું 'તુજરૂપે' તો

થવું તુજરૂપ એટલે તો સ્થિતિ આત્મા વિશે હોવી,
વળી એથીય આગળ જઈ તહીં ટકવું પૂરું રે'વું.
થશે ક્યારે નથી એની મને હવે ચિંતા કે ઉતાવળ,
થતું જે રીતથી એમાં પૂરેપૂરો જગાડી દો.

❑

## ૫૦. જીવનકળા

જીવનકેરાં નવા વર્ષે વળાંકો શાં પડેલા છે,
નિહાળી ના શકું એથી પ્રભુ વંદું તમોને હાં !
પ્રભુ મોટા ! તમે મારા પ્રગટ પરમાત્મારૂપ છો જી,
તમોને ધારીને હૃદયે કથા દિલની કહું સુણાવી.
મને નિશ્ચિત છે ઊંડી પ્રતીતિ એવી કે,
મારી બધી કથની સુણી મુજને સદા છે સહાય તેં દીધી.

પ્રભુ મોટા, સામર્થ છો, ધરીને ભાવના રીતની,
જીવનને પામવાની જે કળા શીખવી કૃપાથી તે.
ચરિતાર્થ થવા મુજને ઊંડી લગની લગાડી દો,
વહે છે કાળ શો ઝડપી થવાની જો ફજેતી છે.

અહા, કેવું વહે છે મન વિશે વિચારનું વહેણ,
સદા ધન-કીર્તિને માટે રહે લોલુપતા શી તે.
બધી દેખાય છે પાકી છતાં ખેંચાઉં છું એમાં,
મને ત્યાંથી વળાવીને ચરણમાં આશરો દેજો.

કહું છું આપને નિશ્ચે પ્રભુજી કે તમે મારા,
ખરા આધાર છો, કિંતુ વહું છું રીતથી અવળો.
ખરો આધાર તો આપ, મને ઊંડે ઊંડે લાગે,
પછી અન્ય વિચારો મને આવે જ શાને તે !

બધા સંસ્કારના લેખાં - બધું સેવેલ અજ્ઞાને,
જહીં તહીંથી ખુશામતથી રહેવાને સલામત શો !
પરંતુ આપની કૃપા થતાં જે ભાન જાગ્યું કે,
સલામત સ્થિતિ તો ક્યારેય ના હો જો જીવન વિશે.

સરળતામાં વહેવાનું વલણ છે હોય છે એમાં,
ભીરુતા છે ઊંડી ઊંડી ખબર એની પડે છે જે.
કૃપાથી એ બને છે જે પ્રભુ, તેથી તમોને હું,
હૃદયથી આજ વંદું છું, ચરણની ધારણા રાખી.

મને 'મોટા' વિના બીજે ક્યાંયે જરીકે ના વિસામો છે,
હૃદયમાં આપનું જે રૂપ 'અનુભવ'માં પ્રમાણું છું.
જીવનમાં જે બને છે તેમહીં તુજ હાથ કેવો છે,
બતાવીને મને સદા તું પ્રેરતો રહે છે.

મળ્યા સંબંધ જે જે છે બધા છે કર્મસંજોગે,
થયું છે ભાન તેથી તો કંઈક નિરાંત થઈ છે તે.
પરંતુ સંગ સૌની તે મને જે વર્તવાકેરી,
પૂરી શીખવી કળા મુજને ઉકેલી આપજે જે તે.

બધું ગૂંચવ્યું છે જે કંઈ બધા તે દોષ મુજથી એ,
થયેલા ભાન ના તેનું પ્રભુ તેથી ક્ષમા યાચું.
હવે જગવીને ચેતાવી પૂરેપૂરું પચાવીને,
મને તું પાર ઊતરવા સદા શક્તિ હૃદે દે જે.

પૂરો પાજી અને દંભી વળી લોલુપતા કેવી,
ઊંડી જે કામનાકેરા રચું - જ્યાં મહેલ જેમાંથી.

ન નીકળી બહાર પાછો હું વળી એમાં જઉં રાચી,
પ્રભુ, તારી પ્રસાદી કે કંઈક ઓળખાયા છે.

અનેક ક્ષેત્રમાં કેવી રહી લોલુપતા ઊંડી,
દરેકના પ્રકારો છે મને એ ઓળખાયા છે.
પ્રભુ એથી જ બચવાને જગાયું જે કૃપાથી તો,
હૃદે શક્તિ મને પ્રેરી, તપાવી તારી તું દે જે.

રહ્યો છે લોભ, આસક્તિતણો જે થર જમા કેવો,
ભળી એમાં મતિ મારી કપટનો આશરો લેતી.
પૂરા સંસ્કારથી એમાં ધસી જઈને કરી બેસું,
કદી આઘું અને પાછું વળી શો 'શાહ' કહેવરાવું.

જૂઠાણું દંભ ને ચોરી ફરી કેવાં વળી મારાં જીવનને,
આ ઘેરીને ગયાં ચોંટી જ કેવાં છે.
પ્રભુજી, આપની કૃપા થકી એ ઓળખાયાં છે,
હવે નિવારવા એને મને તું પ્રેરતો રહેજે.

જગત જૂઠાણું નિહાળું, પ્રપંચી આ જ વ્યવહારો,
છુપાયો જે હૃદયમાં 'એ' પ્રભુને પામવા માટે.
'મોટા' રૂપ, આકાર, છતાં જે દિલમાં ન્યાળું,
તમારી એ કળા કેવી કે હરિનું દ્વાર દેખાડ્યું !

પ્રણામો દિલના મારા તમે સ્વીકારજો વહાલા,
વહ્યાં વર્ષો જ તેપન કંઈ લહ્યું ના સહેજે જ્યાં.
હવે જે શેષ છે તેમાં વિશેષે ભાવથી જીવવું,
મથી મથીને મરી જતાં ખરેખરું જીવવું મારે.

❑

# ૫૧. મોટાને વાત

પ્રભુ મોટા તમોને મેં કરેલી વાતથી મુજની
વિચારોની તૂટી સાંકળ કૃપા એ આપની છે શી !

મને તો અન્ય વિશે વિચારો અન્યથા આવ્યા,
તરત જે ઊથલો લીધો સ્મરણનો પ્રભાવ જ છે.

થવાનું જે હશે તે તે બધું ને કર્મસંયોગે,
થવાનું, ત્યાં પછી વિચાર કે કલ્પના ઠીક ના છે.

વળી અંતર વિશે જ્યારે હું શોધી કારણો આનાં,
કૃપાથી એ જડિયા, છે ઊંડી આસક્તિ સ્થળની તે.

પૂરો મુજ અંતરે વહાલા ભરોસો ના હજી જામ્યો,
નહિ તો ના બને આવું મને નિશ્ચે જ સમજાયું.

વળી જે મોહ બીજાનો બીજા સંગત વિશેનો છે,
તહીં વાતો કર્યાથી નિજને ભરમાવી રહેલો છું.

બધી એ વાતનો છે શો રહ્યો ઉપયોગ જીવનમાં,
ફળે ના નિજ વ્યવહારે તો કરવું શું બીજું ત્યાં ત્યાં.

❑

# ૫૨. તુજ ધામ

પ્રભુ તુજ ધામમાં આવી નિવેદન દિલથી કરવું,
પછી જે થાય તે તે સૌ ચરણમાં હું બિછાવી દઉં.

'ચરણ' શું છે મને એનું લગીરે ભાન જ્યાં નહોતું,
કૃપાથી તો પ્રભુ-મોટા તમે મુજને જ સમજાવ્યું.

પ્રભુ તારું સ્મરણ હૃદયે ઠરે એ તો ચરણ રજ છે,
નહિ જો દિલ ઠરે તો તો બધું ઠીક પાર પડશે જ.

પરંતુ ત્યાં લગીરે પણ હજી દિલ ના ઠર્યું મારું,
હજી મન-મતિ મારાં ક્વચિત્ ત્યાં ધારણા લેતાં.

થતાં એવું ક્વચિત્ જ્યારે પૂરી શાતા પ્રસરતી ત્યાં,
તમારા ધામના એંધાણ મને મળતાં પ્રભુજી ત્યાં.

પરંતુ વિસ્મૃતિ પાછી ફરી વળતી જીવનમાં જે,
પૂરો ડૂબી જ ખરડાઈ જતો માંહે વળી પાછો.

❑

હરિ:ૐ

# ૫૩. અહંકારની અસર

(શાર્દુલવિક્રીડિત)

જ્યારે કોઈ મને પ્રભુ કહી જ દે ત્યારે ઊંડે રીસથી,
ક્રોધેથી વળી અંગમાં લઈ બીજું સામું જ વાળું વળી.
પાછળથી સમજાય કે પ્રભુ એ કેવો અહંકાર છે !
એને છંછેડી જણાવ્યો મુજને - ઉપકાર એનો જ છે.

તોપણ એ અહંકાર વાળી શકવા ના કંઈ ગતાગમ મને,
પાછો શેખી કરી રિસાઈ જઈને 'ના નહિ કહું હું હવે'-
એવું બોલીને ઊંડે પ્રભુ જતો છણકાઈ પાછો જ હું,
એ તો એ મુજ ભાવ અહંતણો પ્રભુજી બેવડાઈ જતો જે.

મારામાં છૂપી પડેલ હરિ, રહી લોલુપતા જે બધી,
વ્યાપે છે ધન, કીર્તિ - સ્વાદ સઘળે એ જણાતું હવે.
કિંતુ ના પ્રભુ, લેશ શક્તિ મુજમાં એમાંથી પાછો વળું,
એથી હું હૃદયે જ શક્તિ યાચું - દેજો કૃપાથી પ્રભુ.

આપ જ મારા છો પ્રભુ પ્રગટ હો, ક્યાં જઈ કહું હું બધું,
એ તો આપતણાં ચરણમાં અર્પી નિરાંતે રહું.
તોયે ના મુજ દોષનું થઈ શકે ના કૈં નિવારણ હરિ,
કૈં કૈં જન્મતણા મહીં પડી રહ્યા સંસ્કાર ઊભા થાય સૌ.

જેના નિમિત્તે હૃદે પ્રિય પ્રભુ ! પામું જરા દુઃખ જે,
તેનું કારણ તો રહ્યું નિજમહીં 'અહમ્' ભર્યો એ જ છે.
એને જે તૂટવાતણું બની શક્યું, તેનું મને ભાન હે !
જાગે અંતરમાં ઊંડું એ વળી, વાળી શકું 'હું' મને !

મોટા ! જે જે વાત મેં કહી દીધી, એમાં નિરાંત મને,
આપે તો કરીને કૃપા દિલમહીં આપી જ શાતા તહીં,
તોય ના મુજને થતું, પ્રભુ નહિ જ્યાં ભાન તારું મને,
તેને તો અજવાળવા પ્રિય પ્રભુ દેજો જ શક્તિ તહીં.

પોતે કાંઈ જ કરી શકું નહિ છતાં બીજાને હું તે કહું,
એવી શેખી પડી રહી મુજમહીં - એથી ફુલાઈ મરું.
જાણે 'હું જ બધું જાણું' હૃદયે એવો ધરું ભાવ જે,
પૂરો હું અહંકારથી ભરી ફરી નાગો બની નાચતો !

મારી એ જ ભૂંડાઈ જોઈ પ્રભુ જે કૃપા તમારી પ્રભુ,
એને યોગ્ય બની રહું હરિ હવે એ કાજ શક્તિ ચહું.
શક્તિ જે હૃદયે પ્રભુ રહી જહીં એને જગાડો અને
આમાંથી અળગો રહી શકું પ્રભુ - એવું કરો અંતરે.

જ્યારે કોઈ સંબંધ કે સ્વજન જે માન્યા થકી ઊલટું,
વર્તે તો મુજને થતો કંઈ ઊંડો જે અણગમો તો મને.
એવાં દ્વંદ્વ ગમા-અણગમામહીં પૂરો ફસાઈ ગયો,
એથી તો અવહેલના વળી બીજું તિરસ્કાર ઊપજે હૃદે.

એ તો છે જ નર્યો જ દુઃખ કરતો કચરો બધો છે જ તે,
તેને ખંખેરી અને ઝૂડી બધું વાળી થવા સાફ એ.

હૈયું વહાલા હું તને વીનવતો - કરજે કૃપાળુ જતું,
એ વિના તુજ યોગ્ય હું પ્રિય નથી લેશે હું જાણું જ છું.

જે કૈં કર્મ થતું બધું જ મુજથી - તે તો બધું જ પ્રકૃતિ,
કરાવ્યા કરતી રહે ત્યમ છતાં ગરવાઉ તે 'હું કરું'.
એથી એ જ પળે જગવીને, ચેતાવીને વાળવા-
હૈયામાં મુજને જ પ્રેરી પ્રેરીને ઊભો રખાવ મને.

જે જે આજ લગી મન-મતિમહીં સમજ્યો કૃપાથી જ જે,
તે તે આચરવાતણી રીત પ્રભુ હૈયે જ પ્રેરાવજે.
તે સાથે જ કૃપાથી પ્રિય હે તારું સ્મરણ તો થજો,
નહિ તો અંધારે જ હું અથડાઈને પૂરો જ માર્યો જઈશ.

ઇંદ્રિયો સઘળી વળી વળી અને દોડી દોડી જતી જે તે વિષયમહીં,
એ તો ધર્મ જ એહનો પ્રિય પ્રભુ, ચરણે જ વાળવાને.
મારાં મન-મતિ-પ્રાણમાં પ્રિય પ્રભુ, શક્તિતણું દાન દો,
જે તે સાધન પ્રેરજો હૃદ વિશે જે આચરી હું શકું.

મારામાં કદીયે ન કોઈ પણને વૃત્તિ ન છલનાતણી,
ક્યારેય ન જાગે પ્રભુજી, જાગૃતિ અર્પજો પ્રભુ.
નહિ તો કેવાં બંધનમહીં જઈ પૂરો ફસાઈશ હું,
ક્યારેય ઋણમાંથી મુક્ત બનવાનું, મારું જ બનશે નહિ.

❑

# ૫૪. નિવેદન શક્તિ

અશુદ્ધિ ચિત્તમાં કેવી અને છે કેટલી તેની,
પ્રતીતિ જે મળે છે તે પ્રભુ કૃપા જ આપની.
કૃપાથી આપને જ્યારે કહ્યું મેં જે થતું'તું તે,
બધું ઊડી ગયું કેવું થઈ શાંતિ હૃદયમાંહી.

કરે છે મન પ્રભુ કેવાં જ ફેલાં તે જણાયું છે,
કૃપાનું એ પરિણામ - નિવેદન શક્તિ જાણી મેં.
પ્રભુ તુજ હાજરીને હું વીસારું છું જ કેવી તે,
પડી છે કર્મકેરી ગૂંચ ઉકેલી આપજે વહાલા.

❑

# ૫૫. હૈયે તુજરૂપ પ્રભુ ના નિહાળ્યું

પ્રભુ તારાં ધામો ઘટઘટ રહ્યાં કિંતુ મારે-
હજી ના મુજ હૈયે તુજરૂપ પ્રભુ ના નિહાળ્યું.
તહીં સુધી વહાલા, હૃદય ઝંખે - આપ સંગે થવાને,
જરૂરી એ લાગે મુજ મનહૃદયને આપવા ભાવ જ્યારે.

હરિ, જે યોગ્ય જ છે, બનતું મહીંથી ધારવાનું કરું છું,
છતાં ના કૈં ગોઠે મનમહીં પ્રભુ, આમ દ્વિધા ધરું છું.
મતિ મારી પાછી વળી વળી બધું સારું દેખે,
છતાં એ તો છે કૈં વળી પડી છે પ્રપંચ તહીંયે.

વળેલો છું રાગે, પ્રભુ હું મોહવશ થઈને,
જઉં છું નિશ્ચિંતે નિજ મનમતિને છાવરીને બીજે જે.
બધો એ તો મારો પ્રભુ છે જે દોષ નિજનો,
નથી ત્યાં કોઈએ રહ્યું મુજ કને જે અહીં વાળવાને.

❏

# ૫૬. અભ્યાસ વીસરાયો છે

(અનુષ્ટુપ)

વાતાવરણમાં એવા રહી કેમ શકાય છે ?
એ જ કે અંતરે ઊંડું મોહનું જાળું છે જ છે.

પાછો દંભી થઈ કેવો, દોષ બીજાતણો ધરું,
માફ હે કરજો મોટા, નિજનો દોષ ના ગણું.

હરિના રૂપમાં એક થવાને મુજથી પ્રભુ,
જરૂરી છે જહીં તારું, વાતાવરણ તે રહ્યું.

જ્યાં લગી મારા હૈયે, પૂરેપૂરું જ વીસરી,
હરિનું રૂપ ના જામે ત્યાં લગી હું જ શું કરું ?

વિરોધી સર્વ જે કૈં છે આંદોલનો બધાં અહીં,
એમાં એકાગ્રતા ક્યાંથી થાય મારી ઊંડી પ્રભુ.

કેમ કે એટલી ઘેરી તીવ્ર ના છે જ લગની,
એટલે અટવાયું છે ગાડું મારું ફરી ફરી.

ફંગોળાતો જઉં છું હું વાતાવરણમાં ઊંડો,
પ્રભુ, ઉગારવા હું તો આપને વીનવું હરિ !

મોટા ! આપતણી મૂર્તિ હ્દેમાં ધારવા મથું,
ઇંદ્રિયો તોય તેના વિષયે રમતી પ્રભુ.

કાન જે સાંભળે છે તે ‘નામ’ તારું નહિ હરિ,
રટે છો રસના મારી નામ તારું વળી વળી.

આંખનો વિષય એ તો માત્ર જોવાતણો રહ્યો,
આપને માત્ર હું જોઉં એવું તો કરજો પ્રભુ.

જે વ્યક્ત આ કરવા માટે આપની સંગ હું રહું,
આપને જોવા હું તો વારંવાર એ કહું.

સંકલ્પો સઘળા મારા, આપ સંગે થવા પ્રભુ,
આમતેમ થઈ પાછા તૂટી જાય છે બધા.

નબળાઈ બધી મારી ઈચ્છાશક્તિતણી પ્રભુ,
સંસારે વર્તવાકેરી શક્તિ ના રહી છે હજુ.

વિવેકદષ્ટિ ના પૂરી, ખીલી છે જે હજી પ્રભુ,
એથી તો અટવાવાનું બન્યા કરે જ છે હજુ.

પૂરું પાકું હજી મારું થવું ના અંતરે પ્રભુ,
દઢ થવા જવાકેરું પૂરું જ મન હજુ.

નહિ તો ના બને આવું કેમ હું અટવૈ ગયો,
બહાનાં શોધી મનાવી મેં મનને વાળી હું રહ્યો.

લાગે છે જેહને પૂરું એ તો ઊભો કદી ન રહે,
સીધે સીધો મુકામે એ પહોંચવાને ધસી પડે.

મોટા ! આપ જ છો મારા હૈયે વસેલા ચેતન !
રૂપ તારું પ્રમાણું એ તોયે મન દઢ ના થયું.

હ્દે હું ગદ્‌ગદ થઈને કથની માહરી કહું,
લેશ ના એહમાં મેં તો ઉમેર્યું નિજનું કશું.

સચ્ચાઈ તો રહેલી છે એના નિવેદનોમહીં,
એમાંથી ઊઠવા માટે શક્તિની યાચના કરું.

પ્રેરજો, પ્રેરજો હૈયે શક્તિનો પૂંજ જે પડ્યો,
કૃપાથી એહથી મારા હૈયાને બળ આપજો.

નહિ તો ક્યાંયનો ક્યાંય હું તો ફેંકાઈને પડી,
જઈશ ક્યાંય ખોચંડે નંખાઈ મરી જઈશ.

હવે તો જીવવું જે છે એક જ ધ્યેય તે વિશે,
આપરૂપે થઈ મારે આત્મસંગે ટકી રહી.

એ કાજે રાગનાં ચક્રો કૃપાથી ઓળખાવીને,
ઓળંગાવા બધાં જે તે હૈયામાં શક્તિ પ્રેરજો.

આશ્રય જ્યાં મળેલો છે એને આશ્રમ જાણવા,
મથું છું તોય હું એમાં સ્વસ્થ શાંત રહી જરા.

અશાંતિને કંઈ ક્લેશતણા સંસ્કાર જે રહ્યા,
ઊછળી આવતાં એ તો કેવા ખળભળાટતા !

પ્રભુજી ! આપ તો મારા સર્વ ભાવના રૂપના,
સાક્ષી છો એટલે હું તો જે તે કહી દઉં પ્રભુ !

જરૂર ઝંખના કાજે ચિંતન ને મનન હરિ,
એકધારું થવા તારું મથાવીને ચલાવજે.

મને ના ગમતું ક્યાંયે મન દોડી અને પ્રભુ,
આપના ધામમાં રૂડાવાતાવરણને ચહું !

અહીં સંસારમાં ક્યાંથી મળે એ સર્વ તો પ્રભુ,
વળી એકાંત ને શાંતિ ક્યાંથી પામું અહીં પ્રભુ.

અહીં તો સર્વની સંગે રહીને રહીને પ્રભુ,
સમતા કે તટસ્થતામાં ટકાવું મુશ્કેલ છે.

હૈયાને બળ દેવાને વાતાવરણ તો પ્રભુ,
જરૂરી છે જ તેથી તો ઝંખું જે તે જે ફરી બધું.

અભ્યાસ વીસરાયો છે, પ્રમાદ પ્રસરી રહ્યો,
એથી છટકબારી સૌ ખોળે છે મન આ પ્રભુ !

મતિમાં તો પ્રભુ આપે, કૃપાથી પ્રેરિયો મને,
પ્રકાશ જે થયો એથી પ્રસન્ન તો રહી શકું.

તટસ્થતા પ્રભુ ક્યારે શુષુપ્તા યુક્ત તો બને,
ક્યારેક ભાગેડુવૃત્તિ એથી ઓઠે ઊભી રહે !

આ બધું ઓળખાયે છે, કૃપાથી તો પ્રભુ જ તે,
આપે ભેદી મતિ મારી એથી સ્ફુટ થયેલ છે.

કિંતુ ત્યારે સામનો મારાથકી તો થઈ ના શકે,
આત્મબળ પૂરેપૂરું હજી ના પ્રમાણ્યું હૃદે.

એથી હું અટવાયો છું, ચાહું છું આપને પ્રભુ,
મને દોરો અને પ્રેરો,
મને પ્રેરો અને દોરો પ્રાર્થું છું તમને પ્રભુ.

વાતાવરણ સંસારી ગૂંગળાવે મને પ્રભુ,
વળી ડંખે ઊંડે ઊંડે એવી એ વેદના પ્રભુ.

આવું જ્યાં લાગતાં હૈયે, એક વાત થઈ ખરી,
કે આ કૃપા પૂરેપૂરી આપની છે અહીં રહી.

ડંખ્યા અને વિના સાલ્યા સહેજ પણ ના ચસાય છે,
એથી આ વેદના આવી, આમાંથી ઊઠવાતણી.

અહીં ના લાડવો ક્યારે મળ્યો છે ના કદીય તે,
મળવાનો નથી કાંઈ લાભ તોયે પડ્યો રહ્યો.

એનું ભાન થતાં તીવ્ર પ્રભુજી આપને કહું,
ઉગારો અંતરેથી તો જીવ પ્રસન્ન તો કરો.

આપની સહાય માંગી છે, આપને હું કહી રહ્યો,
કૃપાથી આપ આવીને સાહજો અંતર પ્રભુ.

❑

## ૫૭. મને સહાય અહર્નિશ કરજે રે, એટલું માગું

મન મારું પ્રભુ ક્યારે નથી ઠરતું ચરણે તારાં,
એ તો ખૂબ કૂદાકૂદ કરતું રે...શું કરું બાપુ ?
મને સહાય અહર્નિશ કરજે રે...

એને રસુ કૈં પ્રભુ તારા નામે, તોય એ તો ઊંધું ચાલે,
હવે કહું શું બીજું એને રે...શું કરું બાપુ ?
મને સહાય અહર્નિશ કરજે રે...

તરંગ એના શમિયા, પણ કલ્પનામાંથી ન નીકળ્યું,
એના દોડાધળા એવા રે...શું કરું બાપુ ?
મને સહાય અહર્નિશ કરજે રે...

વળી વળી એ જાતું - વળી વિષયરસે એ ડૂબતું,
તારી કૃપાથી પ્રાણ ન સાથે રે...એ ખૂબી ન્યાળું ?
મને સહાય અહર્નિશ કરજે રે...

એની શક્તિ કેવી ભારે, એને સંગે લેવી મારે,
તારા નામે રસવી મારે રે...એટલું માગું !
મને સહાય અહર્નિશ કરજે રે...

મનનાં ફેલાં છે કેવાં ! ધન સંચયમાં એ ડૂબતાં
કીર્તિના કોટડે ચડતાં રે...શું કરું બાપુ ?
મને સહાય અહર્નિશ કરજે રે...

ચરણે રસવાથી એને પડશે ઠેકાણું મારું,
માટે રસમાં જબોળી દોને...એટલું માગું.
મને સહાય અહર્નિશ કરજે રે...

મન હજી પ્રભુ મારું નથી પૂરું ચરણથી રસાયું,
'એ' આધારે એને રસવું રે, એટલું માગું.
મને સહાય અહર્નિશ કરજે રે...

મતિ પ્રભુજી મારી છેક જ એ અવળચંડી,
એને સવળે માર્ગે વાળો રે, એટલું માગું...
મને સહાય અહર્નિશ કરજે રે...

મારાં પ્રાણ-અહમ્ છે કેવાં એનાં રૂપ કદી ના કળાયા,
મને ફંગોળે છે એ નિત્યે રે શું કરું બાપુ ?
મને સહાય અહર્નિશ કરજે રે...

ચિત્તના સંસ્કારો ખાળું, મન હૃદયમાં તુજને ધારું,
મારી વૃત્તિને વાળું રે, એટલું માગું...
મને સહાય અહર્નિશ કરજે રે...

અથડામણ મન ને ચિત્તને, પ્રભુ વારે વારે થાયે,
ઉર ઝઘડો તે ઉપજાવશે, રે શું કરું હું બાપુ ?
મને સહાય અહર્નિશ કરજે રે...

મુજ હૃદય પ્રભુ છે ભોળું, ચિત્તને કદી થાળે પાડું,
મન મેળવતાં નવ ફાવું રે, શું કરું હું બાપુ ?
મને સહાય અહર્નિશ કરજે રે...

ઠરતું નથી હજી સુધીયે, મન માંકડી ચોક્કસ કેમે,
મને કસોટી બાપ કરાવે રે, શું કરું હું બાપુ ?
મને સહાય અહર્નિશ કરજે રે...

મથી મથી ફરીને પાછું ઘર વિશે પ્રવેશ કરાવું,
તોય પૂરેપૂરું નવ ઠરતું રે, શું કરું હું બાપુ ?
મને સહાય અહર્નિશ કરજે રે...

મરીને જીવવાની ઝાંખી, તેને કરાવવી છે મારે,
બનશે તે તારી સહાયે રે, એટલું માગું.
મને સહાય અહર્નિશ કરજે રે...

❑

# ૫૮. લખાણની નિષ્ઠા

પ્રાર્થના વિશે વિચારી લખાયું જે કૃપાથી,
આપનાં ચરણે અર્પું, કૃતાર્થ થૈ અંતરે.

સમજણ ઊંડી જે ઊઘડી એ કૃપા પ્રભુ,
એવી સમજણે જીવું એવી શક્તિ તું પ્રેરજે.

શક્તિ વિના કશું મારું ગજું નાયે લગાર છે,
ખાલી ખાલી લખી મારું એવું ના બનજો પ્રભુ.

લખાયે છે પ્રભુ તેનું એ પૂરું ભાન રહો હ્દે,
એમાં નિષ્ઠા થવા ઊંડી હૈયે શક્તિ પ્રેરજો.

આચારો વિણ તો આ કૈ વાંઝિયું તો બની રહે,
બહુ બોલ્યો - લખાયુંયે ઘણું તોયે ના પામિયો.

હવે નિશ્ચયે મારે ભલે વંચાય જે કંઈ,
લખાય જે કંઈ તેનું લક્ષ્ય તો જાગજો હદે.

પ્રકૃતિથી મળ્યું આ જે એનો ઉપયોગ તો થવા,
જગાડો ભાન હૈયામાં એવું હું તમને કહું.

હરિનું રૂપ જે કૈં હો મારે તો અંતરે પ્રભુ,
આપનું રૂપ એક જ છે, સ્પષ્ટ જે છબિ હું ધરું.

દઢ એમાં રહેવાવા, ઊંડું ઊડું જ અંતરે,
મને સાથ રખાવીને પાર ઉતારજો પ્રભુ.

સાધનો કૈં ના જાણું, તે પૂરાં દૃઢ ના થતાં,
તોય હું ચડ્યું જે છે એને હું તો કર્યા કરું.

જેમ તેમ કરી હું તો તારી સંગે રહ્યા કરી,
નિવેદું અંતરે આ જ કૈં થતું હો એ બધું.

ભક્તિનો અર્થ તો આપે કૃપાથી સમજાવિયો,
માર્ગે જે પળવા લાગે, એ જ ભક્તિ ખરી ગણો.

પ્રકાશ ક્ષતિમાં પ્રેર્યો, હવે આચરવા વિશે,
શક્તિ હૈયે મને પ્રેરી, સંગમાં તું રખવજે.

❑

# ૫૯. મોટા મારા

આસક્તિ જે શી ઊંડી એક ‘જીવ’માં તો ઘણી,
જ્ઞાનયુક્ત ભાવના મારા હૈયામાં જગવી મને.
એમાંથી મુક્તિ બક્ષીને ભાવ સાચો હ્રદે વધે,
‘એક’ રૂપ થવાનું ત્યાં તો જ બનશે હ્રદે.
‘પ્રકૃતિ’ ને ‘પુરુષ’ કેવું યુગ્મ જે છે સનાતન,
એના અદ્વૈતનું ધ્યેય જીવને ઊંડું જાગજો.
એકાર થાવું એટલે તો ભેદબુદ્ધિ થજો દૂર,
હ્રદયમાં ‘એક’નો ભાવ જીવતો જાગતો થજો.
હરિ, હું તને વંદું આપ આવો સમાગમે,
મને હાથ ગ્રહી વહાલા ઉગારો જલદી હાવાં.
સ્થૂળ જે જે મળ્યું તેમાં સૂક્ષ્મનો ભાવ જાગજો
સૂક્ષ્મમાં આપનું રૂપ નિહાળાજો હંમેશ તો.
એમાં જ રાચવાકેરી મતિ મારી રહો સદા,
હ્રદે યાચું તમોને હું, મોટા, મારા બની રહો.
આપે તો મુજને ‘તારો’ બનાવીને અપનાવિયો,
કિંતુ આપ હજુ ‘મારા’ આત્મરૂપે નથી ગણ્યા.
વિક્ષેપ સામે જ છે તેથી પીડા આ જીવને થતી,
સ્મરણમાં રહું જીવી એવું દો વરદાન હે !
‘મારું’ ‘મારું’ બીજું માન્યું જે ના ‘થતું’ કદીય તે,
આપ તો એકલા ‘મારા’ એની તો દઢતા થજો.
કશુંયે ના રહ્યું છે આ જગત વિશે હરિ,
આપણે સાથ રહેવાનું પછી તો મસ્ત થૈ જો.

❑

## ૬૦. ભેખ

એ પહેલાં કેટલાં કેવાં, છોડાં શા ઊખડી જશે,
તપ એને ગણી હૈયે, પ્રસન્ન તો રખાવજો.

'ભેખ'નો અર્થ ના જાણ્યો, આપે તો જે કહેલ તે,
'આપનું સધાવા કર્મ' ભેખ શો ધરવો રહ્યો.

'ભેખ'ના અર્થને પામું, એવી મતિ પ્રભુ મને,
અજવાળી કરો સ્પષ્ટ, યાચું હું તો લખી તને.

❑

# ૬૧. સગપણની ભ્રાંતિ

મારા પોતાતણા દોષે હું દંડાયો નાથ !
મોટા સુણજો વહાલમા, ખોલ્યું આપે દ્વાર.

પેખાયું છે સ્પષ્ટ ત્યાં ગતિ કર્મની ગૂઢ,
દરેક જીવનું 'નિજ'નું સ્વતંત્ર એ છે કર્મ !

પરિણામ એનાં બધાં, ભોગવતા તે તેહ-
એમાં ભ્રાંતિ ચોંટતાં વેદાતું મુજ માંય.

માન્યા જે 'મારા' હરિ, એ જ ભ્રાંતિ ખ્યાલ,
કારણ જે 'માહરું' ખરું નહિ પ્રિછાય.

દેહપીડા જે આપતો, એ ના મારો હોય !
પ્રાપ્ત થયો જે કર્મથી, એનું એ પરિણામ.

પૂર્વે ભાવ કરેલ જે એથી આવ્યું આજ,
'આજે' ભાવ કરી સીધો છૂટવું મારે નાથ !

દેહ અગર આ રીતથી પીડા આપે ત્યાંય !
તો પછી સંબંધો દેહના ક્યાંથી રાખે શાંત !

શાંતિ ને પ્રસન્નતા આત્માના છે ગુણ,
ભાવના ધારવા થકી રહી શકાયું શાંત.

ટંટો, ક્લેશ, અશાંતિ તો છે સંસારીભાવ,
એમાંથી છૂટવા પ્રભુ, મથવાનું છે ત્યાંય.

'મથવું' ત્યાં શી રીતથી, હું છું પંગુ નાથ,
શક્તિ પ્રેરો અંતરે, યાચું વારંવાર.

આવરાઈ જવાય છે, જે તે ક્ષણ તો ત્યાં,
પાછળથી સમજાય છે, સર્વનું મૂળ ક્યાં ?

માટે પ્રભુજી વીનવું, સુણજો મારા નાથ,
'નાથ' છો આપ કેમ કે પરોવાયેલ છો સાથ.

હૈયામાં વસિયા હરિ, શક્તિ પૂરી પ્રેરજો,
જેથી વળી શકું, તારાં ચરણે ઠરી હું રહું.

'મોટા' રૂપ જ આપનું, ધારું સન્મુખ જ્યાં હરિ,
પામું શાશ્વતની શાંતિની ક્ષણને અંતરની મહીં.

આમ પ્રભુ વસિયા હરિ, અંતરે મારે નાથ !
સ્મરું ક્ષણે તે તે પળે, હાજર સન્મુખ નાથ !

અંતઃકરણો હે હરિ ! પૂરાં વળ્યાં ના નાથ !
એથી અકળામણ થતી અંદર અપરંપાર !

'હરિઃૐ'ની રટણાની પ્રગટે ધારા જ્યાં,
કૃપા તમારી પામતો સઘળાં કરણો જ્હાંય.

શબ્દ આપના આવતાં સ્મરણે મારે નાથ !
ભેખ ધરાજો જીવને સધાવવા નિજ કાજ !

‘કાજ’ આપનું તો હરિ, તુજરૂપ પ્રગટી નાથ !
બનવું મંત્ર પ્રભુતણું, તે જ મુકામ ગણાય !

શી યાત્રા લાંબી ઘણી, બહુ જન્મોની હોય !
તાલાવેલી લાગતાં બનતી ટૂંકી સ્હોય !

કિંતુ લગની તો હજી નથી લાગતી નાથ !
એનીયે ચટપટી પૂરી હજી ના લાગે નાથ !

કૃપાશક્તિ એથી પ્રભુ યાચું છું હે નાથ !
હૈયે પ્રગટી પ્રેરજો, જેથી સીધું થાય !

પુત્ર, પુત્રી, પત્ની બધાં નથી સગાં નિજનાંય,
એક જ સગપણ આપનું ‘પરમ સખા’ છો નાથ.

ભ્રાંતિ સગપણની પ્રભુ પ્રગટે વારંવાર,
એમાંથી નીકળી જવા શક્તિ દેજો નાથ.

સાચું જો સમજાય તો તૂટે ભ્રાંતિ નાથ,
એવું તે બસ એટલું સમજાવી દો નાથ !

સમજાયે બસ એટલું જે આચાર વિશે થાય,
બીજી સમજણ શું કરું ? કેફ ચઢાવે ત્યાંય.

❑

## ૬૨. દૃષ્ટિ, વૃત્તિ ને વલણ મારાં આપનાં ચરણે હજો

દૃષ્ટિ, વૃત્તિ ને વલણ મારાં આપનાં ચરણે હજો
દેખાય છે જે આંખથી તે સ્થૂળને ભેદી અને
જે કંઈ રહ્યું ત્યાં દોડવું - તેમાં નથી કૈં ભાવવું
દૃષ્ટિ એની ભીતરમાં છૂપેલ તત્ત્વને તો પ્રભુ
પામી શકાય એવી શક્તિ આત્મે યાચું.
દૃષ્ટિ...

વૃત્તિતણાં સૌ વેગમાં ઘસડાઈ જવાનું થતું
જો સહેજ થોભું તો કૃપા છે આપની એ ન્યાળતા
વૃત્તિકેરા વેગને તારા સ્મરણમાં વાળીને
ઉત્સાહને છે ખપવવો બસ તુજ રૂપને પામવા
દૃષ્ટિ...

વૃત્તિમાંની લાલસાના વિસ્તારનો છે પાર ના
એને મતિ વળગી અને આધાર એને આપતી
સહેજ મોઢું આપની પ્રતિ વળતાં ઊભી રે'તી પ્રભુ
એ બેયના બળને પ્રભુ, વાળી શકાયે ચરણમાં
તો જ કૈં ઉજાસ આવે મારા આ જીવનમાં
દૃષ્ટિ...

'વલણ' તો સંસ્કાર છે, ફૂટે પળ પળ એ પ્રભુ
ના સાથ દેવો એહને એ બળ ક્યાંથી લાવવું ?
એક જ સ્મરણને પ્રાર્થનાથી એહને વશ ના થવા
કરજે કૃપા હું યાચતો તુજને લખીને બાપલા !
દૃષ્ટિ...

❑

# ૬૩. આપે હાથ ગ્રહ્યો હરિ

(શાર્દૂલવિક્રીડિત)

આપે હાથ ગ્રહ્યો હરિ મુજ છતાં હું કેમ ફંટાઉ છું ?
હૈયે આપતણા રહ્યો ત્યમ છતાં હૈયું ભીનું ના થતું !
કેવાં કર્મ ફરી વળી રહ્યાં - એ ભાનતો છે નહિ
ને હજીયે ઊંડું જીવનનું દર્દ પૂરું ના થતું !

એથી તો સંસારમાં રહી છતાં દુઃખે ડૂબી તો જતો,
પાછળથી હરિ, જાગતું જીવનમાં જે ભાન હેતુતણું,
એ તો કેવો મૂર્ખ બની રહી અને જ્યાં ડહોળતો ડહાપણ
રાંડ્યા તો પછીનું બધું બની રહે ! તો શું કહું હું પ્રભુ ?

આવેલી તકને ગુમાવીને પછી હું રાહ બીજીતણી
જોઉં છું વળી જે બીજી તક હવે આવશે કે પછી
એવી મૂરખતામહીં પડી રહી ડહોળું હું ડહાપણ બધું
પાકો છેક જ ઉલ્લુ હું બની રહું, કૈં દી છતાં ઊંઘતો.

મારું પોલ થયું જ ખુલ્લું બધું, એ આપની છે કૃપા
કિંતુ એથી ઝાળ હૈયામહીં ના લાગતી મને વ્યથા
હૈયામાં નથી લાગતું પૂરું વળી, તો સાલશે શી રીતે ?
માટે ‘લાગી જતાં’ પૂરું હરિ મને - એ દિન ક્યારે હરિ ?

❑

હરિ:ૐ

# ૬૪. પ્રાર્થનાઓ

ધરીને મોખરે ભાવે પ્રભુજી આપને વીનવું,
હૃદય વિશે રખાજો લક્ષ કે કીર્તન આપનું કથવું.
હકીકત આ વિશે ક્યાંયે કશી ના અત્યુક્તિ હો,
કૃપાથી જાગૃતિ પ્રેરી હૃદે લક્ષ રખાવજો.

★ ★ ★

કૃપાથી તો રખાયું છે, હરિ મથી હૃદ વિશે,
કશુંયે ક્યાંય પણ બનતું પૂરી તટસ્થતા હૈયે.
પ્રભુ એ ભાવને લીધે વધે ચમકાર વ્યક્તવ્ય,
સમર્પું એ બધું ચરણે નથી જ્યાં ક્યાંય એ મુજ તો.

★ ★ ★

મુજ સમ કોઈ નહિ કુટિલ અને દંભી,
પ્રપંચી પાછો હું ઠગતો ઠગતો નિત હું મુજને હે.
પ્રભુ મારે હૈયે કૃપાથી પ્રેરી શક્તિ હરિ હે,
પાર ઉતારી દેવાને મથવાને પ્રેરજોજી.

❑

# ૯૫. મોટા મારા હૃદય રસિલા રાજ રે

મોટા વહાલા, હૃદય રસિલા રાજ રે,
મારે અંતર જાગો હે હરિ વહાલમાં.
આપ જ મારા પ્રગટ પ્રભુ પરમાત્મા,
વીનવું તુજને હૈયે હે હરિ વહાલમાં.
મન હજી ના ભળ્યું પૂરું તુજમાં હરિ,
હરિ રસો એ મનને તુજમાં વહાલમાં,
કૂદાકૂદ કરે એ કેવું હરઘડી,
ઠરી રહો એ તારાં ચરણે વહાલમાં.
નામ તમારું કૃપા થકી રટવા મને,
હૈયે પ્રેરો એવું મુજને વહાલમાં,
રૂપ ધરાજો નજર સમીપે વહાલમાં,
જેથી ચિત્ત ઠરી તુજમાં રહે વહાલમાં.
હૃદય વિશે ઉતારી શકવા રૂપ એ,
જ્ઞાનયુક્ત મથાવા પ્રેરો વહાલમાં,
મનહૃદય લાગી રહો તુજમાં હે પ્રભુ,
એવી એક જ ઇચ્છા રહો મારી પ્રભુ.
મતિ હે મોટા, આપ કૃપાથી છે વળી,
શંકા ગાળી ચરણે તારાં વહાલમાં,
એથી કંઈક ઝાંખી પામ્યો આપની,
દર્શન હૈયે પામું એવું ઇચ્છતો.

મતિ એકલી કરી શકે શું વહાલમાં,
સમજણ પણ ના કામ કંઈ લાગે નહિ,
સંજોગે વરતાતું જો ના એ બધું,
કરી શકું શું હું પ્રભુ શું કરું તને ?
સાધન પ્રેરાયે હૈયે એવી ઘડી,
છતાં વિના અભ્યાસે એ ના લઈ શકું,
અભ્યાસે ઉત્સાહ મુજ હૈયે પ્રભુ,
પ્રેરી મુજને વાળી ચરણે રાખજો.

❑

# ૬૯. સર્વ સંબંધમાં પ્રભુનો ભાવ

(ઝૂલણા)

ધનતણું ધ્યાન તું અહર્નિશ આદરે,
એ જ અંતરાય છે તારે મોટો.
નામ લેતાં તને શું નડી તો રહ્યું,
ઊતરી અંતરે તું જ નીરખે.
દોષ પોતાતણો તું નથી નીરખતો,
એથી અથડાય છે બહાર તું તો,
અન્ય ભાર દોષ તો ક્યાંય લેશે નથી,
નિમિત્ત એ તો રહ્યાં છે જ ત્યાં.
અંતરે સ્મરણથી જગવી દેજે જ તું,
પૂર્ણ વાતાવરણ હરિકેરું.
એ પછી કંઈ કશું નહિ નડે બહારનું,
મસ્ત થઈ જીવ જે જીવનમાં હે.
સર્વ સંબંધમાં લઈ ઊંડે ઊંડે એક
ભાવ જ ધરી પ્રભુતણો રહે.
નિજના અહમ્‌થી ઊપજ્યું આ બધું
એમ ધારી રહી નમ્ર જીવજે.
કોઈ પણ સંબંધી કોઈ ના કોઈનું
સર્વ નાચી રહે નિજ સ્વાર્થે
એ 'ગુરુ' ગણી એહ સૌને જ તું,
તાહરા 'સ્વાર્થ'ને ઓળખી લે.

'સ્વાર્થ' એ એટલો સ્પષ્ટ ઊંડો કરી,
આત્મ અર્થે જીવી તારે લેવું.
અવર સૌ કંઈ બધું જાણી ઉપલક લઈ,
પાર ઊતરીને મસ્ત રે'વું.
કહેવી ના કોઈને દિલની વાતને,
ગુફ્તેગો તારે કરી લેવી ઊંડી.
હૈયે તારા જ જો 'રૂપ' 'મોટા'તણું
વસી અને તલસતું કાર્ય કરવા.
મુખ તો છે વળ્યું, પણ થઈ લગની ના,
એની છે ખોટ તો હૈયે મોટી.
આ તો આંટીઘૂંટી પૂરેપૂરી રહી,
હાથ એમાં ન તારે દેવો.

❑

હરિ:ૐ

# ૬૭. પ્રકૃતિનાં ફેલાં

(અનુષ્ટુપ)

જોવું ત્યાં એટલે કેવું ભારે છે કર્મ જીવને,
આત્મજ્ઞાન વિના પામ્યા, કશુંયે જોવું શક્ય ના.

જીવને હેતુ શો ધાર્યો, એની સ્પષ્ટ રીતિ હૃદે,
જીવતી રાખવા માટે, કૃપાથી મથવું રહ્યું.

જ્ઞાનરૂપે રહે છે જે, એ જ દ્રષ્ટા બની રહે,
બીજાથી જોવું ના શક્ય, એ તો એમાં ભળી જશે.

સર્વ કોઈ ગતિમાં રહે, પોતાના સંસ્કારથી,
એથી દોષ નથી કાંઈ, કોઈનોયે જરી પણ.

આપણે અન્યની કોઈ પ્રકૃતિને ન નીરખવી,
કિંતુ એના નિમિત્તો આપણીમહીં થાય શું.

એને નીરખવા ઊંડી હૈયાથી પ્રાર્થના કરી,
પોતાની પ્રકૃતિનાં સૌ ફેલાંને નીરખી રહી.

એને વશ થવાયે ના એ કાજે શક્તિ યાચીને,
કૃપાથી અંતરે રહીને, 'મોટા'ને સ્તવવા તહીં.

'હરિ'નું એ જ રૂપ, દૃઢ હૈયામહીં થયું,
કેમ કે જીવને એ તો કેવી રૂડી રીતે રટે.

'મોટા' એ માત્ર ના રૂપ પુંજ અનંત શક્તિનો,
એ સાર્થ સાદ્યંત 'પોતે' છે 'એ'ની લીલા અપાર છે.

❑

# ૬૮. મોટાને ધરવા હ્રદે

વ્યવહારો જેમની સાથે રહ્યા છે કરવા નહીં,
શાંત ચિત્ત રહે એવી ધારણા ધરવી પૂરી.

એ તો પોતે જ પોતાની રીતેથી વર્તશે સદા,
ઉદ્વિગ્ન ચિત્ત પોતાનું કદીયે કરવું નહિ.

કેમ કે એથી તો ઊંડા પડે સંસ્કાર ચિત્તમાં,
નવું જન્માવીને પાછી થતાં ઉદય એ પછી.
નવી જ સૃષ્ટિ જન્માવી અંધાધૂંધી પ્રસારશે,
આવતું જીવન પાછું - કથળાવી જ મારશે.

ચિત્તના એ જ સંસ્કારો અત્યારે ઊછળી પડે,
એના આવી રીતે તારે નિવારવા મથવું પડે.

મથતી વેળા તો તારે 'મોટા'ને ધારવા હ્રદે,
એમને કહેતા હોય એવી રીતે કહી દઈ.
નવું 'નિશ્ચિત' અંતરે, એ જ રીતે રહી અને
સમય વાળવો તારે નહિ તો વળશે ઊંધું.

તને આ વાત તો કેવી 'મોટા' સમજાવી રહ્યા,
એમના જેવી આ વાણી હૈયે ઉતારજે રૂડી.
એથી અણીની વેળાએ શક્તિ આચરવાતણી,
હૈયામાં ફૂટશે કેવી કૃપાથી 'એમની' તને.

કૃપાપાત્ર થવા કાજે, દર્શાવેલી જ રીતથી,
વર્તવા ઉદ્યમી થાવું, આડે રસ્તે જડે નહિ.

આડો રસ્તો હંમેશનો કેમ કે પ્રકૃતિ તે રહી,
વર્તવા મારતી ધક્કા, ત્યારે તારે રહી અને
ખૂણામાં હાથ રાખીને, ખભો ત્યાં પકડી અને
'મોટા'ને પકડી રાખી, 'એમની' કહેતા ચાલવું.

સહેજ ત્યાં નવરાં થતાં આવી જે ઉપરે પડે,
ગ્લાનિ, ઉદ્વેગ ને કેવી ખિન્નતા ત્યારે ત્યાં ચડે.
એથી છોને ગણે બીજા 'નિર્બળ' તુજને ભલે,
હવે ના પડવું તારે પંચાતે કોઈની ત્યહાં.

❏

# ૬૯. મોટા-મહાદેવજી

મોટા ! આપે કરી કૃપાને દર્શન સ્વપ્ને દીધા !
કેવા અનુપમ રૂપ ધરીને પાલખીએ જ પધાર્યા.

અલંકારથી શોભી રહેતી કાયા પ્રભુની કેવી !
માથે સુવર્ણ મુગટ ધરેલો આસનધારી રાખી.

હાસ્ય અનુપમ તેજ ભરેલાં નેત્રો કેવાં વહાલા !
રૂપાતણી પાલખીમાં બેસી ચઢાણ આપે સાધ્યાં.

ત્યાં આસનબદ્ધ બેઠેલા'તા મહાદેવજી નાથ !
દેખી આપતણી સવારી હાથ જ જોડ્યા નાથ !

મોટાજીને પ્રણામ કીધા મહાદેવજીએ પ્રેમે,
એ જ પળે શું દૃશ્ય દેખાયું અનુપમ મારી આંખે !

દેહરૂપ પ્રભુ આપતણું જે બન્યું બાળ પ્રભુરૂપ !
જઈ બેઠું મહાદેવના ખોળે, અચરજ ત્યાંય થયું !

તત્કાળ મહાદેવે તો થઈ બેઠા આપને સાહ્યા,
હૈયા સરસા ત્યાં તો પ્રભુજી વિરાટરૂપે વિલસ્યા.

ભવ્ય ઉન્નત દેહ આપનો મહાદેવજી સંગે,
નર્તન મુદ્રા ધરીને ઊભો - અંજાયો ત્યાં રંગે !

અલંકાર શોભાથી અનુપમ મોટા લયમાં ડોલે,
સંગે પ્રભુની મહાદેવજી લય તો કેવો આપે !

મોટાના નર્તનની - રીતિ નહિ વર્ણવી જાય !
પ્રત્યેક અંગે ગતિ વિધિની નવી રેખા અંકાય !

દર્શન કરતાં ગદ્ગદ હૈયું ! હાથ જોડીને ઊભો !
કૃપા કીધી તમે પ્રિય પ્રભુજી દર્શન પામ્યો રૂડો !

મોટા બોલ્યા : આ પૃથ્વી પર સઘળાં રૂપોમાં 'હું',
સ્વામી નારાયણના રૂપમાં જે પ્રગટ્યાં તે 'હું' છું !

હમણાં તું ક્યાં ક્યાં જઈ આવ્યો યાદ તું કરજે તાજી,
એનો ભાવ ગ્રહીને સઘળે રહેજે રાજી રાજી !

જાગ્રત થઈ જા ! પળ જે મળતી આ તો સ્વપ્નદર્શન,
મિથ્યા એ ના - કિંતુ એમાં રહેલ ભાવ - મર્મજ્ઞ !

❑

# ૭૦. મોટા સાથે લગ્ન

ખપાવે કર્મ સૌ સૌનાં તટસ્થ તું રહી જોને,
તું શાને આવરાયે છે ? તને ઉદ્વેગ શા માટે ?

અગર ઉદ્વેગ ને ગ્લાનિ થતાં જો હોય ઉરમાં તો,
ખરું કારણ તેનું તો પડેલું નિજમાં જોને.

ખરે ! વહાલા કૃપાથી તેં મને વાળ્યો વિશે પાછો,
ફસાયો છું જ જાતે તો પરિણામે મળ્યું તે તો.

તને આસક્તિ છે જેની-તેની સાથે સંગે તું,
નથી નિઃસંગ થઈ શકતો પરિણામે રહ્યું દુઃખ તે.

થતાં ઉદ્વેગ તેં કેવું ચિડાઈ કર્મ તો કીધું-
પછાડા છો ભલે કીધા-પડ્યો શો ફેર તેમાં ત્યાં !

બધું પાછું સીધું ચાલે - બધુ વીસરાઈ જાતું તે,
બધા ઘા ભૂલી જૈ જેને વહે છે આ ગતિમાં તે.

બધાં નિજને સાચા તો રહે માની પછી ક્યાંથી,
થશે શાંતિ-સમાધાન બધો વ્યર્થ પ્રયત્ન જ છે !

જગતજનને રીતે નિજની વહેવા દે તું રહે મગ્ન,
તું તારી મસ્તીમાં સહેજે શાને ઓટ લાવે છે ?

બધું તું વેરવિખેરીને - થયેલું કર્મ ઊગીજે,
થઈ વશ પ્રકૃતિને તું બધું ઊંધું વાળે છે ?

સદા ઉર શાંતિને કાજે - થતું જે હોય તેમ જ,
તું થવા દેજે, કશો ના ત્યાં બીજો વિચાર તું કરજે.

બધું જે કૈં થતું એમાં પૂરું કલ્યાણ સૌનું છે,
તું ધારી જ્ઞાનદૃષ્ટિથી પ્રસન્નચિત્ત તું રહેજે.

હરિમાં મન લગાવાતાં ઉધામાં આવશે આવા,
પૂરો વિવેક તું રાખી બધો રસ્તો કરી લેજે.

ઘડીભર સંગ સંસારે કર્મો ‘હું’ ‘મારું’ ‘મારું’ મા,
કદી ના સુખનો વારો મળે જોવા તને નિશ્ચે !

પછી શો લાડવો દાટ્યો તહીં છે એમ જાણીને,
થઈને ભાવથી નિઃસંગ રહી નિજ સંગ કેળવજે.

હૃદયમાં ‘હું’ બિરાજેલો ભૂલી તું કેમ જાયે છે ?
તહીં તું તાર જોડીને કરી સત્સંગ તું લેજે.

ખરો સત્સંગ હૈયામાં રહી સંલગ્ન ए સાથે,
ધરીને ધારણા ત્યાં તો ‘મોટા’ને વરી લેજે.

‘મોટા’ તો સદાયે લગ્નથી તુજ સંગ બેઠા છે,
નથી તું ખોલતો ઘૂંઘટ બધે અંધાર એથી છે.

કદી દૃષ્ટિ નથી જાતી જ કારણ એહનું જાણ્યું ?
કે તારી સર્વ વૃત્તિઓ રહી સંસારમાં છે તે !

સંસારવૃત્તિ તો પડી રખવે જ ‘મારા’માં
અને ‘તારા’ છીએ એવું મનાવીને ફસાવે છે.

અરે ! તુજ સંગકેરો પણ રહ્યો નખ છે જ નાનકડો,
દબાતાં સહેજ એ પણ તો તને પીડે જ છે કેવો !

અગર જો દેહનો સૌથી જ ઝીણો જે છે,
રહ્યો છે વાળ તે પણ તો પીડે છે સહેજ ખેંચાતા.

પછી તો દેહના સંબંધ કઈ રીતે સુખ દૈ શકશે ?
અમસ્તી આશમાં તું તો ખૂએ છે નિજ મિલકતને.

અરે ! મૂરખા હજી સુધી પડી એમાં રહ્યો તોયે,
નથી જાગ્યો હજીયે તે ઊંધે પાટે પડેલો છે !

થઈ કટકા જશે તોપણ કશો ના ફેર પડવાનો,
કદી સંસારજનમાં હે બધી ફોગટ મહેનત છે.

અને એથી ફના થાવા તું ઉદ્યત થા પ્રભુ કાજે,
ભલે કટકા જ તે કાજે થતાં વધાવી એ જ તું લેજે !

અહમ્-મમતાતણા ટુકડા થતાં જાણે જ ત્યારે તું,
હૃદય તું હરખ પામીને પ્રભુનો પાડ માની લે.

વળ્યું છે મુખ જો તારું 'હરિ' પ્રત્યે તો જાણી લે,
પીડા તો છે જ વધવાની, તું એને જોગવી લે જે.

ગઈ પળ કોઈ કાળે પણ કદી પાછી ન આવે છે,
સદા અવસર તું માણી લે મળેલી એ પળો વિશે.

રહેવાનું જ હંમેશાં તારે 'એકલા' રહીને,
નથી કોઈ જ સંગાથે ન ક્યાંયે તો જ આવે છે.

'પ્રભુરૂપ' તો થતાં સુધી રહેવાનું જ સંગે છે,
હૃદય ધારેલી મૂર્તિ 'હૃદયરૂપ'માં જ ફેરવશે.

બીજું ના કોઈ સંગાથી ખરો સંગાથ એનો છે,
પકડી આંગળી રાખી તું ધીમી ચાલ ના ચાલે !

અને એથી જ એની 'સંગ' રહ્યો સત્સંગ સાચો છે,
અવર સંગાથ તો ખેંચી જ તારા ટાંટિયા લેશે.

થયું શું આજ સુધીમાં વિચારી જો હરિ વિશે,
તું દોડ્યો જેને જે વિશે, તહીંથી શું લઈ આવ્યો ?

અરે ! ઊલટો ઊંડા ગર્તે જઈ ડૂબશે પૂરેપૂરો,
વળી સામાના અંતરમાં બીજાં વેરબીજ વાવ્યાં છે !

ન ગમતું કોઈને ક્યાંયે - બીજાનું સહેજ કીધેલું,
અને એથી કહેવાતાં મનોમન વેર જાગે છે !

છુટાવા કર્મથી આવ્યાં અને આવી રીતે બીજાં,
વધારી બંધનો ભૂંડા ! તું શું તો હવે કરશે ?

ભલેને વેદના પ્રગટે ! અરે હજીએ પ્રગટી રે'શે !
જરાયે અંતરે ગ્લાનિ કદી ના તું થવા દેજે !

મુઝાતો ના કદી લેશે બધું ત્યાં કાળ પકવી દેશે,
તું તારે સંગ મારી રૈ, બધું મુજને કહી દેજે.

કહેલો તેં મને કેવો 'પરમ પ્રેમી સખા'-તો શું ?
બધે એ તો રહ્યો બકવાદ મિથ્યા તો રહેલો શું ?

સખા તું કદીયે સહેજ પણ વીલો ન તું મૂકજે,
બીજે ક્યાંયે ન તારું ચિત્ત જરા સરખું જવા દેજે.

થતું અંતર વિશે જે કૈં એના મૂળમાં શું છે ?
નીરખી નીરખી બધું જે જે નિવેદીને તું હરખાજે.

નથી સંસાર તો નડે છે, નડે છે માન્યતા નિજની,
પડી સંસારને વિશે - જ તેથી તો ફસાયા ત્યાં.

માટે ફેરવી દેને સઘળી જે માન્યતાઓ છે,
લઈ નામ અંતરમાં છૂટો રહેવા મથી - મરજે.

મર્યા વિના કદીયે ના થવાશે મરજીવા એવાં,
મર્યા વિના નહિ આવે જરીયે મોજ જીવનમાં.
મરી જ્યાં જીવદશા જાશે, પ્રગટશે આત્મની જ્યોતિ,
પછી ત્યાં લક્ષ નિત રે'તાં જરી ગ્લાનિ ન ત્યાં આવે.
બધી આશા અને તૃષ્ણા વળી જે લાલસાઓ છે,
તને તાણી અને તૂંસી પૂરો ભીંસી જ તો લેશે.
અરે ! તું મિત્ર જાગી જા ! જવું છે જે દિશા પ્રત્યે,
તહીં ના ક્લેશનું કાંઈ કમંડળ નહિ જ લેવાશે !
સદા શાંતિ અને અંતર વિશે રહેવા,
પ્રસન્ન જ તો જ એ બાજુ ટકાશે અંતરે તુજથી.
ભૂલ્યો તું કેમ કે તેં તો જાતે તો કરેલું છે,
નક્કી કે સદા શાંતિ અને બસ મોજમાં રે'વું !
અને બસ એટલા માટે મહીં મથવું જ તો પડશે,
લીધેલા નિશ્ચયે જીવવા-ઊંડા ઊંડા જવું પડશે.
મફત નહિ મળે કાંઈ - અરે તું મિત્ર જાણી લે,
પૂરેપૂરા જ હેતુના ધરીને જ્ઞાનથી તારે.
ફના થવાની તૈયારી સદા કરવી જ રે'શે,
નહિ તો આ બધું ગાડું જરૂર તો ખોટવૈ જાશે.
જરી કૈં જાણ્યું એમાં તો ધરે ફાંકો જ શા કાજે ?
અગર જાણેલું - સમજેલું જીવનમાં ના વહ્યું તો તો.
બધો પરપોટો એવો તો ફૂટી જાતો જુએ કેવો ?
થતો ત્યાં ઢેડફજેતો છે, નથી તું જાગતો શાને ?
કૈં સમજણ થતાં તું તો જતો દોડી જ સમજાવા,
અરે ! પૂરું તું સમજીને જીવનમાં આચરી લેને.

સમજવું કોઈને પણ ક્યાંય નથી 'જીવન' વિશે, મિત્ર !
અમસ્તો ફોડીને લમણા ગુમાવું ગર્થ તેં તો છે.
હવે ગુમાવવું તો ના કદી પાલવવાનું છે !
બધી સમજણ ઉતારીને ઊંડી ઊંડી હૃદયમાંહે.
ધરી લક્ષ ત્યાં ત્યારે જીવીને મહાલવાનું છે.
થઈ બેઠો તું એથી જો જીવન આહ્લાદ કેવો છે ?
નહિ તો માથું કૂટીને અમસ્તા મરી જવાનું છે !
કહેલું તો હતું પેલા મોઢે બાપજીકેરા,
'કે જાણ્યાનું ચઢે છે ઝેર' તો તું એ જ સમજી લે.
'હું' બોલું કૈંકના મુખથી, પૂરો સંકેત જાણી લે,
અન્યને સમજાવવાકેરો અહમ્ પડદો ન તું ઢાળે !
'સમજવું' એટલું તે 'નથી કોઈ સજવાનું',
નથી કાંઈ ફાયદો એથી તુજને કે બીજાને કે.
ખરું કારણ એનું તો 'સમજણ' નું મૂળ ઊંડે છે,
દરેકે જીવના હૈયે વસેલું છે તે તો રહે.
અને એથી વખત પાક્યે સહુ સહુ સમજીને લેશે,
ઊભા રે'વાથી ત્યાં તારે જાતે ગુમાવાનું જ નિશ્ચે છે.
રહીને મૌન ભાવેથી બધું 'જોવા'નું શીખી લે !
થતું અંતર વિશે ત્યારે સહારો નિજનો લૈ લે.
'હું' તારી સાથ છું નિશ્ચે, જરી ના તું જ ગભરાતો,
મેં તારો હાથ સહાયો છે, પછી વિચારતો શાને ?

❑

# ૭૧. હરિ, તારી યાદ ધરાજો હૃદયે

હરિ, તારી યાદ ધરાજો હૃદયે, યાચું તમને વારે વારે
એક ક્ષણના સ્મરણમાત્રથી મનડું શાંત બને છે,
મતિમહીંનો વિકાર વહાલા, ક્યાંયે ઊડી રહે છે,
તો પછી જ્યારે હરઘડી થાયે સ્મરણ તમારું નાથ !
એથી યાચું તમને મોટા, આવું વારંવાર...હરિ

હજી પૂરું ના નથી રસાયું એવી અટવામણ છે,
ગૂંચવાડો મતિમાં પડી રહેતો એની અકળામણ છે,
વૃત્તિના ના કૈં ઠેકાણાં, શું કરવું ત્યાં નાથ !
આથી વીનવું તુજને વહાલા રહેજો હારે હારે...હરિ

વૃત્તિ શાંત બને છે ત્યારે વિકલ્પો ના છે અપાર,
કૂદાકૂદ કરે વિષયમાં પછડાતા ત્યાં રહે છે,
ભાવસંસ્કારો પૂર્વેના મારે ધક્કા પૂરા,
તોય હરિ તુજ સ્મરણ જાગતાં ભાગે બધાય પાછા...હરિ

હે મોટા આપ જ મારા છો એક હૃદય આધાર,
આ લખું છું ત્યારે પૂરી નિષ્ઠા છે સમજણમાં,
પરંતુ દિવ્ય જ્યાં કર્મતણો થાયે છે વહાલા ત્યાંય,
ચેતાવાનું પછી બને છે એ મોટી મોંકાણ...હરિ

ગૂંચવાડા સંસારે જાગે, વ્યવહારોમાં આંટી,
મુશ્કેલી આવી પડતાં પણ યાદ બને જ્યાં તાજી,
સુઝાડે છે કૃપા થકી તું ઉકેલ કેવો હૈયે,
એથી યાચું વહાલાજી મને જાળવી લેજો હૈયે...હરિ

❑

# ૭૨. હરિવંદના

હરિઃૐ મોટા ! તુજને નમું હું,
હૃદે પ્રભૂજી પ્રગટો કહું હું,
જે જન્મ પામ્યા પ્રભુ હેતુ તેનો,
જગવ્યો કૃપાથી જ વંદું હરિ હું.
પ્રભુ તમે છો, પ્રગટેલ રૂપે,
ને હું રહ્યો છું ભટકેલ રૂપે,
સાહ્યો હરિ હાથ આપે કૃપાથી,
તારો હવે એ કહું હું પ્રણમી.
શું કહું હું દિલકેરી વાતો,
જે કંઈ થતું તે કહું છું વળી હું,
ને પામું તત્કાળ ઉકેલ કેવો,
તારી કૃપાનો બનું પાત્ર ના તો.
હૈયે નથી જાગતું ભાવ સ્રોત,
ના ભક્તિ કૈં ઊંડાણ તો,
આસક્તિ ને મોહ કેવાં જ ખેંચે,
ને ડંખતા તે જ કૃપા તમારી.
મમતા અને રાગમહીં ડૂબેલો,
તોયે તમોએ મુજને બતાવ્યો,
સંસારલીલાતણો જ ભાગ,
કેવો રહ્યો છે નિજમાં જ ભાગ.
મોટા, તમે અંતરમાં વસો છો,

પ્રેરો સદા શક્તિ તહીંથી બાપુ !
હું છેક તો છું જ પતિત વહાલા !
ઉદ્ધારીને મુજને પાર પાડો !
વર્ષો વીત્યાં તોય ન જાગ્યો બાપુ !
આજે વળી જે નવું વર્ષ પામ્યો,
તોયે નથી જીવનકેરી મારી,
ઊંડી અભીપ્સા નથી પૂરી જાગી.
મોટા હવે એકરૂપે જ પામું,
હૈયા વિશે તુજ સંગે જ પામું,
થઉં એકરૂપ પ્રભુ એ જ લક્ષ્ય,
એનું રખાજો ઊંડું જ લક્ષ્ય.
આવી મળેલા સંજોગમાંહી,
કૃપાથી નીરખું પ્રભુ સંગ તારી,
કેવી લીલા છે એને પ્રમાણું,
મારું જ લક્ષ એવું બનાવું.
એ કાજ મારા હૃદયે જ આવી,
દેજો પ્રભુ સાથ અંતરયામી,
છો આપ જ એકમાત્ર સહારે,
ના કૈં બીજે લક્ષ મારું લગારે,
રહે પ્રભુ મુજ એવું બનાવો,
આ જીવનને ફોરાવી દેજો.
કૃપાથી તો હું પ્રભુ રોજ પામું,
સંદેશ તારો હૃદયે નવાજું,
જ્યાં કંઈ થતું અંતરમાં અવર જે,
તેવી પળે તું જ પ્રકાશ પ્રેરે,

એથી નિરાંતે ઘડીમાં અવાતું,
એવી પ્રભુ તારી સંધિ હું પામું.
તોય વીસારી ભમું કૈંક વાર,
ને હું જાણે બનું ઢોર જેવો,
કૈં કૈં નકામું હું ચહી ચહીને,
વાવેલું થોડું જ પાછું બગાડું.
એવો ભૂંડો છેક જ હું બનું છું,
એની જ સામે ટકવા પ્રભુ હું,
પોકાર પાડું તમને કહું છું,
દૈ સહાય મુજને ઉગાર જે તું,
બચાવજે તું
ને તારજે તું
મોટા ! તમારાં અનંત રૂપો,
જે હું પ્રમાણું જ થોડાંક તે તો,
ચિત્તો પ્રભુ ધરું બાહ્યરૂપે,
ને હું સ્મરું આપતણી લીલા તો.
વિચાર સ્પર્શે પૂરો જ જ્યારે,
આવી પડે કૈંક મુશ્કેલી જ્યારે,
એવું તમારું રૂપ પાછું મુજને,
વારી મને અંતરમાં ઠરાવે.
ક્યારેક તો હું કૃતજ્ઞતાના,
સ્મરી રહું જે પ્રસંગ સારા,
ત્યારે હૃદે જે ઊભરો જ આવે,
એમાં તમારું રૂપ નીરખાયે.
સંબંધમાં ના હજી હું પ્રમાણું,

છૂપેલ છો ચેતનરૂપ તારું,
એનું જ છે મૂળ કારણ કેવું,
એ પાછું આસક્તિનું રૂપ એવું,
જે આવરાયે મન હૃદયને,
એથી બધું ત્યાં જ અંધારું વ્યાપે,
કિંતુ હૃદે રાખી શ્રદ્ધા ઊંડી હું,
કે એક દહાડો નક્કી તારશે તું,
એવો ધરી ભાવ જીવવા મથું છું,
વહાલા પ્રભુજી તુજને કહું છું.
એ કાજ શક્તિ જ દેજો કૃપાથી,
ને પાત્ર મુજને ઘડજો દયાથી,
આવા પ્રભુ છેક જ જે પડેલા,
તેને જ પ્રેમે આપે જ લીધા.
તારો પ્રભુ પ્રેમ જ પામ્યો કેવો,
છતાં ન તેનો ઉપયોગ કીધો,
ને કાળ તો આમ વહી જ ચાલ્યો,
માટે હવે તો દયા જ ધારો.
મોટા ! કૃપાળુ કરુણાળુ વહાલા !
સ્મરતાં તમોને ભીજ્યું શું વહાલા !
હૈયું હજી ના પૂરું રસાયું,
એથી જ કોરું ને કોરું રખાયું.
એ તો હજી ક્યાં જઈને પડે છે,
એનું નથી ભાન એને લગી રે,
ને દંભ કેવો કરતો રૂપાળો !
પાછો પ્રપંચે જઈને પડે છે,

ખીલે જ કેવો વળી ત્યાં પ્રભુએ,
છે 'જીવ' કેવો નબળો વળી તે !
એનો નથી ડંખ પાછો એને !
એ તો કવાણું બન્યું જ એને !
આ દોષમાંથી ઊગરી જવાને,
હૈયે સદા શક્તિ પ્રેરો અમોને !
મોટાજી આપે સદાય સુણી,
હૈયાતણી વાત પૂરે જ પૂરી.
છો આપ મારા બસ એક કેવા,
હૈયાતણા તો સખા જ વહાલા,
ગુરુપદે છો પ્રભુ દોરી રે'તા,
ને પ્રેમરૂપે પ્રભુ સંગ દેતા !
આ જન્મ જે પામિયો તેનો હેતુ,
જગવી મને તો જિવાડજે તું,
ક્યારેય ના હું ખઉં ઝોકું લેશ,
ત્યારે તો આ મરશે રમેશ !
માયા પ્રભુ નામરૂપની જ કેવી,
એવી દશા આ 'જીવ'ની થયેલી,
એમાંથી ઊગરી જવાને કાજે,
મળ્યો જ કાળ પ્રભુ જે અમોને.
આ જન્મદિને સ્મરી હું તમોને,
જે કંઈ રહ્યું શેષ આયુષ્ય ભાગે,
એમાં સદા હું સ્મરી આપને હું,
હેતુતણા ભાનથી પાર આવું,
એવી પ્રભુ જાગૃતિ બક્ષી હૈયે,
ગ્રહી પ્રભુ હાથ ઉગારજો હે !

❑

# ૭૩. મોટા, પ્રેમી મસ્તાન

કૃપાથી તમારી પ્રભુજી અહીંયાં,
વીત્યા દિન કેવા રૂડા ને રૂપાળા,
પ્રભુ, તે જ તલ્લીન રાખી જ મુને,
કરાવ્યું જ કર્મ લીધેલું જ જ્યાં મેં.

ન થૌ કૈં શકાતે ધરે રહૈ કશુંયે,
બધું જે બન્યું તે તમારા પ્રતાપે,
સમર્પું પ્રભુ હે ચરણે તમારાં,
સ્વીકારી કરો ધન્ય મુજને જ વહાલા !

ન ધાર્યું મારું બન્યું કૈં જ એથી,
થયું રૂડું જ કૈં બન્યું તે કૃપાથી,
હવે લાગ્યું કે જો કર્યું મેં હતે તો,
બને કેવું ભૂંડું બધું તે નકામું.

વળી કૈંક કેવા મહીં તો લપેડા,
થયા હોત તે તો ભૂંડા જ મારા,
બધાં પેંતરા જે મતિના હતા તે,
નિવારીને પ્રેર્યો હૃદેથી જ આપે.

કર્યું જ્યાં નક્કી કે કહીને તમોને,
થશે કામ જે કૈં રૂડું તે પ્રતાપે,
બધું ત્યાં ફર્યું ધાર્યું મારું હતું તે,
થઈ તે કૃપા મેં સ્વીકારી હૃદે તે.

પૂરો હેતુ મોટા ! લીધેલાં જ કર્મે,
ટક્યો ના પૂરો મેં કહું શી રીતે ?
પૂરી ના જાગી છે ઊંડી એવી,
પ્રભુભક્તિ મારી, બન્યું તેજ એથી.

સ્મરણ તારું રહેતું વળી તે જતું ક્યાં,
ખબર પણ પડે ના વળી જાગું હું ત્યાં,
વળી વારે વારે હ્રદે તે ચડીને,
મને તું કરાવે રૂડું કામ પ્રેરે.

કર્યું લક્ષ્ય જીવવાતણું બુદ્ધિ મેં,
નથી પ્રાણ રેડ્યા લગીરે તહીંએ,
અને એથી અવળું જ પડેલું બન્યું છે,
પ્રભુ ! પ્રાણ પ્રેરો કહું હું તમોને.

પ્રભુ મોટા ! આપે મને જે સ્વીકાર્યો,
ગ્રહી હાથ મારો હ્રદે તેં જ ચાંપ્યો,
પ્રગટ તો પ્રભુ, આપ મારા હ્રદેના,
કર્યું છે જે દઢ જ મારા મને ત્યાં.

હજી મન લગીરે રસાતું ન વહાલા,
કે જાગી લગીરે ગરજ ના હે ત્યાં,
અને એથી લગની જ લાગે શી રીતે ?
પ્રભુ એથી વંદું જ પ્રેરો જ હૈયે.

ધીમે ધીમે ઉતાવળેથી જ મારે,
વળીને વળીને વળવાનું મારે,

કૃપા આપની સંગ રાખી જ રાખી,
પ્રભુજી હું ચાલું ધીમે ધીમેથી

નરી પ્રકૃતિ જે રહી મૂળમાં છે,
ઉપયોગ એનો થયા તે ગયો છે,
અને એ રીતે હે પ્રભુ તે મતિમાં,
રૂડો જ પ્રકાશ તહીં પ્રેરિયો છે.

સમજમાં થતો જે સહજ એ ઉજાસ,
પ્રભુ આપની ચેતનાનો પ્રતાપ !
પૂરેપૂરું હૈયાથી મેં દૃઢ કર્યું છે,
એથી જ હૈયું સહેજે ઠર્યું છે.

સખા ! આપ મારા કહ્યું જે થયું તે,
બસ જ ખાલી રે'વા નિવેદ્યું તમોને,
સ્વીકારી પ્રભુજી જ પ્રેરી જ હૈયે,
રૂડો ભાવ તારો ઠરજો જ હૈયે.

મનમાં પ્રભુ જે વિકારો જ જાગે,
વળી એ રસ્તે ત્યાં પડીએ રહે છે,
એવે જ ટાણે જગવી કૃપાળુ,
નિવારવાને બળ દો અનેરું !

કૃપાશક્તિ તારી વિના કૈં ન મારું,
પ્રભુ ક્યાંયપણ ના આ ગાડું,
પૂરો જ નિર્બળ પ્રભુ હું રહ્યો છું,
વળી પાજી થૈને જીવતો મર્યો છું.

થતાં સહેજ તારી કૃપાદષ્ટિ ત્યાં જ,
સફાળું જગાતું બને નાથ ત્યાં જ,
અને એવા એવા બને જ્યાં બનાવો,
પ્રભુ એથી વળવાનું બનતું જ સહેજે.

થયા દિન છ આજ પૂરા પ્રભુજી,
વસ્યો મંદિર હું તમારી કૃપાથી,
થયું ભીતરે શું કશું કૈં ન જાણું,
પરંતુ પ્રભુ આપનો સ્પર્શ માણું.

વિના એ અહીં એક ક્ષણ ના જ જાય,
બધું એ જાણ્યું જ મેં જ ત્યાંય,
વીતાવ્યા પ્રભુ દિન આનંદમાં જે,
સમર્પું તમોને ચહી પ્રેમભાવે.

હજુ પ્રેમભાવ પૂરો છે ન જાગ્યો,
વળી એ રહ્યો છે બીજે રાગ લાગ્યો,
વળી જાય છે એ સંબંધે ફસાઈ,
જઉં વિસ્મરી હું બધું ત્યાં ત્યાંથી.

પ્રભુ સર્વ સંબંધમાં આપ જાણું,
બને કૈં જ તેમાં હરિહાથ ન્યાળું,
પ્રભુજી તમારી મૂર્તિ સમીપે,
હું ધારી તમોને કહું છું પ્રેમે.

ના મૂર્ત છો રૂપમાં હે કૃપાળુ,
છો આ નિર્બંધરૂપે દયાળુ,

સમગ્રે જ સ્પર્શો અને સ્થાપો હૈયે,
પ્રભુ એવું રૂપ છે તમારું અનોખું.

હરિનામની ધૂન હૈયે જગાવો,
અને પ્રેમનામે સદા મસ્ત રાખો,
હરિઃૐ હરિઃૐ રટાયું જ ભાવે,
પ્રભુ એ કૃપા હું હૃદે ધારું ત્યારે.

બને ધ્યેય એક જ થવું તુજરૂપ,
અને એકમેળ થવા ત્યાં મથું હું,
પરંતુ હૃદે રાગ મોહે પડેલો,
થશે ક્યારે વહાણું ન જાણું હું ત્યાં,
નથી ધ્યેય વિશે પૂરી ત્યાં જ નિષ્ઠા,
વળી એ જ કાજે નથી કૈં તમન્ના,
એથી બધું જે ખટકે જ ગાડું,
પ્રભુજી હૃદેથી બીજું શું જગાડું !

દીધો સાથ મુજને પ્રભુ આજ સુધી,
મને તેં નભાવ્યો પ્રભુ પ્રેમ ધારી,
ખરો 'પ્રેમી' 'મસ્તાન' તું છે દયાળુ,
નહિ તો પડી જાત ખાડે જ ત્યાં હું.

❑

# ૭૪. થઈ જ વલે

પ્રભુ, મોટા તે થઈ જ વલે, મુજની કેવી અંતરે હા !

પડેલું જે ઊંડું વિષ બધું ઊછળતું આવતું કંઠ સુધી,
વળી ઊછળીને એ ફરી વળે અહીં તહીં અને ત્રાસ આપે બીજાને,
નથી ઉતારાતું પ્રિય પ્રભુ મુજથી છેક પાજી મૂઓ હું,
ઉગારો હે વહાલા, મુજ દૃષ્ટિને દાન દઈને રૂડું જ.

બધાં મારું માને, પડી રહેલા આગ્રહો જે ઊંડા તે,
વળી જે હું માનું બધું જ રહ્યું છે સાચ એવું જ ધારી,
વળી માની તેને અવરજન સૌ આચરે એ જ રીતે,
પૂરેપૂરું છે આ મુજ જીવનનું બહુ જૂનું ઝેર આ તો.

પછીથી જાગું છું - પ્રભુકૃપા થકી, કિંતુ તોયે પહેલા,
દુઃખી દુઃખી સૌને કરી દઈ અને જે બગાડી હું નાખું,
છતાં સહેજે ઓછું નથી થતું પ્રભુ વૈર તો ખૂબ ઊંડું,
ભીંસે છે જે મુને તદપિ ન છૂટતું ના કંઈ કરી ફાવે.

પ્રભુ, હે મોટા, આ મુજ જીવનને ન પ્રત્ય કરીને,
ઊંધું વાળી દે છે મુજ જીવનની પોલ તે ખુલ્લી પાડે,
પરંતુ એથી શું નહિ ઊઠી શકાયે ત્યાં સહેજે પછી તો,
મુંઝાયો છું એથી વીનવું પ્રભુ તું સહેજ શાતા જ દેજે.

કહેલું આપે કે ‘કંઈ નથી રહ્યો લાડવો આહીં બચ્ચાં’,
છતાં શાને તું ત્યાં પડી રહ્યો છે માનીને નિજનું આ !

છતાં સદ્‌ભાવે રહી જીવી અને સૌમહીં છે વસ્યા છે,
'પ્રભુ' ને નિહાળી બની રહી શાંત જીવી બતાવી.

ભૂલેલો આ હું વાત કરી નહિ શક્યો એ જ અભ્યાસ પાકો,
થયો એથી મારો જીવનતણો આ ભોંય પર ભવાડો !
અને હું રાગે ને પડી રહી ઊંડી મોહ વિશે દટાયો,
અને જ્યાંથી જાગ્યા તહીંથી ઊઠવાની શક્તિ તો ત્યાં હણાઈ.

'ગુરુ' સૌમાં જોવા વરતન થકી સૌ જનો ચેતવે છે,
પડ્યા રૈને ખૂણે પ્રભુ સ્મરણમાં સહેજ રહેવાય ના તે,
પૂરેપૂરા ચૂરા નિજ અહમ્‌ના ના થયા તો પછી શું,
ખરું છે એ તારે વરતી જીવવું એ જ યોગ્ય ધાર્યું.

સુખી જાતે થાવું - હરિપદ વિના શક્ય ના કોઈ કાળે,
નહિ કોઈ માને જીવનમહીં સૌ મસ્તીમાં નિજ રે'શે,
બધાં છોને વહેતા નિજ નિજ સ્વભાવને જવા દે,
અને તું છોડીને નિજ સ્વભાવે ગુણધર્મો પડ્યા છે !

મૂક્યા વિના ક્યારે થઈ નહિ શકાયે ખાલી હૈયામહીં તો,
પરંતુ જ્ઞાનેથી હૃદય ધરી પ્રભુને, ભાવથી કહી જ દૈને !
અને રીતેથી પ્રભુ થઈ તું આત્મીય બેઠો,
હૃદે ઊંડે ઊંડે થઈ રહો પ્રભુ ભાન તો જ કાળે !

રહ્યું સંબંધોમાં ખેંચનું જે પ્રમાણ,
અને છે એ નિશ્ચે મોહનું પરિણામ.
પૂરો ડંખ્યા વિના જીવનમહીં ઊંડો મોહ તો ના જ છૂટે,
પૂરો ડંખવાને બની રહી જશે આ બધી જે સ્થિતિ છે.

'બડું આવી જાશે અને તહીં જ જો ચેતીને ના જગાયું',
પૂરેપૂરી સ્થિતિ કદી નહિ ટળે ને ઠરીઠામ રે'શે,
ફર્યો છોને તું હો ગોળ ગોળ ઘાંચીના બેલ પેઠે,
મીંચી આંખો જીવ્યો પછી થઈ શું શકશે મુજથી હે તને ના.

પ્રભુ મોટા આપે વચન દઈને અંતરે શાંત કીધો,
નથી કિંતુ થાતું મુજથી પ્રભુ હે શક્તિના અંતરે છે,
પ્રભુ શક્તિ પ્રેરો વીનવું તમને અંતરે મુજને કે,
ધરી શાંતિ હૈયે રહી જ શકવા પ્રેમભાવેથી આહીં.

નથી રોવું મારે જગજન થકી ક્યાંય ક્યારે પ્રભુજી !
હજી પૂરેપૂરું નથી હૃદયને લાગ્યું એથી મુઝાયો,
તને પૂરેપૂરો હૃદયમહીં ના જાણ્યો એથી ફસાયો,
ખરું માન્યું છે આ જીવન અને આ સર્વ સંબંધ જવા.

❑

# ૭૫. ગુરુવંદના

અહો અહો શ્રીસદ્‌ગુરુ કરુણાસિંધુ અપાર,
આ પામર પર પ્રભુ કર્યો અહો અહો ઉપકાર.

સૌ પહેલું તો થયું નિજના દંભનું ભાન,
ડંખ ઊંડો લાગિયો - એય ઘણો ઉપકાર.

એક પછી એક જ ઘણા દંભતણા જે પડ,
દેખાડીને કીધી કૃપા શું કહું તુજને નાથ !

વળી અહમ્‌નું ભાન ના શું છે મુજમાં ત્યાંય,
એક ઈશારે આપના અહમ્ ઊછળતો નાથ !

કીર્તિની તો એશણા ભરી પડેલી નાથ,
વખાણ ખોળી ખોળીને પડતો ખાડી માંહ્ય.

ભાન ના તેનું લેશ પણ હતું જ અંતર માંહ્ય,
કેવો જગવીને મને બતાવ્યો તેં રાહ.

બુદ્ધિના ચમકારમાં આનંદુ જ્યાં નાથ,
એની ચતુરાઈ બધી દેખાડી તેં નાથ.

યુક્તિ, પ્રપંચ, દંભમાં દલીલ બનાવે એમ,
વેશ્યા જેવી રીત જે જાણે કશું નવ એહ.

મનના સર્વ વિકારને ટેકો દેતી નાથ !
એવી ચાલાકી પ્રભુ ! ખુલ્લી કરી છે આપ.

તોય ન ચેતું હું પ્રભુ ! વર્તનમાં ડગ જાય,
ત્યાં જ મને ધક્કો દઈ, રોકી લેતાં નાથ.
વિષયવૃત્તિના વેગને મૂળથી વાળ્યો નાથ !
અહો ! પ્રભુ કૃપા ઘણી મૈત્રી પામ્યો નાથ !
લગ્ન પછી તો બેઉએ રહેવું બનીને 'એક',
દિલ જો 'એક' બને નહિ તો નકામું છેક.
આપે એ ભાવના હૈયે જગવી નાથ,
બન્ને આપ કૃપા થકી પામ્યા સુખનું રાજ.
કાદવના કીડા બની ખદબદતા'તાં જ્યાં,
હવે તહીં જાતાં પ્રભુ, દાઝી જાતાં નાથ !
વિચારનો મુજથી હવે બનતો ના બળાત્કાર,
એવા ઉલ્લાસે રહું લેશ ન બળતો નાથ !
હજીય રાગાત્મક ઊંડી, માલિકીનો ભાવ,
સુખ અપાવા કાજ હું રાખું અંતર માંહ્ય.
પ્રભુ તમે સુણજો હરિ આપ જ એક સહાય,
એમાંથી જો છૂટી જઉં તો તો બેડો પાર !
બને પ્રસંગો એહવા, ચેતવવાને કાજ,
પણ શિક્ષા પામ્યા વિના ગુમાવતો તે કાળ.
ક્ષણિક આવે સૂઝ પણ ચાલી જાતી ત્યાંય,
શું કરું હરિ હું હાવાં નથી ભૂમિકા ત્યાંય.
મારું સાધન એક આ, સન્મુખધારી નાથ !
તમને કહું સઘળું બધું પાર ઉતારો નાથ !

નિશ્ચય છે અંતરમહીં, વચન તમારું નાથ !
ફળ્યા વિના એ નહિ રહે, શ્રદ્ધા ઊંડી નાથ !

હે મોટા ! આપ જ સદા નીરખી રહેતા નાથ !
કિંતુ વિમુખ અમે રહ્યા એથી ભટકણ થાય !

કર્મ થતાં હજી પ્રિય પ્રભુ, હેતુનું ના ભાન,
નહિતર રળતર ઘણું હતે - ગુમાવી દીધું નાથ.

ભલે હૃદયમાં ભાવ ના, ઉત્કટ દિલ ન થાય,
છતાં સ્મરણ તારું રહે એ ઉપકાર અમાપ.

મુજ હૈયાને વહાલમાં, ભીનું બનાવો નાથ !
દિલ સદા ચોંટી રહે, ચરણ આપનાં માંય.

આપ કૃપાથી પામિયો, સર્વ સુખ જે સાથ,
સભાનતા એની રહો, મળ્યું એ વરદાન !

લક્ષ્મીની જે થઈ કૃપા, વૃદ્ધિ પામી નાથ !
યોગ્ય કાળ જ્યાં પાકતાં કેવું બનિયું નાથ !

ભાન સદા હૈયે રહો, બધું પ્રભુનું હોય !
નિજની માલિકીતણો કદી કેફ ના હોય !

સાનુકૂળતા સર્વ થતાં, કર્મ વિશે રત રહે,
ઉપાસના પ્રભુ હું કરું, અક્ષરરૂપની તહીં.

ફાવ્યું છે સાધન પ્રભુ અભ્યાસેથી થાય,
એમ ઠરાવ્યો હે પ્રભુ, આપે અંતર નાથ !

મુજ હૈયે ધબકી રહો, ચેતનનો ધબકાર,
હૈયાથી બોલી રહું, તારો જયજયકાર !

તારા બિરુદને પામીને ધન્ય બન્યો છું નાથ !
એને યોગ્ય બનાવીને દિવ્ય બનાવજે ત્યાંય !

❑

## ૭૬. હૃદય જ તારું ધામ

હરિ ! આ હૃદય જ તારું ધામ, મને ત્યાં સંભળાવો તુજ નામ.

વળી વળી હૈયે મુજ પર વાળો,
એને ત્યાં હરિ ઠારો,
રસ લગની પ્રભુ એને લાગો,
એવો લળી લળી કરતો દાવો
મુજને હાથ ગ્રહી લો નાથ
હવે તો જીવવું તારે ધામ

જીવી જીવી જગમાં મરવાનું
એ જીવ્યા શું કરવાનું ?
બાંધી મૂઠી ખૂલતાં સઘળું
રાખ બની જાવાનું
એથી મરી જિવાડો નાથ
મુજને ચરણે ઠારો શ્યામ !

હૃદયતણાં છેક જ ઊંડાણે,
તું અંધારાનો રાજા,
મિત્રભાવથી બૂમો પાડું
વહાવ પ્રેમની ધારા !
હૈયું સઘળું સ્થિર બનાવી
છેક જ ઊંડે મને ટકાવી
પછી શું બોલું ત્યાંય ?

સ્થિર-શાંત એ મુજ મહેલે હરિ
પ્રવેશ પ્રેમે દેજે
શાંતભાવનું દાન દઈને
જે કહેવાનું કહેજે
પછી તો મારે કશું ના કામ
જાણે મળી ગયો મુકામ !

❑

# ૭૭. દિલોજાન દોસ્ત

દિલોજાન મુજ દોસ્ત તું એક જ, તારી દિલોજાની,
અણી ઓપટી આવી જ્યારે બૂમ મેં તુજને પાડી !
દોસ્તી તેં તો ખરી નિભાવી - પડખે લીધો વાળી !
હવે શું મારે વિચારવાનું - કહી છે કથાય સારી.

બધી પળ તું સંગે પણ, મેં લીધું'તું મુખવાળી,
તોય તારી વફાદારીની ખરે જ સુગંધ માણી,
એક જ કૉલ ધરેલો તે તો કેવો લેતો પાળી,
હવે તને બધું કહી દઉં - સાથે છે એમ જાણી !

સઘળાં બોલ ને કોડ જીવનનાં તેં જ ઉતાર્યા પાર,
તોય ટોપલો માથે મૂક્યો ને ખૂબ નાચ્યો દિનરાત !
ના તેં લીધું મન પર કશુંયને સહેજે ઉતાર્યો ખ્યાલ,
અંતવેળાએ પડખે લઈને કરજે મને તું ન્યાલ !

પાકી ખાતરી મુજ હૈયાને, પૂરી પ્રતીતિ પામી,
ગોઠડી તારી સંગે કરીને, સોંપી પોટલી સારી,
હવે જ મસ્તીમાં રાચું, આપણી દોસ્તી પાકી,
જે કૈં અહીંયાં બાકી રહે તો ચૂકવજે તું મુજ સાથી !

❑

# ૭૮. 'મારા' ઓથી મરાયો નાથ

આ 'મારા'ઓથી મરાયો નાથ !
હું તો અમૃત દ્વારેથી હેઠો પડ્યો !
કૃપા કરી પ્રભુ આપે આજે,
જેથી નિજનો દોષ ભળાયો.
રાગદ્વેષના આ 'મારા'ઓ
છૂપા રહેલા ઊંડા
એણે આવી દોરી લઈને
પૂરે પૂરો પછાડ્યો.
ભીરુપણું થયું છતું પ્રભુજી !
મોં તારાથી ફરે ફરી ગયું.
ભૂલ્યો ભટક્યો કેવો લાગ્યો,
હતો હું પહેલાં જેવો.
કર્યું મેં ધૂળધાણી આ,
કેવું રૂડું તેં ચીતરેલું.
કયે મોંએ ક્ષમા માગું,
જાતે જ હું પછડાતો.
સમજણને સમજાવાના જે
ફાંકા તોડી - ફોડી,
નંખાયા એથી તો થવાતું હળવું મારે,
પણ નિજનું માનીને એને
પકડી બહારથી તૂટી જવાયું !

ખરે હરિ ! આ તપની વેળા,
પતન બનીને વકરી.
ક્યાંનો ક્યાં જઈને દોડ્યો,
ફંટાયો - છોલાયો - તોય
તંત ન એનો છૂટ્યો,
મતાગ્રહોના માન્યતાઓના
મડાગાંઠના કેવા ભીષણ રૂપે
લીધો ભરડો જાતે જાત મુઝાયો !
આ જગ જુઠ્ઠામાં તો ક્યાં
થવાનું સાચું જૂઠું !

નિજના નિજના સ્વભાવમાં દોડ્યા,
હુંયે સ્વભાવ વશ થયો.
ભાન ન જાગ્યું તરત,
એનો હાયકારો હવે લાગ્યો.

તારા વિના ભીતરની મારી,
કથા કોને જઈ કે'વી
એથી ચરણમાં હું બેસું છું,
ભલે હું રેજી પેંજી
ચરણે પૂરો નથી ઠર્યો,
એનો આ ભોગવવા.
આવ્યો વારો એનું,
મને ભાન થયું છે કેવું !

ગમે તેવા ભલે કરું,
પ્રભુ ! તારી સન્મુખ બબડાટ
મેં જ સામે ચાલી જઈને
વાળ્યો કેવો દાટ !

દેહ ટક્યો છે તુજ ચરણમાં,
શરણે રે'વા નાથ !
એને કીચડમાં ફેંકીને
નાશ ન કરવો નાથ !
શ્વાસ દીધા તેં એને
આવી રીતે શેં વેડફવા ?
દોડી-ભાગી ક્યાં ન જાવું,
રહેવું તારાં ચરણમાં.

ચરણે તો પકડાયા સહેજ ત્યાં,
છૂટી છટકી ભાગ્યો.
અહંકારનો ફાંકો કેવો,
મુજને તોડી પાડ્યો.

મારું તો બળ કશું ના
ના કંઈ શક્તિ મુજમાં,
આત્મશક્તિ વાત જ ક્યાં રહી ?
ભટકતો પડ્યો ભોંયમાં.

હો પ્રભુ ! આ તો કૃપા પ્રસાદી
ભાન થયું નિજનું જ્યાં,

અરે ! સાલા ! હરિ વીસારી
આ તું ક્યાંનો ભિખારી ?

સુખ-આનંદ ને શાંતિ દાતા
આપ પ્રભુ એ ભૂલી,
ક્લેશ-કંકાસના આ દરિયામાં,
જાતે ડૂબ્યો ભારી !

કક્કો મારો ખરો કરાવવા
માથું ભલેને ફોડો,
પણ અહીં ના કંઈ કશું થવાનું
એ ભુલાતાં જો, થયું !

વક્કર કોઈનો કદી રહ્યો ના
તોય માથા પછાડ્યા,
હવે વળીને શરણે ઢળ્યો
પ્રભુ હૈયે શાતા પ્રેરો.

સહુ સહુના તાનમાં જીવે
મારે તારા તાનમાં રે'વું,
તાણ બધી મૂકીને મારે
પોટલી મૂકીને સૂવું.

અરે ! અરે ! આ કેવો ઊંધો
વેપલો માંડી બેઠો.
સઘળી ખોટ ખાધી તોપણ ના
છોડી વેપાર નાઠો.

સાવ દેવાળિયો બન્યો તોય
પણ શાહુકાર બન્યાનો ફાંકો,
તેં દેખાડ્યો પ્રભુકૃપા આ,
એ ચમકારો માણ્યો.

વાત નહિ કૈં ન કઈ વાત
માલ કશો તોય જાણે
ભંડારો છે એવા ખ્યાલ
ન્યાલ થવા બજારે
તોલ માપ જ્યાં સઘળાં જુઠ્ઠાં
તાલેવાન થવાને
બેઠાં એનાં-લક્ષણે વાગ્યા
તોય સીધા ના બન્યા.

મારી વાત સુણીને
આવા અહંકારને મારા
તારા શરણે ઢળી જવાને પ્રસંગ
પ્રેર્યો વહાલા
એનું હાર્દ ભૂલીને ભમરી ગોળ
ઘુમાતા પડિયો.
હાથ ગ્રહીને તમે ઉગારો,
એ જ રહ્યો છે આરો !

ત્યજવાના જે રાગદ્વેષના રૂપમાં
પડેલાં જાળા

'મારા' પણાનો માર પડે,
તોય ન વાતાં વાણાં.

બાહ્ય ત્યજ્યેથી મૂળ કદીયે નહિ,
જાય એ ઓ ભૂંડા !
ગામને શીખવ્યું તું જ અભણને
ગમાર બન્યો ઘો ઠૂંડા.

ઠૂંડા જેવો ઊભો રહીને,
આ શું ધાર્યું મનમાં
મનમાંથી બધું ખંખેરીને
વાળીઝૂડી રાખ કરી જે
ખાખી બની જા ભીતર.

❑

# ૭૯. સમય હવે છે થોડો

સમય હવે છે થોડો સમય હવે થોડો
બાકી વેષ તે છોડો - બાકી વેષ તે છોડો.

'હું' 'હું' 'મારું' કરી કરી વીંટી રાખ્યું જે તેં
તુજ નહિ જ્યાં કોઈ સંબંધે શાને કરતો 'મેં' 'મેં'
પિતા-પતિના વેષ જ કેવા ! પછી કોણ જ્યાં તારું,
દેહભાવના સઘળા ચાળા, ક્યાં લગી તેં રાખ્યું ?
દેહ પડ્યાની વાર ન લાગે - તો પછી મૂક પૂળો !
સમય હવે છે થોડો.

રહી એકાંતે કાળને સાથે લઈને સ્થિર બની જા,
ભરી રહેલું સઘળું જે કંઈ જાય તે જોતો જા.
મૌન રાખીને વિચાર-વૃત્તિ શાંત થવા દેતો જા,
કૃપા વરસતી અનુભવીને સીધો દોર થતો જા.
આમતેમ, મળવા-હળવા, દોડા-દોડીને જોવાનું સૌ છોડો.
સમય હવે છે થોડો.

એક ખૂણામાં પડી રહીને બાહિર-ભીતર બની રહ્યું જે,
ચૂપ બનીને જોયા કરવા શક્તિ તું માગી લે.
'તું' નથી સોંપ્યું છે મેં, દાસ બનીને રહેજે,
અન્ય સંબંધો 'તું'રૂપ છે તેં જ 'માનેલા' જે
એક જ ઝટકે શરણે પડીને 'તારા'ને મૂકીને છૂટો.
સમય હવે છે થોડો.

❑

## ૮૦. હળવે હળવે હળવે હરજી મારે હૈયે આવ્યા રે

હળવે હળવે હળવે હરજી
મારે હૈયે આવ્યા રે-
હરખે હરખે હરખે અંતર
એવી શાતા લાવ્યા રે...હળવે

હરિજી એ તો ગુરુજી રૂપમાં
સંત સ્વરૂપે પ્રગટ્યા રે
હૈયે સ્મરતાં સહેજે સહેજે
મનને શાંત બનાવ્યા રે...હળવે

શીતળ વાયુ વાયો ત્યાં તો
કેવા લહાવા લાવ્યા રે
કંઠ મહીંથી જાણે ઊતર્યા
મધુરસના એ પ્યાલા રે...હળવે

રસના પણ એ રસ ના જાણે
નયન ન નીરખે પ્યાલો રે
હ્રદય પ્રદેશે ફરી વળે ત્યાં
જાણે રીઝ્યો વહાલો રે...હળવે

❑

હરિ:ૐ

## ૮૧. પ્રભુ ચરણમાં ઠારજો

સદા સંગે રહેવા
સતત મથવા
શક્તિ પ્રેરો હરિ હે !
વિશુદ્ધિ જે પામ્યો,
કરવા કૈં જ ના જે
થવા દેવાકેરો
ટકવા ભાવ
શાંત પાડો પ્રભુ, હે !
શમાજો સૌ જે એ
તરંગો બુદ્ધિના
કુટિલ-કટુતા
સર્વ ઠરજો ચરણમાં.

❑

## ૮૨. ક્ષણનો સાક્ષાત્કાર

શેઢી નદીકેરા દખ્ખણિયા ઓવારે,
આથમણે કોરથી ઊઘડ્યા.
સોનેરી કિરણોથી ભર્યા ભર્યા આકારો,
પો ફાટ્યાના ઓસાણ છૂટ્યા.

ઊર્ધ્વે રહ્યા મૂળિયેથી વડવાઈઓ ઊતરી,
ને ભોંયમાં ભરાવ્યા મૂળ-મુખડાં.
રસની ત્યાં રેલમછેલ એવી જામી કે,
પાંદડાં 'બોલું-બોલું' થાતાં.

ભીતર જ્યાં નીરખ્યું ત્યાં ભીડ ભીડ ભારે,
તોય ધક્કો ન લેશ પણ લાગે.
'એકલાં' છતાં ત્યાં સંગાથે કો'ક - એવો,
પૂરો અહેસાસ રહેતો લાગે.

અચરજ અહીં કેવું કે વહેતી નિરંતર,
સ્મરણ ગંગાની ધોધ ધારો.
ઊભો હું અહીંયાં હરિ દ્વારે,
જ્યાં ભવરણથી છૂટવાના આરા.

અહીંયાં ના કોઈની આવન-જાવન છે,
ભરી ભરી શાંતિનો દેશ.
પ્રગટી ભીતર રહ્યો પ્રસર્યો એ વહાલમો,
અદ્‌ભુત અગોચર વેશ.

❑

# ૮૩. પ્રભુનો સાદ

હું સર્વત્ર વિદ્યમાન
હ્દયથી પૂરેપૂરું તું માન.

દુઃખ નહિ પણ દુઃખનું કારણ ઊઘડે એ 'હું' જાણ,
ઉકેલ માટે મંથન જાગે ત્યારે 'હું' તે પામ...હું

પ્રાણમહીંના સકળ પ્રવાહો ફંટાતા તેને ન્યાળ,
ગતિશક્તિના રૂપ 'હું' છું જ ખરું પ્રમાણ...હું

ચૂરેચૂરા થાતાં લાગે 'માન અને સ્વમાન',
ભેદ નહિ ત્યાં ક્યાંય કશાનો 'હું' જ રહ્યો છું ત્યાંય...હું

હ્દય વિશે તુજ આત્મારૂપે સઘળે જે પ્રસર્યો નાથ,
પરમાત્માને પરાત્પર જે પરબ્રહ્મ તે માણ...હું

અણુમહીં હું જ આતમ, પરમાણું તું ધાર,
સતત ઘૂમી રહ્યું બ્રહ્માંડે, પ્રેમસ્વરૂપ તે જાણ...હું

'તું' તે 'હું' છું એ જ અનુભવ મારો છે તે માન,
'તું' જ્યારે 'હું' રૂપ બને તે જ ખરું છે ધામ...હું

❑

## ૮૪. ગુરુજીનાં વહાલ

હે જી મારા ગુરુજીનાં વહાલનો નહિ પાર
વહે છે એ તો અંદર-બહાર આરપાર.

સ્મરણમાં ધારું ત્યાં તો દોડી આવીને મુજને,
ઊંચે ઊંચે ઉછાળે એવું વહાલ.
ઘડી ઘડી હૈયે ચાંપે ઠંડી-મીઠી ચૂમી આપે,
રસનાને ભીંજવે હારોહાર-
કળ્યા કળાય નહિ ને નજરે નીરખાય નહિ
એવા ગુરુનું રૂપ તો ભાવ.

વળી વળી સામે જુએ નજરમાં અંજન આંજે,
દૃષ્ટિને ઠારે એવું કૈંક થાય.
નીચે ઉતારી એ તો કંઠે વળગીને વીંટે
વહાલપનો દોર કેવો તાર !
આવું ભલે ઘડીક પામું એથી તો હું ધન્ય બનું ગુરુજીની
ઝાંખીનો એ સાર.

❑

# ૮૫. સદ્‌ગુરુના શા ગાઉં ઉપકાર

સદ્‌ગુરુના શા ગાઉં ઉપકાર !
એણે કરુણાથી ઠેલ્યાં દ્વાર

વરણવ્યું જાય ના એવું રૂપ ધરી
હૃદયે જીવે છે મારો નાથ.
સહેજ સહેજ વળીને ન્યાળું ભીતર
ત્યાં અગમનિગમ એનાં કામ...સદ્‌ગુરુ

દિલથી બોલી બોલી અર્પું ચરણમાં,
જ્યાં ફૂલડાં બની જાતી વાત.
ગમે તેવી ગ્રંથિ-ભીડે તોય જો સોપાતાં
પલકમાં ઓગાળી દે એવી સાન...સદ્‌ગુરુ

છેક જ પામર એવા જીવડાને એણે
દેખાડ્યું ત્રીજું ગૂઢ દ્વાર.
સહેજ દ્વાર ઠેલાયું ત્યાં અપાર તેજ ભર્યા
તારલાના ઝૂમખાં ઝૂલે ત્યાંય...સદ્‌ગુરુ

❑

હરિ:ૐ

# ૮૯. ફૂંક

રાખ ઓઢીને છુપાયેલા અગ્નિને પ્રગટાવે-ફૂંક !
જિજ્ઞાસાનો અગ્નિ પ્રગટે એનું કારણ ચિંતન-ફૂંક !

આ ફુગ્ગામાં હવામાં ભરીને ભમ્મ બનાવે ફૂંક !
આશા, ઈચ્છા, તૃષ્ણા તાણે એનું મૂળ છે ફૂંક !

બંસરીમાંથી સૂર વહાવી ડોલાવે છે ફૂંક !
શરણાઈના સૂરે એ તો ધ્યાન લગાડે ફૂંક !

પ્રાણ થનગન પળપળ એ તો મૂળ સ્વરૂપે છે ફૂંક !
પ્રબળ શંખના નાદે પ્રેરે શૌર્ય હ્રદયમાં ફૂંક !

જતન ફૂંકનું બની રહે તો રૂડીરૂપાળી ફૂંક !
શ્વાસોશ્વાસની આવન-જાવન બની બેસતી ચૂપ !

શાંતરૂપે હરિ વસેલા નીરખી રહેતાં સુખ-
નીરખનાર જો નીરખાયા તો બધું બાજુએ મૂક.

બહાર પ્રગટેલા દીવડાઓને બુઝાવાના ફૂંક !
જીવનદીપને શાંત થવા દે સમર્થ એવી ફૂંક !

(પૂ. બાપજી-દાસાનુદાસજીનાં ચરણમાં સ્મરણ સાથે સમર્પણ)

❑

હરિઃૐ

# ૮૭. સ્મરણથી શાંતિ

(ગઝલ)

'તને સોંપી દીધું' બોલ્યો પછી ફરિયાદ શી કરવી ?
બધાં સુખદુઃખ દ્વંદ્વો સૌ વેદી વેદી ધીરજ ધરવી.

ધરું સમતા પરંતુ ક્ષણમહીં તેં તો ઊડીને ક્યાંય જતી રે'તી,
છતાં જાગી જવાતાંમાં સહજ રીતે પાછા આવી તહીં રે'તી !

હવે ચિંતા રહી છે શી ? સતત ચેતાવવાનું તેં,
કરીને જાગતો કરિયો નમું હું અંતરે તુજને.

દરેક જ દર્દની પાછળ રહ્યો છે શુભ હેતુ જે,
પૂરો સ્પષ્ટ જ બતાવે છે કરુણા તારી એવી છે !

ભલેને ન બને તત્કાળ છતાં મોડો જ દેખાય,
પરંતુ સ્પષ્ટ દેખાતાં હૃદય આભારવશ જ થાય.

'હૃદય' શું છે થતું હતું જે એનું સ્થાન ને સ્થિતિ,
અનુભવમાં જ આણીને લઈ લે વહાલથી મુજને.

અહા ! શાતા તહીં કેવી ટકે છે જેટલી ક્ષણ પણ,
સ્મરણ ઊંડું ઊંડું થતાં પરમ શાંતિ પ્રસરી રે'તી !

❑

# ૮૮. આ જાગ્યો મારો આતમરામ

હવે આ જાગ્યો મારો આતમરામ,
મારો આતમરામ

ઉત્પાતો ઊભરાતાં, જોતાં એને હેમખેમ,
તત્કાળ ચરણે એને સમરપી રે'તો એ જ,
સમજ્યો કે જોનારો છે આતમરામ.
મારો આતમરામ

હૃદયમાં શાતારૂપે નયનોમાં ઊંડે ઊંડે,
નવું નવું ન્યાળે એવો પ્રમાણે એ શું છે ?
અજવાળે બધું એવો આતમરામ.
મારો આતમરામ

એ દાવે છે બધું થાતું, ફરિયાદ નાવે પાછી,
સારું-ખોટું દ્વંદ્વ એવું શમાવે છે વાળી વાળી,
બધું થતું તોયે એવો ખુશરામ.
મારો આતમરામ

નિહાળ્યો આ નાવિક મારો નાવડામાં બેઠો કેવો,
વાયુ શાંત વહાવીને આનંદે ઉછાળે એવો,
હવે શેની વાત બાકી-વીતી ગઈ રાત.
મારો આતમરામ

❑

# ૮૯. આ ભવ ભેટ્યા સદ્‌ગુરુ

અવળાભાવે વીંટીવીંટી અનંતભવથી ભટક્યો,
આ ભવ ભેટ્યા સદ્‌ગુરુ ઉકેલ તો દર્શાવ્યો

નામરૂપના ચકરાવે જે પૂરેપૂરું ગૂંચવેલું
'મારું' 'મારું' ભાવ કરીને ઋણબંધે બંધાયું,
અંજન એવાં આંજી ગુરુએ બંધમૂળ બનાવ્યું.

મન, વચન, કાયાના યોગે ભાવકર્મની ગાંઠે ગાંઠે
થતાં કર્મનો 'હું છું કર્તા' એવા અવળા રાહે,
અંધ બનીને ખૂબ અથડાયો, તોય ન હું જાગ્યો.

ઋણ ચૂકવવા દેહમહીં આ મળ્યું જીવન છે રૂડું,
જે હપ્તેથી જે કો માગે અરપી અરપી છૂટું,
એવા મુક્તિસુખની સીડી ગુરુદયાથી પામ્યો.

'હું' મારું ને 'હું નહિ કર્તા' એવા ભાવ સહારે,
જાગી જાગી મથાતું જ્યારે જાણું ગુરુજી સાથે,

સથવારો આધારે માણ્યો એથી એને જાણ્યો,
'હું કોણ ?' એ આતમને જાણ્યો, નાણ્યો, સમજ્યો
માણ્યો ન હતો ક્ષણભર જેને એને શું અજવાળ્યો ?
ઋણ ચૂકવતાં એ ઊઘડતો - એ જ ગુરુ શું જાણે.

❑

## ૯૦. સમર્પણ

સહેજ વિખૂટો ના પડું પ્રભુ એવું દો વરદાન,
ભલે તરંગે દોડું તોપણ વાળી લેજો નાથ !

જનમજનમથી યાચક બન્યો ને માગ્યું માગ્યું જે કૈં
પણ જે લેવું માગી એ તો ચૂકી ગયો છું હું ભૈ !

હવે પ્રભુ હું લળી લળી તુજને વીનવું પ્રભુજી વારંવાર,
તારા સ્મરણે પળ પળ વીતે એવું કરજે નાથ !
દઈ દો દાન !

અંત ઘડીએ સાચવી લે જે વેળા સુણજે મારા બાપ !
કંઈક જનમથી ભટકેલાને પકડી હાથ લે બાથ !

મારા જેવાના તેં પ્રભુ ! પૂર્યા કેટલાય કોડ !
પણ તું વીસરાયે એક પળ તો કેટલી મોટી ખોટ !

જગવ્યો છે જ્યાં સહેજ ને હું પામ્યો જે ભાન,
જે જરૂરી જીવન કાજે આપી દીધું નાથ !

સાંજ ઢળી ત્યાં તેવી જ પળમાં ઉજાસ આપ્યો નાથ,
આ ઉપકારે સ્મરી સ્મરીને પાયે વંદું નાથ !

તારાં ચરણને સાહી સાહી શુદ્ધ બનીને નાથ !
સમર્પી શકું આ જીવનને એવું દો વરદાન.

❑

હરિ:ૐ

# ૯૧. પડશે એવા દેવાશે

કેવી કળથી ગુરુજી આપે વાત સમજાવી મોટી !
'આમ થશે કે તેમ થશે' એ સમજણ છે ખોટી !

પડશે એવા દેવાશે એ સમજણ છે સાચી !
ઊંડી વાત એ ઊતરી હૈયે થયો હું કેવો રાજી !

'શું પડશે ને શું દેવાશે !' - એ તો કાલની વાત,
આ જ મળી તેમાં જીવી લે સ્મરણનો રાખજે સાથ.

ભલે તરંગ જાગે જેવા તેવા સઘળા દઈ ચરણે,
એવી રીતના નિત્ય અભ્યાસે રે'વા મથું છું શરણે.

'કાંઈ થશે નહિ' એવા ખ્યાલે ભ્રમણામાં ના રે'જે,
જે કૈં બનશે નિશ્ચિત એ છે સ્વસ્થ બનીને રે'જે.

બધું બને તો સઘળું એ તો હેતુ સાથે રહે છે,
એક જ હેતુ આત્માનુભવનો છુપાયેલો શોધી રે.

ભય પામું કૈં પરિણામના વિચાર આવે જ્યારે,
પરિણામના વિચારને પણ સમર્પી દે'જે ત્યારે.

યજ્ઞ-સમર્પણનો જે સાચો સોદો કદી ન કરતો,
નહિતર યજ્ઞમાં અસ્થિ પડશે જરૂર સાચવી લેજો.

❑

# ૯૨. અનંતમાંથી ઊતરી 'આજ'

અનંતમાંથી ઊતરી 'આજ' સંભાળી લો મારા રાજ,
અનંતમાં એ વરી જશે...નવી આવશે આજ.

આજ મહીં છે સ્વરૂપ હરિનું ઝાંખી આપે નાથ,
અનંતને તો પ્રગટી રહેવું આજ સ્વરૂપે કાજ.

તરંગ લીલામાં ન દોડું - પાછો આવું આજ,
આજ મહીં એને સમાવી કાઢી લેવું કાજ.

એક જ કાજ જીવનનું રૂડું અર્પણ કરવા સાજ,
સઘળાં સાજ બસૂરા વાગ્યાં એને અર્પવા 'આજ'.

'આજ' મળી છે આજને જાણું, તાણું, માણું માંહ્ય,
તો વહાલાનો બની રહું શણગાર, પહેરાવે તાજ !

ધન્ય ઘડીએ આવશે નિશ્ચિત એવો ધરાતો ભાવ,
ચરણે માથું મૂકી યાચું સચવાજો મુજ આજ.

❑

હરિઃૐ

# ૯૩. અખંડ દીવો

હૃદયકમળથી એક વેંત નીચે,
જલ્યો એકાએક દીવડો,
એ જ્યાં ઝબક્યો ત્યાં ભડકાયો ક્ષણભર
પણ પરખીને રૂપ એનું હરખ્યો.
કેવો ઢબૂરીને પોઢ્યો'તો પૂમડે,
કોઈનાથી કળાયો ના પૂરો.
એક કેવી ગૂઢ અને ગજબની કળ થકી,
દર્શાવ્યો-પરખાવ્યો ગુરુએ.
શ્રીહરિ સદ્‌ગુરુરૂપે જીવે જ્યાં હૃદયકમળની માંહ્ય
એના પરતાપે અંજાયો - જોયો
ઓહોહો અનંત એવા આસૂરી બળોએ,
દોડધામ કરી ત્યારે ન્યાળ્યો.
જે જે અસૂરો 'પોતાના' માનીને પંપાળીને ઉછેર્યા
એને ઉચાળા ભરાવવા દીવડાએ કીધાકામ
ઊંઘમાંનાં, સ્વપ્નામાં, પ્રત્યક્ષ જાગતાં રે'તા
'હું' 'મારું' સમજ્યો જેને એના છૂપા વેશ પરખાય.
સદ્‌ગુરુજીની કરુણાથી સમજાયું આ તો છે અખંડ દીવો,
એ તો અસૂરોનો પીછો પકડવા પ્રગટ્યો છે કેવો.
આવા અખંડ દીવડાને નમી નમી ગુરુજીનાં ચરણોને ચૂમું,
સહેજ કંઈ વેદના પામું ત્યાં પ્રેમના શીતળ સ્પર્શ હું પામું.

❑

# ૯૪. હરિ છૂપા છે હૈયામાંય

સુતર આવે ત્યમ તું રહે, જ્યમ ત્યમ કરીને હરિને લહે,
વેશ-ટેક છે આડી ગલી, પેઠો તે ના શકે નીકળી,
અખા કૃત્યનો ચડે કષાય રખે કંઈ તું કરવા જાય.
(અખા ભગત)

પળ પળ સુતરું વહેતું જાય, આજને માણી લેવા કાજ,
હરિ છૂપા છે હૈયામાંય, લક્ષ ધરાજો તે પદ માંહ્ય,
પ્રગટરૂપે જે સદ્‌ગુરુ રહ્યા, એનાં ચરણે સ્પર્શતાં રહ્યાં.

અવળચંડી એ મતિ ફરે, અજવાળામાં ભમતી ફરે,
પેદા કરતી ભ્રમને જ્યારે તરંગ-કલ્પના પૂંછડાની વહારે,
એની સમજણમાં પૂળો મેલ, તું તારે દિલ હરિનો મેળ.

યજ્ઞ સમર્પણ ચાલ્યા કરો, આપ પુરોહિત-પદ તો ધરો,
યજમાન થઈને બેઠો પાસે, હવે પછી શું કરવું મારે,
નિશ્ચિંત બનીને શરણે રહું, એ જ પ્રસાદી દિલથી ચહું.

❑

# ૯૫. સંતકૃપા

મોહદશાની જડમાં ચોંટ્યો કેમ કરીને ઊખડું !
અકળામણનો પાર નહિ એ તુજ વિણ કોને કહેવું ?
અચાનક વંટોળ ચડ્યો ને સઘળાં કરણો ફટક્યાં,
એ પ્રબળ માયાનું ચક્કર ખૂબ ફંગોળે - લટક્યો.
ખૂબ અકળાયો-મુઝાયો ને પોકાર ગુરુને પાડ્યો,
સમજરૂપે ગુરુજી પ્રગટ્યા ભારે અચરજ પામ્યો !
મોહજડથી ઉખેડવાને માયાને ચગડોળે,
ભમાવ્યો તે પળે ન સમજ્યો માટે તું અકળાયો.
મોહ ચક્કરની ઘુમરડીમાં શ્વાસ થંભતો લાગ્યો,
ભય-ગભરાટે પ્રસ્વેદ છૂટ્યો વળી વળી તે થાક્યો.
આ તો કેવી અકળ પ્રસાદી - અગમ રહીને બેઠી,
સમજરૂપી પ્રકાશ ઓઢાડી શાંત નિદ્રા આપી.
'કોને કહું ને કોણ સાંભળે અગમખેલ અપાર',
શાં શાં તોડી સાધન સાધે પોતે પોતાની પાસ.
હૃદય વિશે છૂપેલા હરિને સદ્‌ગુરુ જીવી પરખાવે,
એના પ્રત્યે સન્મુખ થાતાં બધું પ્રતીતિ પામે.
સંતકૃપાથી છૂટે માયા પાંચે પાતક જાય જોને,
હરિની માયા બહુ બળવંતી, જંબૂરો એ જાણે જોને.
એ જંબૂરો છૂપો રહીને ખમ્યા પ્રમાણે આપે જોને,
પળ પળ એની કરુણાનાં નીર સાગરમાંથી ઝમતાં જોને.

❑

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિશે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

# લેખકનું સંપાદન-લેખન

**સમીક્ષા**

૧. જીવનદ્રષ્ટાનો અનુભવયોગ (૧૯૬૯)
૨. આનંદશંકર ધ્રુવની ધર્મભાવના (૧૯૮૩)
૩. અખા ભગતની જીવનસાધના (૧૯૮૩)

**ચરિત્ર**

૪. રાણી રાસમણિ (૧૯૭૦)
૫. સ્વામી આત્માનંદ (૧૯૮૧)
૬. શ્રીમોટા (૧૯૭૪)
૭. કિશોરોના મોટા (૧૯૭૪)
૮. પરમ પુરુષ પૂજ્ય શ્રીમોટા (૧૯૮૭)

**વ્યાખ્યાનો**

૯. ચિદાકાશ (૨૦૦૦ સંવર્ષિત આવૃત્તિ)
૧૦. ભોમિયા વિનાના ડુંગરા (૧૯૮૮)
૧૧. પૂજ્ય શ્રીમોટાનો જીવનસંદેશ (૧૯૮૩)

**અંજલિ**

૧૨. પદરજનો પ્રતાપ (૧૯૭૬)
૧૩. શૂન્યના સાથી (૨૦૦૦) વાર્તાંતર
૧૪. ઉત્તરરામચરિત (૧૯૬૮)

**ચરિત્ર-સંપાદન**

૧૫. પૂજ્ય શ્રીમોટા : માનાંજલિ-ભાવાંજલિ (૧૯૬૯)
૧૬. પૂજ્ય શ્રીમોટા જીવન અને કાર્ય (૧૯૭૪)
૧૭. ભગતમાં ભગવાન (શ્રીમોટાનું આત્મકથન) (૨૦૦૦)
૧૮. વસંતેબહાર (૨૦૦૦)
૧૯. સંતવાણીનું સ્વાગત (પૂજ્ય શ્રીમોટા સાહિત્ય અંગે)
૨૦. દીપશિખા (પૂજ્ય શ્રીમોટાએ લખેલી પ્રસ્તાવનાઓમાંથી)

**ગ્રંથસંપાદન**

૧૭ થી ૨૩. 'જિજ્ઞાસા' વગેરે શાસ્ત્રીય ગ્રંથો
૨૪ થી ૩૨. શ્રીમોટાની સાધનાકથાના ગ્રંથો
૩૩ થી ૩૮. મૌનએકાંત શ્રેણીના ગ્રંથો
૩૯ થી ૪૬. સત્સંગ શ્રેણીના ગ્રંથો
૪૭ થી ૫૦. અપ્રગટ પત્રો
૫૧. નામસ્મરણ (૧૯૯૫)
૫૨. ધ્યેય અને ધ્યાન (૨૦૦૦) વિવરણ-ચિંતન-અર્થઘટન
૫૩. આહુતિમંત્ર અને આરતી (૧૯૯૫)
૫૪. સમજની બારી (૧૯૯૫)
૫૫. હરિઃ ૐ આશ્રમ (૧૯૯૬)
૫૬. મોટા તો કોઈ ઓર છે ! (૨૦૦૦)

**સંસ્મરણો**

૫૭. 'મળાયું... પણ ભળાયું નહિ' (૧૯૯૫) શ્રીમોટા સાથે
૫૮. દાદાની દૃષ્ટિ (દાદા ભગવાન સાથે) (૧૯૯૮)
૫૯. દયાનંદ તીર્થની ઝલક-ઝાંખી (૧૯૯૯)
૬૦. મળ્યા-ફળ્યાની કેડી (શ્રદ્ધાકથા) (૨૦૦૧)

**સંક્ષેપ**

૬૧. સમજ (નવલકથા)
૬૨. પ્રેમયોગ (નિબંધ)

**દાદા ભગવાનના ગ્રંથોમાંથી સંકલન**

૬૩. સનાતન સુખ
૬૪. જીવનધર્મ
૬૫. પુરુષાર્થ ધર્મ
૬૬. વિષરસ-વિષ ? (૧૯૮૦ થી ૧૯૯૦)

**દયાનંદતીર્થ (દાસાનુદાસ)ના ગ્રંથોનું સંપાદન**

૬૭. ફૂલપાંદડી (૧૯૯૯)

૬૮. ફૂલમાળા (૧૯૯૯)

૬૯. ફૂલવાડી (૧૯૯૯)

૭૦. હિમાલયમાં દિવ્યાનંદ (૨૦૦૦)

૭૧. મૃત્યુનું આયુષ્ય (૨૦૦૦)

૭૨. શ્વાસમાં હરિનો વાસ (૨૦૦૦)

**પરામર્શ**

૭૩ થી ૭૫. 'વીણેલાં ફૂલ' ભાગ-૧-૨-૩

**અનુવાદ**

૭૬. દિવ્યકથામૃત (બાબા હૈડાખાન વિશે)

**સંપાદન**

૭૭. શ્રીમોટા સાથે હિમાલયયાત્રા (નંદુભાઈ)

૭૮. શ્રીમોટાની મહત્તા (નંદુભાઈ)

**હાસ્ય-કટાક્ષ**

૭૯. મોજ, મજાક અને મહેફિલ (૧૯૫૯)

૮૦. ગપગોષ્ઠિ (૧૯૬૮)

૮૧. હાસ્યરૂપ જૂજવાં (૧૯૭૮)

૮૨. હાથને કહો ચઢાવે બાંય (૧૯૮૩)

**વિવેચન-સમીક્ષા**

૮૩. ૩૭-સાહિત્યિક નિબંધો (૧૯૬૭)

૮૪. આસ્વાદન (૧૯૬૯)

૮૫. જીવનદ્રષ્ટાનો અનુભવયોગ (૧૯૬૯)

૮૬. પરિચયન (૧૯૭૨)

૮૭. વિલોકના (૧૯૭૬)

૮૮. સાહિત્યસભા-સમીક્ષા, '૬૯ (૧૯૭૩)

૮૯. આનંદશંકર ધ્રુવની ધર્મભાવના (૧૯૮૩)

**આરોગ્ય**

૯૦. શરીરસુખ (૧૯૭૭)

૯૧. સ્ત્રીરોગો પર બાયોકેમિક ઉપચાર (૧૯૭૮)

**કાવ્યસંગ્રહ**

૯૨. શ્રીમોટાના સથવારે

❑

॥ હરિઃૐ ॥